ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 19 સપ્ટેમ્બર 2026 શનિવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ -8

વર્ષ : 18
અંક : 80

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
સાઉદી અરેબિયાને 48 F-35 ફાઇટર જેટ વેચવાની અમેરિકાની મંજૂરી, ચીન સુધી ટેક્નોલોજી પહોંચવાની ચિંતા

4 
સ્વતંત્રતાનો સાદ કે વિખવાદ : યુનાઇટેડ કિંગડમ વિખરાવાની અણીએ

6 
અભિષેકનો ટી-20માં ઝંઝાવાત : 30 બોલમાં સદી ફટકારી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો

7 
ચાંદી ₹6474 મોંઘી, એક કિલોની કિંમત ₹2.36 લાખ: સોનાનો ભાવ 1809 વધ્યો, 10 ગ્રામ સોનું ₹1.54 લાખ થયું

NEWS BRIEF

દુકાનદારોની ચાલાકી નહીં ચાલે: 0.4% MDR ચાર્જ પર સરકાર રાખશે કડક નજર

ડિજિટલ પેમેન્ટ કરતા કરોડો લોકો માટે મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે 15 ઓક્ટોબરથી રૂ. 2000થી વધુના યુપીઆઇ(UPI) ટ્રાન્ઝેક્શન પર લાગુ થનાર 0.4 ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ(MDR)નો બોજ સામાન્ય ગ્રાહકોના ખિસ્સા પર નહીં પડે. નાણા મંત્રાલયે આ અંગે પેમેન્ટ એગ્રીગેટર્સ અને યુપીઆઇ સ્ટેકહોલ્ડર્સ સાથે બેઠકો શરૂ કરી દીધી છે, જેથી કોઈ પણ વેપારી આ ચાર્જ ગ્રાહકો પાસેથી વસૂલી ન શકે.



નવા નિયમ મુજબ 15 ઓક્ટોબરથી રૂ. 2000થી વધુના પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) ટ્રાન્ઝેક્શન પર 0.4 ટકા MDR લાગુ કરવામાં આવશે. આ ચાર્જ સામાન્ય ગ્રાહકે નહીં પરંતુ દુકાનદાર કે વેપારીએ ચૂકવવાનો રહેશે. રૂ. 75,000 કે તેથી વધુના મોટા ટ્રાન્ઝેક્શન પર આ ચાર્જની મહત્તમ મર્યાદા રૂ. 300 નક્કી કરવામાં આવી છે. સામાન્ય નાગરિકો દ્વારા કરવામાં આવતા રોજિંદા નાના વ્યવહારો અને એક વ્યક્તિથી બીજી વ્યક્તિ વચ્ચે થતાં (P2P) પેમેન્ટ હંમેશની જેમ સંપૂર્ણપણે મફત જ રહેશે. સરકાર સામે એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે કેટલાક દુકાનદારો સામાનના ભાવ વધારીને અથવા બિલમાં અલગથી ચાર્જ ઉમેરીને આ ફી ગ્રાહકો પાસેથી વસૂલી શકે છે. આ બાબતને રોકવા માટે નાણા મંત્રાલય એક ખાસ મોનિટરિંગ સિસ્ટમ તૈયાર કરી રહ્યું છે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ માટે એક સ્થિર આવક માળખું ઊભું કરવાનો છે.

પશ્ચિમ બંગાળની નંદીગ્રામ પેટાચૂંટણીમાં કોંગ્રેસ ઉમેદવારની ધરપકડ

મમતા બેનરજીએ આપ્યું હતું સમર્થન



પશ્ચિમ બંગાળના નંદીગ્રામ પેટાચૂંટણીમાં એક મોટો રાજકીય ઘાટ સર્જાયો છે. મમતા બેનરજીએ કોંગ્રેસ ઉમેદવાર મિલન પ્રધાનને સમર્થન આપવાની જાહેરાત કરી અને તેના થોડા જ સમય બાદ બંગાળ પોલીસે મિલન પ્રધાનની એક જૂના કેસમાં ધરપકડ કરી લીધી છે. આ પહેલાં મમતા સમર્થક ઉમેદવાર સંચિતા પ્રધાન ડેએ મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી સાથે મુલાકાત કર્યા બાદ ચૂંટણીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. પશ્ચિમ બંગાળની નંદીગ્રામ પેટાચૂંટણીમાં શુક્રવારે મોટો રાજકીય ડ્રામા સર્જાયો હતો. મુખ્યમંત્રી મમતા બેનરજી દ્વારા કોંગ્રેસ ઉમેદવાર મિલન પ્રધાનને સમર્થન આપવાના નિર્ણયના થોડા જ કલાકોમાં પોલીસે જૂના કેસના સંદર્ભમાં કોંગ્રેસ ઉમેદવારની અટકાયત કરી લીધી હતી. આ ઘટનાથી રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

મમતા બેનરજીના જૂથ તરફથી ઉમેદવાર બનાવાયેલા સંચિતા પ્રધાન ડે, કે જેઓ વ્યવસાયે શિક્ષિકા છે, તેમણે શુક્રવારે રાજ્ય સચિવાલય 'નબન્ના' ખાતે મુખ્યામંત્રી શુભેન્દુ અધિકારી સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ તેમણે પેટા ચૂંટણીમાંથી પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું હતું. ત્યારબાદ નંદીગ્રામમાં મમતા જૂથનો કોઈ ઉમેદવાર ન રહેતાં, મમતા બેનરજીએ ઈન્ડિયા (INDIA) ગઠબંધનને મજબૂત કરવાના હેતુથી કોંગ્રેસના મિલન પ્રધાનને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. ચૂંટણી પંચ દ્વારા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસનું નામ અને 'બે ફૂલ-ઘાસ'નું ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કરી દેવાના નિર્ણય પર મમતા બેનરજીએ કડક વિરોધ નોંધાવ્યો હતો. તેમણે તેને દેશના લોકતાંત્રિક ઈતિહાસનો 'બ્લેક ડે' ગણાવ્યો હતો. ચૂંટણી પંચે મમતા જૂથને 'મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' અને 'ફૂટબોલ ખેલાડી' ચિહ્ન આપ્યું છે.

28 વર્ષ બાદ મમતા બેનર્જી બંગાળ પેટા ચૂંટણીમાં નવા નામ અને સિમ્બોલ સાથે લડશે

કોલકાતા, તા.18

પશ્ચિમ બંગાળના રાજકારણમાં લગભગ 28 વર્ષથી પ્રભુત્વ ધરાવતી તૃણમૂલ કોંગ્રેસના ઐતિહાસિક ભંગાણ બાદ ચૂંટણી પંચે બંને જૂથોને વચગાળાના નવા નામ અને ચૂંટણી પ્રતીકોની ફાળવણી કરી દીધી છે. પક્ષનું મૂળ નામ અને પારંપરિક ચૂંટણી ચિહ્ન 'જોડા ઘાસ-ફૂલ' (flowers and grass) ફ્રીઝ કર્યાના બીજા દિવસે, ચૂંટણી પંચે 6 ઓક્ટોબરે યોજાનારી પશ્ચિમ બંગાળ વિધાનસભાની પેટાચૂંટણી માટે બંને પક્ષોને નવી રાજકીય ઓળખ આપી છે.

ચૂંટણી પંચના નિર્દેશ મુજબ શુક્રવારે સવારે 11:00 વાગ્યા સુધીમાં બંને જૂથોએ પોતપોતાની પસંદગીના ત્રણ નામ અને ત્રણ ઉપલબ્ધ ચિહ્નોની યાદી રજૂ કરી હતી. તેના આધારે ચૂંટણી પંચે પેટાચૂંટણી પૂરતી કામચલાઉ વ્યવસ્થા મંજૂર કરી છે.

વર્ષ 1998માં કોંગ્રેસમાંથી અલગ થઈને મમતા બેનર્જીએ તૃણમૂલ કોંગ્રેસની સ્થાપના કરી ત્યારથી હાથથી દોરેલું 'જોડા ઘાસ-ફૂલ' પક્ષની પાયાની ઓળખ રહ્યું છે. છેલ્લા 28 વર્ષમાં પહેલીવાર મતપત્રકો અને ચૂંટણી પ્રચારમાંથી આ પરંપરાગત પ્રતીક હટાવી દેવામાં આવ્યું છે. આ નિર્ણય સામે મમતા જૂથે તીવ્ર નારાજગી વ્યક્ત કરી છે. પક્ષના સાંસદ કલ્યાણ બેનર્જીએ આ આદેશને ગેરકાયદે અને કાયદા વિરુદ્ધનો ગણાવ્યો છે.

અમે આ આદેશ સ્વીકારતા નથી. તેમાં અસંખ્ય કાયદાકીય ક્ષતિઓ છે અને સાચા તથ્યો રજૂ કરવામાં આવ્યા નથી. જોકે, ચૂંટણી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને વચગાળાની વ્યવસ્થા તરીકે આપણે





તેનો કામચલાઉ સ્વીકાર કરવો પડી શકે છે. - કલ્યાણ બેનર્જી, સાંસદ, TMC

બીજી તરફ, બળવાખોર જૂથના નેતા, પશ્ચિમ બંગાળ વિધાનસભાના ચીફ વ્હીપ અને ધારાસભ્ય અખરુઝ્ઝમાન અન્સારીએ ચૂંટણી પંચના આદેશનું સ્વાગત કર્યું હતું.

અમે ચૂંટણી પંચના આદેશનો સ્વીકાર કરીએ છીએ. અલબત્ત, અમે જૂનું પ્રતીક ઈચ્છતા હતા. પરંતુ અમને પૂરો વિશ્વાસ છે કે અંતિમ ચુકાદા બાદ અમારા જૂથને જ પક્ષનું સત્તાવાર અને મૂળ નામ તેમજ પ્રતીક પ્રાપ્ત થશે. – અખરુઝ્ઝમાન અન્સારી, ધારાસભ્ય અને ચીફ વ્હીપ

મે મહિનામાં પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજયનો સામનો કર્યા બાદ પક્ષના સંગઠન અને ધારાસભ્ય દળમાં સત્તા સંઘર્ષ ભડકી ઊઠ્યો હતો. પક્ષના 28 વર્ષના ઈતિહાસમાં સર્જાયેલા આ વિખવાદના મુખ્ય તબક્કા નીચે મુજબ રહ્યા.

58 ધારાસભ્યોનો મમતા બેનર્જી સામે બળવો: પક્ષમાંથી હાંકી કઢાયેલા નેતા ઋતબ્રત બેનર્જીના નેતૃત્વમાં 58 બળવાખોર ધારાસભ્યોએ મમતા જૂથના ઉમેદવાર સોવનદેવ ચટ્ટોપાધ્યાયને બદલે ઋતબ્રત બેનર્જીને વિધાનસભામાં નેતા પ્રતિપક્ષ તરીકે ચૂંટી કાઢ્યા, જેને સ્પીકરે પણ માન્યતા આપી. વરિષ્ઠ ધારાસભ્ય અરૂપ રોયને સમાંતર નેતૃત્વના અધ્યક્ષ બનાવવામાં આવ્યા.

સાંસદોએ પણ મમતા બેનર્જીનો સાથ છોડ્યો: બળવો સંસદ સુધી પહોંચ્યો, જ્યાં વરિષ્ઠ નેતા કાકોલી ઘોષ દસ્તીદારની આગેવાની હેઠળ લોકસભાના 20 સાંસદો અલ્પ-જાણીતી NCPI સાથે જોડાયા અને લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને ભાજપની આગેવાની હેઠળના NDAને 'અલગ જૂથ' તરીકે ટેકો આપ્યો.

ચૂંટણી પંચમાં લડાઈ: બંને જૂથોએ પક્ષની મૂળ ઓળખ અને ચૂંટણી પ્રતીક પર અધિકારનો દાવો રજૂ કરતાં આખરે આ મામલો ચૂંટણી પંચના આંગણે પહોંચ્યો.

ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે હાલ પૂરતી આ વચગાળાની વ્યવસ્થા માત્ર આગામી પેટાચૂંટણી પૂરતી સીમિત છે. પક્ષના અસલી વારસદાર કોણ છે અને 'જોડા ઘાસ-ફૂલ'નું ચિહ્ન કાયમી રીતે કોના ફાળે જશે તેનો આખરી નિર્ણય વર્તમાન કાયદા હેઠળ હાથ ધરાનારી વિસ્તૃત સુનાવણી બાદ જ લેવાશે.

ભાજપ અને ચૂંટણી પંચ સાથે મળીને પાર્ટી તોડે છે: TMCનું ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કરાતા રાહુલ ગાંધી ભડક્યા

નવી દિલ્હી, તા.18

ભારતીય રાજકારણમાં પક્ષપલટો અને ચૂંટણી પ્રતીકોને લઈને ચાલતી ખેંચતાણ હવે પશ્ચિમ બંગાળના મુખ્ય રાજકીય પક્ષ તૃણમૂલ કોંગ્રેસ સુધી પહોંચી ગઈ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા TMCનું નામ અને ચૂંટણી ચિહ્ન બંને જૂથો માટે ફ્રીઝ કરવાનો આદેશ આપવામાં આવતાં જ દેશનું રાજકીય તાપમાન વધી ગયું છે. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ આ સમગ્ર મામલે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે મોરચો માંડ્યો છે.

તૃણમૂલ કોંગ્રેસના વિવાદ પર લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ સમગ્ર ઘટનાક્રમને એક પૂર્વઆયોજિત પેટર્ન ગણાવી છે. તેમણે કહ્યું કે, પહેલા શિવસેના, પછી NCP અને હવે તૃણમૂલ કોંગ્રેસ. દરેક



વખતે એક જ પેટર્ન, ભાજપ અને ચૂંટણી પંચ મળીને એક પાર્ટીને તોડે છે. ત્યારબાદ તેનું ચૂંટણી ચિહ્ન છીનવી લેવામાં આવે છે. જ્યારે આખેઆખી પાર્ટી ચોરી થઈ શકે છે, તો કરોડો ભારતીયોના મત ચોરી થવા એ પણ કોઈ આશ્ચર્યની વાત નથી. વોટ ચોરી. સરકાર ચોરી. હવે પાર્ટી ચોરી. આ આપણા લોકશાહીના પતનનું પ્રતીક બની ગયા છે.

ચૂંટણી પંચની બંધારણીય જવાબદારીઓ પર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, ચૂંટણી પંચનું કામ જનાદેશનું રક્ષણ કરવાનું છે, પરંતુ વાસ્તવિકતામાં એવા પરિબળોને સહયોગ મળી રહ્યો છે જે જનતાના નિર્ણયને પલટી નાખે છે. આ સંઘર્ષ માત્ર મમતા બેનરજી પૂરતો સીમિત નથી, પરંતુ સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ ધરાવતા દેશના દરેક રાજકીય પક્ષ અને પ્રત્યેક મતદારનો સંઘર્ષ છે.

ભારતના ચૂંટણી પંચે લીધેલા વચગાળાના નિર્ણય અનુસાર તૃણમૂલ કોંગ્રેસના બંને પક્ષો માટે પાર્ટીનું સત્તાવાર 'નામ' અને 'ચૂંટણી ચિહ્ન' હાલ પૂરતું ફ્રીઝ કરી દેવાયું છે. જ્યાં સુધી આયોગ દ્વારા અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી મમતા બેનર્જી કે ઋતબ્રત બેનર્જી કોઈપણ ચૂંટણીમાં TMCનું નામ કે તેના પ્રતીકનો ઉપયોગ કરી શકશે નહીં.

એપ્રિલ મહિનામાં યોજાયેલી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજયનો સામનો કર્યા બાદ તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક જૂથબંધી સપાટી પર આવી ગઈ હતી. આ આંતરિક સંઘર્ષની શરૂઆત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પસંદ કરવાના મુદ્દે થઈ હતી. ત્યારબાદ TMCના 80 ધારાસભ્યોમાંથી અંદાજે 58 ધારાસભ્યો ઋતબ્રત બેનર્જીની આગેવાની હેઠળના બળવાખોર જૂથમાં સામેલ થઈ ગયા હતા. આ સંખ્યાબળ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ જરૂરી બે-તૃતીયાંશ બહુમતિ કરતાં વધારે હોવાથી પાર્ટી સ્પષ્ટપણે બે જૂથોમાં વહેંચાઈ ગઈ. બંને પક્ષો દ્વારા TMC અને તેના પ્રતીક પર અધિકારનો દાવો રજૂ કરાતાં આખરે ચૂંટણી પંચે આ વચગાળાનું પગલું ભરવું પડ્યું છે.

દિશા સાલિયન કેસમાં નામ ઘસેડવા સામે ઉદ્ધવ ઠાકરેનો આક્રોશ, કહ્યું- 'અમારો દૂર-દૂર સુધી કોઈ સંબંધ નથી'

મુંબઈ, તા.18

શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે કહ્યું કે દિશા સાલિયાન કેસને લઈને તેમના પરિવારને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું- આ મામલા સાથે અમારો દૂર-દૂર સુધી કોઈ સંબંધ નથી. ઠાકરેએ છત્રપતિ સંભાજીનગરમાં કહ્યું- મારું પણ નામ છે. તમારું પણ નામ આવશે. મોદી અને ટ્રમ્પનું પણ નામ આવી શકે છે. આખરે નામ શા માટે લેવામાં આવી રહ્યું છે? આ રાજકીય હેતુથી પ્રેરિત છે. ક્યાં સુધી સહન કરતા રહીશું? તેમણે કહ્યું- કારણ વિના ચારિત્ર્યહનન ઘણું થઈ ગયું છે અને જો આ ચાલુ રહેશે તો હું કોઈની સલાહ લીધા વિના કાયદેસરની કાર્યવાહી કરવા મજબૂર થઈ જઈશ. ઉદ્ધવે કહ્યું કે આ મામલામાં સતત નામ ઘસેડવામાં આવી રહ્યાં છે. અમે આટલા સમય સુધી ચૂપ રહ્યા,



કારણ કે સરકારે પોતે તેની તપાસ માટે SITની રચના કરી હતી. અમે તેમને તેમની જરૂરિયાત મુજબ તપાસ કરવા દેવા માટે મૌન ધારણ કર્યું હતું. તેમણે કહ્યું- અમે નક્કી કર્યું હતું કે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કંઈ નહીં બોલીએ. ઠાકરેએ ગુસ્સામાં ચેતવણી આપી કે આ મામલા સાથે અમારે કોઈ લેવાદેવા નથી. તે યુવતીનો જીવ ગયો. ઠાકરેએ કહ્યું- હું તેમને ઓળખતો નહોતો. હું તેમને ક્યારેય મળ્યો નહોતો. મારો તેમની સાથે કે જે કંઈ થયું તેની સાથે કોઈ સંબંધ નથી. તેમ છતાં મારું નામ આ મામલામાં ઘસેડવામાં આવી રહ્યું છે.

પેપર લીક રોકવા માટે શું વ્યવસ્થા કરવામાં આવી, સુપ્રીમ કોર્ટ: જજ NTAની ઓફિસની મુલાકાત લેશે

નવી દિલ્હી, તા.18

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે જરૂર પડ્યે નીટ પરીક્ષા સિસ્ટમની તપાસ માટે જજો નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની ઓફિસની મુલાકાત લેશે. તેઓ જોશે કે પરીક્ષા સુરક્ષિત અને પારદર્શક રીતે યોજવા માટેની વ્યવસ્થાઓ ખરેખર કામ કરી રહી છે કે નહીં. જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચ યુનાઇટેડ ડૉક્ટર્સ ફ્રન્ટ, FAIMA અને અન્યની અરજીઓ પર સુનાવણી કરી રહી છે. તેમાં NTAને વિખેરી નાખવા અને પેપર લીક રોકવા માટે મજબૂત દેખરેખ વ્યવસ્થાની માંગ કરવામાં આવી છે.

આ પહેલાં સરકારે 19 ઓગસ્ટે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે NEET પરીક્ષા સિસ્ટમ ફૂલપ્રૂફ છે. તેમાં ઘૂસણખોરી કરવી મુશ્કેલ છે.

સુધારાઓની માહિતી આપો- કોર્ટે NTAને તેના સુધારાઓ અને અત્યાર સુધી થયેલી પ્રગતિની વિગતો વેબસાઇટ પર મૂકવાનો



નિર્દેશ આપ્યો છે. તેનાથી પરીક્ષા વ્યવસ્થામાં થઈ રહેલા ફેરફારોની માહિતી જાહેર થશે.

કાયમી કર્મચારીઓ રાખવામાં આવે- NTA માટે પૂરતા કાયમી કર્મચારીઓ અને નિષ્ણાત સ્ટાફ રાખવાની જરૂરિયાત અંગે ચર્ચા થઈ. કોર્ટે વધુ સારા માનવબળ, તાલીમ, માળખાકીય સુવિધાઓ અને સંસ્થાઓ વચ્ચે વધુ સારા સંકલનની જરૂરિયાત જણાવી. NTAને મજબૂત કાનૂની આધાર આપવા માટે વૈધાનિક વ્યવસ્થા અંગે પણ વિચારણા કરવામાં આવી.

ડિજિટલ પરીક્ષા તબક્કાવાર યોજાશે- કોર્ટે કહ્યું કે લેખિત પરીક્ષામાંથી ડિજિટલ પરીક્ષા તરફનો ફેરફાર અચાનક કરી શકાય નહીં. તેને ધીમે-ધીમે લાગુ કરવો પડશે, જેથી નવી વ્યવસ્થામાં મુશ્કેલી ન પડે. સૂચનો મોકલવાની સુવિધા- કોર્ટે કહ્યું કે પરીક્ષા સુધારાઓને લઈને વકીલો અને રાજ્યો પોતાના સૂચનો નિર્ધારિત ઈ-મેલ દ્વારા મોકલી શકે છે. આ સૂચનોને સુધારા પ્રક્રિયામાં સામેલ કરી શકાશે.

કેન્દ્રએ કોર્ટને જણાવ્યું કે નંદન નીલેકણીની અધ્યક્ષતાવાળી હાઈ-પાવર્ડ પેનલનો પ્રથમ વચગાળાનો રિપોર્ટ સપ્ટેમ્બરના અંત સુધીમાં આવવાની સંભાવના છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે UPSC જેવી મજબૂત સિસ્ટમ બનાવવી જોઈએ, જેમાં પરીક્ષા યોજવાનો અનુભવ અધિકારીઓની બદલી થયા બાદ પણ સંસ્થા પાસે જળવાઈ રહે.

કોર્ટે કહ્યું કે કાગળ પર પ્રક્રિયા વધુ સારી લાગી શકે છે, પરંતુ વાસ્તવિક પડકાર એ સુનિશ્ચિત કરવાનો છે કે એક પરીક્ષા પછી બીજી પરીક્ષા સુધી વ્યવસ્થામાં એ જ નબળાઈઓ ફરીથી ન ઊભી થાય.



ગુજરાતમાં ફરી વરસાદી માહોલ, અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ

અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં વરસાદની શક્યતા, 41થી 60 કિમીની ઝડપે પવન સાથે વીજળી પડવાની પણ ચેતવણી

અમદાવાદ, તા.18

ગુજરાતમાં ચોમાસું ફરી સક્રિય બનતા રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અને ભારતીય હવામાન વિભાગ (IMD), અમદાવાદ દ્વારા 18 સપ્ટેમ્બર 2026ના રોજ બપોરે 1 વાગ્યે આગામી ત્રણ કલાક માટેનું નાઉકાસ્ટ બુલેટિન જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની તાજી આગાહી મુજબ આગામી કલાકોમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં ફરી એકવાર વરસાદી માહોલ સક્રિય થવાની શક્યતા છે. કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે મધ્યમ વરસાદ પડવાની સાથે તોફાની પવન ફૂંકાવાની અને વીજળી પડવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના નાઉકાસ્ટ મુજબ મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. આણંદ, અમદાવાદ, ખેડા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, વડોદરા, ભરુચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ સહિતના વિસ્તારોમાં વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ દમણ તથા દાદરા અને નગર હવેલીમાં પણ આગામી કલાકોમાં વરસાદી માહોલ સર્જાઈ શકે છે.

સૌરાષ્ટ્રમાં પણ કેટલાક વિસ્તારોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ભાવનગર, ગીર સોમનાથ, દીવ, અમરેલી અને બોટાદ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ મધ્યમ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આ વિસ્તારો માટે ગાજવીજ સાથે વરસાદની શક્યતા દર્શાવતા લોકોને ખાસ કરીને ખુલ્લા વિસ્તારોમાં સાવચેતી રાખવાની સલાહ આપી છે. વરસાદ દરમિયાન સ્થાનિક સ્તરે અચાનક પવનની ઝડપમાં વધારો થવાની શક્યતા પણ રહેતી હોવાથી વાહનચાલકો અને બહાર નીકળતા નાગરિકોએ સાવધાની રાખવી જરૂરી છે.

IMDના જણાવ્યા અનુસાર, જે વિસ્તારોમાં મધ્યમ વરસાદની સંભાવના છે ત્યાં વરસાદનો દર અંદાજે 5થી 15 મિલીમીટર પ્રતિ કલાક સુધી રહી શકે છે. વરસાદ સાથે 41થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાઈ શકે છે. ગાજવીજના માહોલ વચ્ચે વીજળી પડવાની સંભાવના પણ 30થી 60 ટકા સુધી દર્શાવવામાં આવી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકોને વરસાદ દરમિયાન શક્ય હોય ત્યાં સુધી ખુલ્લા મેદાન, વૃક્ષો નીચે, વીજ પોલ અથવા અન્ય જોખમી સ્થળોએ ઊભા ન રહેવાની સલાહ આપવામાં આવી છે.

બીજી તરફ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સાબરકાંઠા, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, કચ્છ, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે. આ વિસ્તારોમાં વરસાદનો દર ઓછો રહેવાની શક્યતા છે અને પવનની ઝડપ પણ 40 કિલોમીટર પ્રતિ કલાકથી ઓછી રહેવાની સંભાવના દર્શાવવામાં આવી છે.

આ જિલ્લાઓમાં હળવા ગાજવીજ સાથે વીજળી પડવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી



છે, જોકે તેની સંભાવના 30 ટકાથી ઓછી હોવાનું હવામાન વિભાગના નાઉકાસ્ટમાં જણાવાયું છે. તેમ છતાં વીજળી પડવાની ઘટના અચાનક બની શકે છે અને સ્થાનિક હવામાનમાં ઝડપથી ફેરફાર થઈ શકે છે, તેથી નાગરિકોએ માત્ર વરસાદની તીવ્રતા નહીં પરંતુ ગાજવીજ અને પવનની સ્થિતિને પણ ધ્યાનમાં રાખીને સાવચેતી રાખવી જરૂરી છે.

હાલ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ વચ્ચે હવામાનમાં અસ્થિરતા જોવા મળી રહી છે. કેટલાક વિસ્તારોમાં ટૂંકા ગાળામાં મધ્યમ વરસાદ થવાની શક્યતા છે, જ્યારે અન્ય વિસ્તારોમાં હળવો વરસાદ થઈ શકે છે. ખાસ કરીને દક્ષિણ અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે પવનની ઝડપ વધવાની આગાહી હોવાથી સ્થાનિક તંત્ર અને નાગરિકો માટે સતર્ક રહેવું જરૂરી બન્યું છે.

અમદાવાદમાં પણ આગામી કલાકો દરમિયાન વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. શહેરમાં અગાઉ ભારે વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી ત્યારે ફરી વરસાદ શરૂ થાય તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થવાની શક્યતા રહે છે. આવી સ્થિતિમાં સ્થાનિક તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા પર નજર રાખવી જરૂરી બનશે. વાહનચાલકોએ પણ ભારે વરસાદ અથવા પાણી ભરાયેલા રસ્તાઓ પર ઝડપથી વાહન ચલાવવાનું ટાળવું અને ટ્રાફિકની સ્થિતિને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવી જરૂરી છે.

દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જેવા વિસ્તારોમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી હોવાથી સ્થાનિક સ્તરે વરસાદી માહોલ વધુ સક્રિય થઈ શકે છે. જ્યારે મધ્ય ગુજરાતના વડોદરા, ભરુચ, નર્મદા, પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુરમાં પણ ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, બોટાદ અને ગીર સોમનાથ જેવા વિસ્તારોમાં પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલું નાઉકાસ્ટ ખાસ કરીને ટૂંકા ગાળાની હવામાન સ્થિતિ અંગે ચેતવણી આપવા માટે મહત્વપૂર્ણ હોય છે. આ આગાહી આગામી ત્રણ કલાક માટે કરવામાં આવી હોવાથી સ્થાનિક સ્તરે વાદળોની સ્થિતિ, પવનની દિશા અને વરસાદની તીવ્રતામાં ઝડપથી ફેરફાર થઈ શકે છે. તેથી નાગરિકોએ પોતાના વિસ્તારની તાજી હવામાન માહિતી પર નજર રાખવી અને સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવું જરૂરી છે.


ગાજવીજ અને વીજળી પડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વરસાદ દરમિયાન ખુલ્લી જગ્યામાં કામ કરતા લોકો, ખેડૂતો, બાંધકામ સ્થળે કામ કરતા મજૂરો અને મુસાફરો માટે ખાસ સાવચેતી જરૂરી બની છે. વીજળીના કડાકા-ભડાકા દરમિયાન ખુલ્લા મેદાનમાં રહેવાને બદલે સુરક્ષિત અને બંધ સ્થળે આશરો લેવો સલામત માનવામાં આવે છે. તોફાની પવનની શક્યતા ધરાવતા વિસ્તારોમાં નબળા બાંધકામ, હોર્ડિંગ્સ, ઝાડની ડાળીઓ અને વીજતારોથી પણ અંતર રાખવું જરૂરી છે.

હવામાન વિભાગની આ તાજી આગાહીને પગલે રાજ્યમાં આગામી કલાકોમાં વરસાદી માહોલ વધુ સક્રિય થવાની શક્યતા છે. ક્યાંક મધ્યમ તો ક્યાંક હળવો વરસાદ જોવા મળી શકે છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને પવનની અસર પણ જોવા મળી શકે છે. નાગરિકોને હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને અનાવશ્યક મુસાફરી ટાળવા, વરસાદ દરમિયાન સુરક્ષિત સ્થળે રહેવા અને વીજળી તથા તોફાની પવનથી બચવા માટે જરૂરી સલામતીના પગલાં લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. તેથી નાગરિકોએ માત્ર વરસાદની તીવ્રતા નહીં પરંતુ ગાજવીજ અને પવનની સ્થિતિને પણ ધ્યાનમાં રાખીને સાવચેતી રાખવી જરૂરી છે. હાલ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ વચ્ચે હવામાનમાં અસ્થિરતા જોવા મળી રહી છે. કેટલાક વિસ્તારોમાં ટૂંકા ગાળામાં મધ્યમ વરસાદ થવાની શક્યતા છે, જ્યારે અન્ય વિસ્તારોમાં હળવો વરસાદ થઈ શકે છે. ખાસ કરીને દક્ષિણ અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે પવનની ઝડપ વધવાની આગાહી હોવાથી સ્થાનિક તંત્ર અને નાગરિકો માટે સતર્ક રહેવું જરૂરી બન્યું છે.

અમદાવાદના કૃષ્ણનગરમાં વૃદ્ધ સાથે 11.64 લાખની સાયબર ઠગાઈ, APK દ્વારા મોબાઈલ હેક કરી પેન્શન ખાતું સાફ કર્યું

અમદાવાદ, તા.18

અમદાવાદ શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં સાયબર ક્રાઈમની એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં ડિજિટલ યુગમાં વૃદ્ધોને નિશાન બનાવતી ઠગ ટુકડીએ વધુ એક નિર્દોષ નાગરિકને પોતાનો શિકાર બનાવ્યા છે. કૃષ્ણનગરમાં શાંતિપૂર્ણ નિવૃત્ત જીવન ગાળતા ૬૭ વર્ષીય વૃદ્ધ વસંતભાઈ મહાલે સાથે આ



લાખો રૂપિયાની સાયબર ઠગાઈ આચરવામાં આવી છે. સાયબર ભેજાબાજોએ વૃદ્ધના પેન્શન ખાતા પર નજર બગાડીને અત્યંત ચાલાકીપૂર્વક અને ટેકનોલોજીનો દુરુપયોગ કરીને તેમના આજીવનની કમાણીમાંથી રૂ. ૧૧.૬૪ લાખથી વધુની રકમ બારોબાર ઉપાડી લીધી છે.

ઘટનાની વિગતવાર માહિતી અનુસાર, ગત ૨૦મી જુલાઈના રોજ બપોરના સમયે વસંતભાઈના મોબાઈલ ફોન પર એક અજાણ્યા નંબર પરથી કૉલ આવ્યો હતો. કૉલ કરનાર ભેજાબાજ ઠગે પોતાને બેંકનો જવાબદાર કર્મચારી ગણાવીને અત્યંત વિનમ્રતાથી વાતચીત શરૂ કરી હતી. તેણે બેંક ખાતાની વિગતો ચકાસવાના બહાને વસંતભાઈ પાસેથી તેમની અંગત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. વસંતભાઈએ સરળતાથી આ ખાતું પોતાનું પેન્શન એકાઉન્ટ હોવાનું જણાવતાં જ સાયબર ઠગે આશરે એકાદ મિનિટ જેટલી ટૂંકી વાતચીત કરીને તુરંત કૉલ ડિસ્કનેક્ટ કરી દીધો હતો. પરંતુ આ ટૂંકી વાતચીતમાં જ તેણે વૃદ્ધને જાળમાં ફસાવવા માટેનું કાવતરું ઘડી કાઢ્યું હતું.

આ ઘટનાના બીજા જ દિવસે વહેલી સવારે વસંતભાઈના મોબાઈલ ફોન પર બેંકમાંથી સતત નોટિફિકેશન, રૂપિયા ડેબિટ થયાના તેમજ વન ટાઈમ પાસવર્ડ (OTP)ના મેસેજનો અવિરત મારો શરૂ થઈ ગયો હતો. એકસાથે આટલા બધા મેસેજ જોઈને વૃદ્ધ ગભરાઈ ગયા હતા અને તેમણે તુરંત આ અંગે પોતાના પુત્રને જાણ કરી હતી. પુત્રએ પરિસ્થિતિની ગંભીરતા સમજીને તુરંત જ બેંકિંગ એપ્લિકેશન ઓપન કરીને બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ ચેક કર્યું હતું. સ્ટેટમેન્ટ જોતાં જ પિતા-પુત્રના પગ તળેથી જમીન સરકી ગઈ હતી, કારણ કે તેમની જાણ કે પરવાનગી વગર ખાતામાંથી એક પછી એક એમ ૧૨ જેટલા અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. ૧૧,૬૪,૯૦૦ની માતબર રકમ અન્ય ખાતાઓમાં બારોબાર ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી.

સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ અને ટેકનિકલ ચકાસણી કરતાં માલૂમ પડ્યું હતું કે સાયબર ઠગે વસંતભાઈને વિશ્વાસમાં લઈ તેમના મોબાઈલમાં 'BOI.apk' નામની એક ઘાતક ફાઈલ ઈન્સ્ટોલ કરાવી દીધી હતી. આ એપીકે ફાઈલ ડાઉનલોડ થતાં જ વૃદ્ધનો આખો મોબાઈલ ફોન રિમોટલી હેક થઈ ગયો હતો, જેનાથી ઠગને મોબાઈલના મેસેજ અને OTPનો સીધો એક્સેસ મળી ગયો હતો. આ સાયબર ફ્રોડનો શિકાર બન્યા હોવાની ખાતરી થતાં જ વસંતભાઈ અને તેમના પુત્રએ તુરંત બેંક શાખાનો સંપર્ક કરી ખાતું બ્લોક કરાવ્યું હતું અને ત્યારબાદ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પહોંચીને અજાણ્યા સાયબર ઠગ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી ટેકનિકલ સર્વેલન્સના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં ડુપ્લિકેટ સિગારેટનું કૌભાંડ ઝડપાયું, જુહાપુરામાં 12 હજાર નકલી સિગારેટ સ્ટિક્સ સાથે ચાર ઝડપાયા

અમદાવાદ, તા.18

અમદાવાદ શહેરમાં નકલી ઘી, ચા, મસાલા, પનીર અને અન્ય ડુપ્લિકેટ ચીજવસ્તુઓ બાદ હવે નકલી સિગારેટના વેચાણનું કૌભાંડ પણ સામે આવ્યું છે. જુહાપુરા વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે છટકું ગોઠવીને જાણીતી બ્રાન્ડના નામે વેચાતી ડુપ્લિકેટ સિગારેટનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે મોતી બેકરી નજીક કાર્યવાહી કરીને ત્રણ શખસો અને એક રિક્ષાચાલકને ઝડપી લીધા હતા. તેમની પાસેથી કુલ 12 હજાર ડુપ્લિકેટ સિગારેટ સ્ટિક્સ, સિગારેટનું મોટું કાર્ટન અને મોબાઈલ ફોન સહિત અંદાજે રૂ.1.70 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, આ સમગ્ર કાર્યવાહી બેંગલોરની અન્વેષ IPR કંપની સાથે સંકળાયેલા આસિસ્ટન્ટ મેનેજર પ્રિન્સ સિંહની ફરિયાદ અને મળેલી બાતમીના આધારે કરવામાં આવી હતી. શહેરમાં જાણીતી બ્રાન્ડની સિગારેટ અડધા ભાવે વેચાતી હોવાની માહિતી સામે આવ્યા બાદ કંપની તરફથી આ મામલે તપાસ શરૂ કરવામાં આવી હતી. નકલી સિગારેટનું વેચાણ કરનારા લોકો સુધી પહોંચવા માટે ફરિયાદી અને તેમની ટીમે ડમી ગ્રાહક બનીને વેચાણકારોનો સંપર્ક કર્યો હતો. વાતચીત દરમિયાન અડધા ભાવે સિગારેટનો જથ્થો ખરીદવાનો સોદો નક્કી કરવામાં આવ્યો હતો.

16 સપ્ટેમ્બરના રોજ ડુપ્લિકેટ સિગારેટનો જથ્થો આપવાનો સોદો નક્કી થયા બાદ જુહાપુરાની મોતી બેકરી પાસે રાત્રિના સમયે મળવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સમગ્ર મામલાની અગાઉથી જાણ સ્થાનિક પોલીસને કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે સ્થળ પર છટકું ગોઠવીને નકલી સિગારેટનો જથ્થો પહોંચાડવા આવનારા શખસોને રંગેહાથ ઝડપી પાડવા માટે કાર્યવાહી શરૂ કરી હતી. નક્કી કરાયેલા સ્થળ અને સમય મુજબ આરોપીઓ સિગારેટનો જથ્થો લઈને ઓટોરિક્ષામાં પહોંચ્યા હતા.

મોતી બેકરી નજીક એક ઓટોરિક્ષામાં 46 વર્ષીય ઈલ્યાસ મુસા મોદન, 32 વર્ષીય આસિફ મુસ્તુફા સૈયદ અને 33 વર્ષીય જાવીદ અહેમદ ડેરૈયા સિગારેટનો જથ્થો લઈને આવ્યા હતા. તેમની સાથે રિક્ષાચાલક સરફુલહક્ક શેખ પણ હતો. આરોપીઓએ રિક્ષામાં




રહેલું કાર્ટન બતાવ્યું તે દરમિયાન જ પોલીસની ટીમે ચારેયને ઘેરી લીધા હતા. અચાનક પોલીસની કાર્યવાહીથી આરોપીઓમાં દોડધામ મચી હતી, પરંતુ પોલીસે તમામને કાબૂમાં લઈ લીધા હતા. પોલીસે રિક્ષામાં રહેલા કાર્ટનની તપાસ કરતાં તેમાં મોટી સંખ્યામાં સિગારેટના પેકેટ મળી આવ્યા હતા. પ્રથમ નજરે જ પેકિંગ અને પ્રિન્ટિંગ અંગે શંકા જતા પોલીસે તેની વધુ તપાસ કરી હતી. સિગારેટના પેકેટો પર એક્સરખો MFD નંબર છપાયેલો હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત પેકેટ પરનો કંપનીનો લોગો પણ ઓરિજિનલ પ્રોડક્ટ સાથે મેચ થતો ન હોવાનું તપાસમાં જણાયું હતું. કંપનીના પ્રતિનિધિ દ્વારા પણ આ સિગારેટનો જથ્થો ડુપ્લિકેટ હોવાનું જણાવવામાં આવ્યું હતું, જેના પગલે પોલીસે સમગ્ર માલ કબજે કરી લીધો હતો. પોલીસે સ્થળ પરથી ડુપ્લિકેટ ગોલ્ડ ફ્લેક સિગારેટનું એક મોટું કાર્ટન જપ્ત કર્યું હતું. આ કાર્ટનમાં 24 મોટા પેકેટ અને 50 નાના પેકેટ હોવાનું જણાવાયું છે. કુલ મળીને તેમાં આશરે 12 હજાર સિગારેટ સ્ટિક્સ મળી આવી હતી. આ ઉપરાંત આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યો હતો. સિગારેટના જથ્થા અને અન્ય સામાન સહિત પોલીસે અંદાજે રૂ.1.70 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓને પોલીસ મથકે લઈ જઈ તેમની પૂછપરછ કરવામાં આવતા નકલી સિગારેટનો જથ્થો ક્યાંથી આવ્યો અને તેને શહેરમાં કોને-કોને પહોંચાડવાનો હતો તે અંગેની માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ આ ડુપ્લિકેટ માલ ઠક્કરનગર અને બાપુનગર વિસ્તારમાં રહેતા શૈલેષ ગોરધનભાઈ પટેલ પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હોવાનું સામે આવ્યું છે. આ માહિતીના આધારે હવે પોલીસ સમગ્ર સપ્લાય ચેઈન સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. પોલીસ માટે હવે માત્ર જુહાપુરામાં ઝડપાયેલા ચાર લોકોની ભૂમિકા તપાસવાનો જ નહીં, પરંતુ આ નકલી સિગારેટનું ઉત્પાદન ક્યાં થતું હતું, તેનું પેકિંગ કેવી રીતે કરવામાં આવતું હતું, માલ શહેરમાં કેવી રીતે પહોંચાડવામાં આવતો હતો અને અન્ય કેટલા વેપારીઓ કે વેચાણકારો સુધી તેનો જથ્થો પહોંચ્યો હતો તે શોધવું પણ મહત્વપૂર્ણ બની ગયું છે. પોલીસ સપ્લાયર તરીકે સામે આવેલા શૈલેષ પટેલની ભૂમિકા અંગે પણ તપાસ હાથ ધરી રહી છે. જો તપાસમાં વધુ લોકોના નામ સામે આવશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. નકલી સિગારેટના આ કૌભાંડમાં જાણીતી બ્રાન્ડના નામ અને લોગોનો ઉપયોગ કરીને ગ્રાહકોને ઓરિજિનલ માલ હોવાની ભ્રામક છાપ આપવામાં આવતી હોવાની શક્યતા છે. અડધા ભાવે સિગારેટ વેચાતી હોવાની માહિતી મળ્યા બાદ ડમી ગ્રાહક મારફતે કરવામાં આવેલી તપાસમાં સમગ્ર નેટવર્ક સુધી પહોંચવાનો માર્ગ ખુલ્યો હતો.

પશુઓમાં એન્ટીબાયોટિકના બિનજરૂરી ઉપયોગ પર સરકારની લગામ, બે મહત્વપૂર્ણ દવાઓ પર પ્રતિબંધની તૈયારી

અમદાવાદ, તા.18

કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને પશુઓમાં ઉપયોગમાં લેવાતી કેટલીક મહત્વપૂર્ણ એન્ટીબાયોટિક દવાઓના બિનજરૂરી અને અતિશય ઉપયોગને નિયંત્રિત કરવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. મંત્રાલય દ્વારા 'કાબીક્સીપેનિસિલિન્સ' અને 'ફોસ્ફોનિક એસિડ ડેરિવેટિવ્ઝ' તેમજ તેના ફોર્મ્યુલેશનના પશુઓમાં ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા માટે ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. સરકારના આ પ્રસ્તાવ પાછળ મુખ્ય ચિંતા એન્ટીમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ એટલે કે AMRના વધતા જોખમની છે. નિષ્ણાતોના મતે પશુઓમાં એન્ટીબાયોટિક્સનો જરૂરિયાત કરતાં વધુ અથવા ખોટી રીતે ઉપયોગ કરવામાં આવે તો તેની અસર માત્ર પશુઓના આરોગ્ય પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ ખાદ્ય શ્રૃંખલા મારફતે માનવ આરોગ્ય પર પણ પડી શકે છે. કાબીક્સીપેનિસિલિન્સ અને ફોસ્ફોનિક એસિડ ડેરિવેટિવ્ઝનો ઉપયોગ પશુઓમાં વિવિધ બેક્ટેરિયલ ચેપની સારવાર માટે કરવામાં આવે છે. આ દવાઓ બેક્ટેરિયાને નિયંત્રિત કરીને અથવા તેનો નાશ કરીને પશુને ચેપમાંથી સાજા કરવામાં મદદ કરે છે. ખાસ કરીને ઈ-કોલી જેવા બેક્ટેરિયાથી થતા ચેપ, દૂધાળા પશુઓમાં આંચળમાં થતો સોજો એટલે કે માસ્ટાઈટિસ તેમજ શ્વસનતંત્ર સાથે સંકળાયેલા કેટલાક બેક્ટેરિયલ ચેપની સારવારમાં આ પ્રકારની એન્ટીબાયોટિક્સનો ઉપયોગ થતો હોવાનું જણાવાયું છે. ફોસ્ફોનિક એસિડ ડેરિવેટિવ્ઝનો ઉપયોગ જટિલ યુરિનરી ટ્રેક્ટ ઈન્ફેક્શન અને આંતરડાના ગંભીર બેક્ટેરિયલ ચેપ જેવા કિસ્સાઓમાં પણ થઈ શકે છે.

જોકે, કોઈપણ એન્ટીબાયોટિકનો બિનજરૂરી ઉપયોગ તેની અસરકારકતા સામે લાંબા ગાળાનું જોખમ ઊભું કરી શકે છે. જ્યારે એક જ પ્રકારની એન્ટીબાયોટિક વારંવાર અથવા જરૂરિયાત વિના આપવામાં આવે



આવે છે. એક વખત બેક્ટેરિયામાં દવા સામે પ્રતિકારક ક્ષમતા વિકસે ત્યારબાદ સામાન્ય રીતે અસરકારક ગણાતી એન્ટીબાયોટિકથી ચેપને નિયંત્રિત કરવો મુશ્કેલ બની શકે છે. આ કારણે AMRને વિશ્વભરમાં જાહેર આરોગ્ય માટે મહત્વના પડકારોમાંથી એક માનવામાં આવે છે. પશુઓમાં ઉપયોગમાં લેવાતી એન્ટીબાયોટિક્સ અંગેની સૌથી મોટી ચિંતા એ છે કે તેનો પ્રભાવ માત્ર પશુના શરીર સુધી સીમિત રહી શકે નહીં. દૂધ અને માંસ જેવા ખાદ્ય ઉત્પાદનો માનવ વપરાશમાં આવતા હોવાથી જો દવાઓના અવશેષો યોગ્ય સમયગાળા પહેલાં જ ખાદ્ય શ્રૃંખલામાં આવી જાય તો માનવ શરીરમાં પણ તેનો સંપર્ક થઈ શકે છે. પશુને દવા આપ્યા બાદ ચોક્કસ સમયગાળા સુધી દૂધ કે માંસનો ઉપયોગ ન કરવો અથવા જરૂરી પ્રક્રિયા અને નિયમોનું પાલન કરવું મહત્વપૂર્ણ બને છે. આ નિયમોમાં બેદરકારી રહે તો દવાના અવશેષો માનવ શરીર સુધી પહોંચી શકે છે.

સરકારની ચિંતા ખાસ કરીને એ વાતને લઈને છે કે સતત અને અનિયંત્રિત રીતે એન્ટીબાયોટિક્સના અવશેષોના સંપર્કમાં આવવાથી બેક્ટેરિયામાં પ્રતિકારક ક્ષમતા વિકસવાની પ્રક્રિયાને વેગ મળી શકે છે. જો માનવ શરીરમાં ચેપ પેદા કરતા બેક્ટેરિયા ચોક્કસ એન્ટીબાયોટિક્સ સામે પ્રતિરોધક બની જાય તો ભવિષ્યમાં ગંભીર ચેપની સારવાર વધુ મુશ્કેલ બની શકે છે. કેટલાક કિસ્સામાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી દવાઓ પૂરતી અસરકારક ન રહેતાં વૈકલ્પિક સારવારની જરૂર પડી શકે છે. આવી સ્થિતિમાં સારવારનો સમયગાળો, ખર્ચ અને આરોગ્ય પર પડતી અસર વધી શકે છે.


પેનિસિલિન જૂથની દવાઓના અવશેષોને લઈને પણ ખાસ સાવચેતી જરૂરી માનવામાં આવે છે. સંવેદનશીલ વ્યક્તિઓમાં આવી દવાઓના અવશેષોના સંપર્કથી એલર્જીક પ્રતિક્રિયા થવાની શક્યતા રહે છે. કેટલાક કિસ્સામાં ત્વચા પર લાલ ચકામા, ખંજવાળ અથવા અન્ય એલર્જીક લક્ષણો જોવા મળી શકે છે, જ્યારે ગંભીર એલર્જીક પ્રતિક્રિયામાં શ્વાસ લેવામાં મુશ્કેલી જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. અત્યંત ગંભીર સ્થિતિમાં એનાફિલેક્સિસ જેવી જીવલેણ એલર્જીક પ્રતિક્રિયા પણ થઈ શકે છે. આ કારણોસર દૂધ અને અન્ય પશુજન્ય ખાદ્ય ઉત્પાદનોમાં દવાના અવશેષોને નિયંત્રિત કરવું ખાદ્ય સુરક્ષાનો મહત્વપૂર્ણ હિસ્સો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા એટલે કે WHO દ્વારા પણ એન્ટીમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સને લઈને લાંબા સમયથી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. WHOના અભિગમ મુજબ માનવ આરોગ્ય માટે મહત્વપૂર્ણ એવી કેટલીક એન્ટીબાયોટિક્સનો ઉપયોગ પશુઓમાં બિનજરૂરી રીતે થવો જોઈએ નહીં. આવી દવાઓનો ઉપયોગ માત્ર યોગ્ય તબીબી જરૂરિયાત હોય ત્યારે અને નિયંત્રિત રીતે થાય તે જરૂરી છે.

ખોખરામાં વૃદ્ધાના ગળામાંથી ₹1.10 લાખની ચેઈન લૂંટી ભાગતા પિતા અને સગીર પુત્ર ઝડપાયો

અમદાવાદ, તા.18

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં ધોળા દિવસે લૂંટની એક અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. ખોખરા સ્થિત મહાલક્ષ્મી કોલોની રોડ પરથી પોતાના પતિ સાથે બેંક તરફ જઈ રહેલા ૬૩ વર્ષીય વૃદ્ધાને ચપ્પુ બતાવી, જાનથી મારી નાખવાની ધમકી આપીને રૂ. ૧.૧૦ લાખની કિંમતની સોનાની ચેઈન આંચકી લેવામાં આવી હતી. જોકે, લૂંટ આચરીને પૂરઝડપે ભાગવાનો પ્રયાસ કરી રહેલા પિતા અને તેના સગીર પુત્રનું ટુ-વ્હીલર અચાનક સ્લિપ થઈ જતાં સ્થાનિક લોકોએ સતર્કતા દાખવીને બંનેને રંગેહાથ ઝડપી લીધા હતા. બાદમાં ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે બંનેને ઝડપી પાડીને આગળની કાયદેસરની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાની વિગતવાર માહિતી અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં આવેલી રાવજી પટેલની ચાલીમાં રહેતા ૬૩ વર્ષીય અમરાવતીદેવી રાજેન્દ્રપ્રસાદ ત્રિપાઠી ગત ૧૭મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યાના સુમારે પોતાના પતિ સાથે મણિનગર



અંડરબ્રિજ પાસે આવેલી બેંકમાં કામકાજ અર્થે પગપાળા જઈ રહ્યા હતા. સવારે સાડા અગિયારેક વાગ્યાના સુમારે જ્યારે તેઓ ખોખરા મહાલક્ષ્મી કોલોની રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરઝડપે આવી પહોંચેલા એક ટુ-વ્હીલર પર સવાર બે અજાણ્યા શખસોએ તેમનો પીછો કરવાનું શરૂ કર્યું હતું.

મહાલક્ષ્મી કોલોની નજીક પહોંચતાં જ બંને શખસોએ પોતાનું ટુ-વ્હીલર વૃદ્ધ દંપતીની આગળ લાવીને અચાનક ઊભું રાખી દીધું હતું. આ બંને શખસોએ પોતાની ઓળખ છુપાવવા માટે રેઈનકોટ પહેરેલો હતો અને હેલ્મેટ તથા રૂમાલની મદદથી ચહેરા સંપૂર્ણપણે ઢાંકેલા હતા. વાહન ઊભું રહ્યા બાદ પાછળ બેઠેલા શખસે તુરંત નીચે ઊતરીને વૃદ્ધા અમરાવતીદેવી તરફ ધસી આવી તીક્ષ્ણ ચપ્પુ બતાવ્યું હતું અને બૂમાબૂમ કરશે તો જાનથી મારી નાખવાની સીધી ધમકી આપી હતી. ત્યારબાદ આ શખસે ક્ષણભરમાં જ વૃદ્ધાના ગળામાંથી રૂ. ૧.૧૦ લાખની કિંમતની અને આશરે ૧૨ ગ્રામ વજન ધરાવતી સોનાની ચેઈન બળજબરીથી આંચકી લીધી હતી.

સોનાની ચેઈન લૂંટીને બંને આરોપીઓ પોતાના ટુ-વ્હીલર પર બેસીને પૂરઝડપે ભાગવા લાગ્યા હતા. પરંતુ કૌદરતી રીતે થોડે જ દૂર પહોંચતાં જ પૂરઝડપે દોડતું તેમનું ટુ-વ્હીલર રોડ પર અચાનક સ્લિપ થઈ ગયું હતું અને બંને જણા રસ્તા પર નીચે પટકાયા હતા. બીજી તરફ, લૂંટનો શિકાર બનેલા વૃદ્ધ દંપતીએ તુરંત 'ચોર-ચોર'ની બૂમાબૂમ કરી મુકતાં આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તુરંત જ મદદે દોડી આવ્યા હતા. રસ્તા પર પટકાયા બાદ ઊભા થઈને ભાગવાનો આખરી પ્રયાસ કરી રહેલા પિતા-પુત્ર બંનેને જાગૃત નાગરિકોએ ઘેરીને ઝડપી પાડ્યા હતા. આ ઘટના દરમિયાન વૃદ્ધાના પતિએ તુરંત જ સમયસૂચકતા વાપરીને ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૧૧૨ પર કૉલ કરીને પોલીસ કંટ્રોલ રૂમને ઘટનાની જાણ કરી હતી. સદનસીબે નજીકના જ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી ખોખરા પોલીસ સ્ટેશનની હોક સ્ક્વોડ અને પીસીઆર વાન તુરંત જ સ્થળ પર પહોંચી ગઈ હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

અમેરિકા સાથેના યુદ્ધ છતાં ઈરાનના રાષ્ટ્રપતિ પજશકિયાન ન્યૂયોર્ક જશે: અમેરિકાના વીઝા મળ્યા, સંયુક્ત રાષ્ટ્રને સંબોધન કરશે

વૉશિંગ્ટન, તા.18

અમેરિકા અને ઈરાન વચ્ચે 7 મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. તેમ છતાં ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી આગામી અઠવાડિયે ન્યૂયોર્કમાં યોજાનારી UNGA બેઠકમાં હાજરી આપશે. અમેરિકાએ બંનેને વિઝા આપી દીધા છે.

બંને નેતાઓ આગામી અઠવાડિયે ન્યૂયોર્કમાં યોજાનારી 81મી UNGAની ઉચ્ચ-સ્તરીય બેઠકમાં ભાગ લેશે. યુદ્ધ શરૂ થયા બાદ આ પહેલીવાર હશે, જ્યારે ઈરાનના ટોચના નેતાઓ અમેરિકાની ધરતી પર પહોંચશે.

અમેરિકાના વિદેશ મંત્રાલયે ગુરુવારે આ માહિતી આપી હતી. આ વખતે પ્રતિનિધિમંડળનું કદ ગયા વર્ષની સરખામણીમાં નાનું રાખવામાં આવ્યું છે અને તેના પર અનેક પ્રકારના પ્રતિબંધો લાગુ રહેશે.


અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, તેમ છતાં ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન ન્યૂયોર્કમાં UNGAમાં હાજરી આપી શકશે. તેના બે મોટા કારણો છે.

કોઈ દેશના વર્તમાન રાષ્ટ્રપતિને બીજા દેશમાં સામાન્ય આરોપીની જેમ ધરપકડ કરવી સરળ નથી. આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ રાષ્ટ્રપ્રમુખોને તેમના પદ પર રહેતા વિશેષ કાનૂની સુરક્ષા મળે છે. તેનો હેતુ એ છે કે એક દેશ બીજા દેશના વર્તમાન ટોચના નેતાઓની મનમાની રીતે ધરપકડ ન કરી શકે.

તેનો અર્થ એ નથી કે રાષ્ટ્રપતિ સામે ક્યારેય કોઈ કાનૂની કાર્યવાહી થઈ શકે નહીં. મામલો કઈ અદાલતમાં છે, આરોપો કયા પ્રકારના છે અને સંબંધિત દેશના કાયદા શું કહે છે, આ બધી બાબતો પરિસ્થિતિ બદલી શકે છે.

આ મામલો માત્ર અમેરિકા અને ઈરાન વચ્ચેનો નથી. UNનું મુખ્યાલય ન્યૂયોર્કમાં છે અને અમેરિકા તેનું યજમાન દેશ છે. તેથી અન્ય દેશોના પ્રતિનિધિઓને UNના સત્તાવાર કાર્યક્રમોમાં પહોંચવાની સુવિધા આપવી એ અમેરિકાની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓનો એક ભાગ છે.

યુએન મુજબ, અમેરિકાએ યુએનમાં સત્તાવાર કામ કરતા પ્રતિનિધિઓની અવરજવર પર એવી રીતે રોક લગાવવી જોઈએ નહીં કે તેઓ પોતાના સત્તાવાર કામમાં ભાગ જ ન લઈ શકે. જોકે, અમેરિકા તેમની યુએનની બહારની ખાનગી અથવા બિનસત્તાવાર અવરજવર પર પ્રતિબંધો મૂકી શકે



છે. આ જ કારણસર પઝશકિયાન અને અરાઘચીને અમેરિકા આવવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ ઈરાની પ્રતિનિધિમંડળ નાનું રાખવામાં આવશે અને તેના સભ્યોની અવરજવર પર કડક પ્રતિબંધો રહેશે.

અમેરિકાના વિદેશ મંત્રાલય મુજબ, ઈરાની અધિકારીઓની ન્યૂયોર્કમાં અવરજવર મર્યાદિત રહેશે. તેમને માત્ર કેટલાક નિર્ધારિત સ્થળો સુધી જ જવાની મંજૂરી હશે.

અગાઉની જેમ તેમની અવરજવરનો વિસ્તાર સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય, ઈરાનના યુએન મિશન અને કેટલાક નિર્ધારિત વિસ્તારો સુધી મર્યાદિત રાખવામાં આવી શકે છે. આ ઉપરાંત, વૈભવી સામાન અને કેટલીક અન્ય વસ્તુઓની ખરીદી પર પણ રોક રહેશે. અમેરિકા અગાઉ પણ ઈરાની અધિકારીઓ પર આ પ્રકારના પ્રતિબંધો લગાવતું રહ્યું છે.

UNGA દરમિયાન દુનિયાની નજર આ વાત પર પણ રહેશે કે શું ન્યૂયોર્કમાં હાજર અમેરિકન અને ઈરાની અધિકારીઓ વચ્ચે કોઈ પ્રકારની વાતચીત થાય છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તાજેતરના મહિનાઓમાં ઘણી વખત દાવો કરી ચૂક્યા છે કે તેમના વહીવટીતંત્ર અને ઈરાની અધિકારીઓ વચ્ચે વાતચીત થઈ છે.

આવી સ્થિતિમાં પઝશકિયાન અને અરાઘચીની ન્યૂયોર્ક યાત્રાને માત્ર એક રાજદ્વારી કાર્યક્રમ તરીકે નહીં, પરંતુ સંભવિત સંવાદના અવસર તરીકે પણ જોવામાં આવી રહી છે.

ઈરાની પ્રતિનિધિમંડળને વિઝા આપવાનો નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે અમેરિકાએ ફિલિસ્તીની રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસને UNGAમાં ભાગ લેવા માટે વિઝા આપવાનો ઈનકાર કર્યો છે. અમેરિકાએ ફિલિસ્તીની સત્તામંડળ (PA) અને ફિલિસ્તીન લિબરેશન ઓર્ગેનાઇઝેશન (PLO) સાથે જોડાયેલા અનેક અધિકારીઓ પર પણ પ્રતિબંધો લગાવ્યા છે. સતત બીજા વર્ષે અબ્બાસને ન્યૂયોર્ક આવવાની મંજૂરી મળી નથી.

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તેમને વીડિયો લિંક દ્વારા મહાસભાને સંબોધવાની મંજૂરી આપવામાં આવી છે.

અમેરિકાનું કહેવું છે કે આ નિર્ણય પેલેસ્ટિનિયન નેતૃત્વની કેટલીક નીતિઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ઈઝરાયલ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી સાથે જોડાયેલા પગલાંને કારણે લેવામાં આવ્યો છે. બીજી તરફ, પેલેસ્ટિનિયન વિદેશ મંત્રાલયે આ નિર્ણયની ટીકા કરતાં કહ્યું કે તેનાથી રાજકીય ઉકેલ અને શાંતિ પ્રયાસો નબળા પડશે.

આ વખતે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા એવા સમયે યોજાઈ રહી છે, જ્યારે દુનિયા એકસાથે અનેક મોટા સંકટોનો સામનો કરી રહી છે. અમેરિકા-ઈરાન યુદ્ધ, રશિયા-યુક્રેન સંઘર્ષ, પશ્ચિમ એશિયામાં વધતો તણાવ અને વૈશ્વિક અર્થતંત્ર પરનું દબાણ બેઠકના મુખ્ય મુદ્દાઓમાં સામેલ રહેશે.

અમેરિકા-ઈરાન સંઘર્ષની અસર પહેલેથી જ તેલ બજાર અને દરિયાઈ વેપાર પર પડી ચૂકી છે. એવા સમયે પેઝેશ્કિયાનની ન્યૂયોર્ક હાજરી અને અમેરિકી અધિકારીઓ સાથેના સંભવિત સંપર્ક પર દુનિયાભરની નજર રહેશે. UNGAના મંચ પર થનારી દરેક મુલાકાત અને દરેક નિવેદનને આ વખતે યુદ્ધ અને કૂટનીતિ, બંનેના દૃષ્ટિકોણથી જોવામાં આવશે.

પાકિસ્તાનમાં નમાઝ દરમિયાન આત્મઘાતી હુમલો, 16નાં મોત: આતંકવાદી વિસ્ફોટકોથી ભરેલી ગાડી લઈને ટકરાયો

ઈસ્લામાબાદ, તા.18

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના કોહાટ જિલ્લામાં શુક્રવારની નમાજ દરમિયાન મસ્જિદ પાસે જોરદાર વિસ્ફોટ થયો. તેમાં 16 લોકોનાં મોત થયા છે, જ્યારે 50થી વધુ લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં 5 પોલીસકર્મીઓ અને 11 સામાન્ય નાગરિકો સામેલ છે.

વિસ્ફોટથી મસ્જિદનો બહારનો ભાગ સંપૂર્ણપણે તૂટી ગયો અને એક દીવાલ પણ ધરાશાયી થઈ ગઈ. પોલીસના જણાવ્યા મુજબ, પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે કે જૂની પોલીસ લાઈન્સના ગેટ સાથે વિસ્ફોટકોથી ભરેલી ગાડી ટકરાઈ હતી. પાકિસ્તાનમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 990 આતંકી ઘટનાઓમાં 1129 લોકોનાં મોત થયા છે.

ખૈબર પખ્તૂનખ્વાના મુખ્યમંત્રી સોહેલ અફરીદીએ ઘટનાનો સંપૂર્ણ રિપોર્ટ માંગ્યો છે. તેમણે કહ્યું કે નિર્દોષ લોકોને નિશાન બનાવવું અત્યંત ખોટું છે અને તેને કોઈપણ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં.

તેમણે અધિકારીઓને ઘાયલોની તાત્કાલિક સારવાર કરાવવાના નિર્દેશ આપ્યા. અફરીદીએ કહ્યું, 'આતંકવાદીઓની આવી હરકતોથી દેશનું મનોબળ નહીં તૂટે.' ખૈબર પખ્તૂનખ્વાના



ગવર્નર ફૈસલ કરીમ કુંડીએ પણ વિસ્ફોટની નિંદા કરી હતી.

કોહાટમાં આ પહેલાં પણ મોટો હુમલો થઈ ચૂક્યો છે. 2010માં પોલીસ લાઈન્સ પાછળ બનેલી એક પોલીસ કોલોનીમાં રિમોટ કંટ્રોલ બોમ્બ વિસ્ફોટ થયો હતો. તેમાં 20 લોકોનાં મોત થયાં હતાં, જેમાં મોટાભાગના પોલીસકર્મીઓના પરિવારના સભ્યો હતા. જ્યારે, 90થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ 2025 મુજબ, બુર્કિના ફાસો પછી પાકિસ્તાન દુનિયાનો બીજો સૌથી વધુ આતંકવાદથી અસરગ્રસ્ત દેશ બની ગયો છે, જ્યારે 2024માં તે ચોથા સ્થાને હતું.

2025માં TTPના હુમલાઓમાં 90% વધારો થયો, જ્યારે બલૂચ આર્મી (BLA)ના હુમલાઓમાં 60%નો વધારો થયો. ઈસ્લામિક સ્ટેટ- ખુરાસાન (IS-K)એ હવે પાકિસ્તાની શહેરોને પણ નિશાન બનાવવાનું શરૂ કરી દીધું છે.

રિપોર્ટ મુજબ પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા અને બલૂચિસ્તાન સૌથી વધુ આતંકવાદથી અસરગ્રસ્ત વિસ્તારો છે. દેશભરમાં થયેલી કુલ આતંકવાદી ઘટનાઓમાંથી 90% ઘટનાઓ આ વિસ્તારોમાં બની છે. રિપોર્ટમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનને સતત બીજા વર્ષે પાકિસ્તાનનું સૌથી ખતરનાક આતંકવાદી સંગઠન ગણાવવામાં આવ્યું છે. 2024માં આ જૂથે 482 હુમલા કર્યા હતા, જેના કારણે 558 લોકોનાં મોત થયાં હતાં, જે 2023ની સરખામણીએ 91% વધારે છે.

અમેરિકામાં શીખ ટ્રક ડ્રાઇવરને 17 વાર છરી મારવામાં આવી: હુમલાના થોડા દિવસ પહેલાં ટ્રમ્પના મંત્રાલયે મિસ્ટર સિંહવાળી પોસ્ટ કરી હતી

વૉશિંગ્ટન, તા.18

અમેરિકાના વ્યોમિંગ રાજ્યમાં વધુ એક ભારતીય મૂળના નાગરિક પર જીવલેણ હુમલો થવાની અત્યંત સનસનાટીભરી અને ચિંતાજનક ઘટના સામે આવી છે. અહીં લાંબા અંતરની ટ્રક ચલાવતા ૨૮ વર્ષીય પંજાબી શીખ ટ્રક ડ્રાઈવર પર એક અજાણ્યા શખસે અચાનક ધસી આવીને તીક્ષ્ણ છરી વડે એક પછી એક એમ સતત ૧૭ વાર ઘા મારીને જીવલેણ હુમલો કર્યો છે. આ ભયાનક હુમલામાં શીખ ડ્રાઈવરની ગરદન, છાતી, હાથ અને પાંસળીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. લોહીલુહાણ હાલતમાં મળી આવેલા ડ્રાઈવરને તાત્કાલિક અસરથી નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

ઘટનાની વિગતો આપતાં એનપીઆર (NPR) ના અહેવાલ મુજબ, પંજાબી શીખ ડ્રાઈવરે પોતાની સુરક્ષા અને ઓળખ જાળવી રાખવા માટે માત્ર પોતાની અટક 'સિંહ' હોવાનું જણાવ્યું છે. તેઓ છેલ્લાં ત્રણ વર્ષથી અમેરિકામાં કાયદેસર રીતે લાંબા અંતરના ટ્રક ડ્રાઈવર તરીકે ફરજ બજાવી રહ્યા છે. રવિવારે સવારે તેઓ પોતાની ટ્રક લઈને મુસાફરી કરી રહ્યા હતા ત્યારે ઈન્ટરસ્ટેટ-૮૦ પર આવેલા કેબિટર ક્રીક રેસ્ટ એરિયા ખાતે વાહન ઊભું રાખીને બાથરૂમનો ઉપયોગ કરવા ગયા હતા. તેઓ જેવા બાથરૂમમાં દાખલ થયા કે તુરંત જ એક શંકાસ્પદ વ્યક્તિ તેમનો છૂપો પીછો કરતી અંદર પહોંચી ગઈ હતી અને કોઈ જ



વાટાઘાટો વગર અચાનક ચાકુ વડે તેમના પર તૂટી પડી હતી.

સતત થઈ રહેલા છરીના વાર વચ્ચે પણ સિંહે હિંમત હારી નહોતી અને તેમણે હુમલાખોરનો પ્રતિકાર કરતાં કોઈક રીતે બાથરૂમની બહાર નીકળવામાં સફળતા મેળવી હતી. બહાર આવીને તેમણે જોરજોરથી મદદ માટે બૂમાબૂમ કરી હતી. આ સમયે ત્યાં રેસ્ટ એરિયામાં હાજર એક હિસ્પેનિક પરિવારે તેમનો દર્દનાક અવાજ સાંભળ્યો હતો અને ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તેમની મદદે દોડી આવ્યું હતું. આ સંવેદનશીલ પરિવારે વહેતા લોહીને રોકવા માટે પ્રાથમિક સારવાર આપવાનો ભગીરથ પ્રયાસ કર્યો હતો અને સાથે સાથે ઘટનાસ્થળેથી પૂરઝડપે ભાગી રહેલા હુમલાખોરના ટ્રકની સંપૂર્ણ માહિતી અને નંબર પોલીસને પૂરા પાડ્યા હતા. પરિવાર દ્વારા મળેલી ચોક્કસ બાતમીના આધારે વ્યોમિંગ હાઈવે પેટ્રોલિંગની ટીમો તુરંત જ હરકતમાં આવી ગઈ હતી. ઘટનાસ્થળથી આશરે ૧૧૩ કિલોમીટર દૂર રૉલિન્સ નજીક પોલીસે શંકાસ્પદ ટ્રકને ઘેરીને રોકી લીધી હતી અને હુમલાખોર આરોપીની સફળતાપૂર્વક ધરપકડ કરી લીધી હતી. પોલીસ તપાસમાં આરોપીની ઓળખ એન્ડ્ર્યૂ ક્રિસ બજડેક તરીકે થઈ છે. સ્થાનિક પોલીસ અને સરકારી તંત્ર દ્વારા આરોપી એન્ડ્ર્યૂ વિરુદ્ધ ફર્સ્ટ-ડિગ્રી મર્ડર એટલે કે પૂર્વ આયોજિત હત્યાની કોશિશ કરવાનો ગંભીર ગુનો નોંધીને જેલ ભેગો કરવામાં આવ્યો છે. આ ભયાનક ઘટનાના થોડા જ દિવસો પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર હેઠળના ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS) દ્વારા પ્રવાસી ટ્રક ડ્રાઈવરોને નિશાન બનાવીને 'મિસ્ટર સિંહ' લખેલી એક વિવાદાસ્પદ સોશિયલ મીડિયા પોસ્ટ કરવામાં આવી હતી. જેના કારણે આ હુમલો જાતિવાદી કે નફરતભર્યો હોવાની આશંકાઓ સેવાઈ રહી છે, પરંતુ પોલીસે હજુ સુધી આ પોસ્ટ અને હુમલા વચ્ચે કોઈ સીધો સંબંધ હોવાની પુષ્ટિ કરી નથી. હુમલા પાછળનો મુખ્ય હેતુ કે કારણ શું હતું તે અંગે પણ હાલ પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે. આ ઘટના સામે આવ્યા બાદ અમેરિકી કોંગ્રેસના ભારતીય મૂળના વરિષ્ઠ સભ્ય રાજા કૃષ્ણમૂર્તિએ ઊંડી ચિંતા અને આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે વ્યોમિંગના રેસ્ટ સ્ટોપ પર એક નિરપરાધ શીખ ટ્રક ડ્રાઈવર પર ૧૭ વાર ચાકુ વડે હુમલો થવો એ અત્યંત ચિંતાજનક અને ગંભીર બાબત છે. બીજી તરફ, હોસ્પિટલના બિછાનેથી સિંહે જણાવ્યું હતું કે અમેરિકામાં લાંબા અંતરના ડ્રાઈવિંગ દરમિયાન કલાકો અને દિવસો સુધી નિર્જન રસ્તાઓ તથા રેસ્ટ એરિયામાં રોકાવું પડે છે.

સાઉદી અરેબિયાને 48 F-35 ફાઇટર જેટ વેચવાની અમેરિકાની મંજૂરી, ચીન સુધી ટેક્નોલોજી પહોંચવાની ચિંતા

રિયાધ, તા.18

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસને સાઉદી અરેબિયાને 48 F-35 ફાઇટર જેટ વેચવાની મંજૂરી આપી છે. આ સંભવિત સોદાની કિંમત આશરે 24 અબજ ડોલર એટલે કે ભારતીય ચલણ પ્રમાણે અંદાજે રૂ.2.3 લાખ કરોડ જેટલી હોવાનું જણાવાઈ રહ્યું છે. જોકે, અમેરિકી પ્રશાસનની મંજૂરી બાદ પણ આ સોદો અંતિમ તબક્કે પહોંચ્યો નથી. અમેરિકી કાયદા અનુસાર હથિયારોના આવા મોટા સોદા માટે કોંગ્રેસની મંજૂરીની પ્રક્રિયા જરૂરી હોવાથી હવે આ મામલો અમેરિકી સંસદમાં પણ ચર્ચાનો વિષય બની શકે છે.

સાઉદી અરેબિયાને F-35 આપવાના નિર્ણય વચ્ચે અમેરિકી ગુપ્તચર અને સંરક્ષણ વર્તુળોમાં ચિંતાનો મુદ્દો પણ સામે આવ્યો છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, પેન્ટાગનની ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી એટલે કે DIAના એક અહેવાલમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે F-35 સાથે જોડાયેલી સંવેદનશીલ અને અદ્યતન ટેક્નોલોજી ચીન સુધી પહોંચી શકે છે. અહેવાલમાં ખાસ કરીને સાઉદી અરેબિયામાં ચીનની વધતી સૈન્ય અને ટેક્નોલોજીકલ હાજરીને ધ્યાનમાં રાખીને સુરક્ષા સંબંધિત જોખમો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

અમેરિકી ગુપ્તચર એજન્સીઓની આશંકા એવી છે કે ચીન સાઉદી અરેબિયામાં જાસૂસી પ્રવૃત્તિઓ અથવા સાઉદી સૈન્ય સાથેના પોતાના સહયોગ મારફતે F-35ની ટેક્નોલોજી અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરી શકે છે. F-35 માત્ર એક સામાન્ય ફાઇટર જેટ નથી, પરંતુ તેમાં સ્ટેલ્થ ક્ષમતા, અત્યાધુનિક રડાર, સેન્સર્સ, ડેટા શેરિંગ અને સર્વેલન્સ સિસ્ટમ સહિત અનેક અદ્યતન તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ટેક્નોલોજી અંગેની માહિતી અમેરિકાના સૈન્ય માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેથી F-35 જેવો અદ્યતન લડાકુ વિમાન કોઈ એવા દેશને આપવામાં આવે ત્યારે તેની ટેક્નોલોજીની સુરક્ષા અમેરિકી નીતિમાં મહત્વનો મુદ્દો બને છે.

અહેવાલમાં એવી પણ ચિંતા દર્શાવવામાં આવી હોવાનું જણાવાય છે કે જો ચીનને F-35ની રડાર અથવા અન્ય ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સાથે સંબંધિત માહિતી મળી જાય તો તેનો ઉપયોગ ભવિષ્યમાં અમેરિકન અને તેના સહયોગી દેશોના હવાઈ યુદ્ધ સંબંધિત ઉપકરણોને સમજવા અથવા તેમની સામેની પોતાની ક્ષમતાઓ વિકસાવવામાં થઈ શકે છે. આ કારણોસર F-35 સાથે સંબંધિત સૈન્ય મથકો, જાળવણી કેન્દ્રો અને અન્ય સંવેદનશીલ સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા કડક રાખવાની ભલામણ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આવા સ્થળોએ માત્ર અમેરિકન અને



સાઉદી અધિકારીઓ ઉપરાંત અધિકૃત કર્મચારીઓને જ પ્રવેશ આપવામાં આવે તેવી વ્યવસ્થા અંગે પણ ચર્ચા થઈ રહી છે.

સાઉદી અરેબિયા અને ચીન વચ્ચેના વધતા સંબંધો પણ અમેરિકી ચિંતાનું એક મહત્વનું કારણ હોવાનું જણાવવામાં આવે છે. સાઉદી અરેબિયા છેલ્લા કેટલાક વર્ષોમાં ચીન સાથે વેપાર ઉપરાંત સૈન્ય અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં પણ સહયોગ વધારી રહ્યું છે. સાઉદી અરેબિયા ચીન પાસેથી બેલિસ્ટિક મિસાઈલોની ખરીદી કરે છે અને અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર ચીન સાઉદીને મિસાઈલ ઉત્પાદન ક્ષમતા વિકસાવવામાં તથા તેના ઉપયોગને વધુ અસરકારક બનાવવામાં પણ મદદ કરી રહ્યું છે. આ ઉપરાંત સાઉદી અરેબિયાના ટેલિકોમ્યુનિકેશન અને અન્ય મહત્વપૂર્ણ માળખામાં ચીનની ટેક્નોલોજી કંપનીઓ Huawei અને ZTEનાં સાધનોનો પણ ઉપયોગ થતો હોવાની વાત સામે આવી છે.

ચીનની કંપનીઓના ટેક્નોલોજીકલ સાધનોના ઉપયોગને લઈને અમેરિકા અગાઉ પણ સુરક્ષા સંબંધિત ચિંતા વ્યક્ત કરી ચૂક્યું છે. અમેરિકી અધિકારીઓના મતે, સંવેદનશીલ સંરક્ષણ ટેક્નોલોજી ધરાવતા દેશોમાં ચીનની ટેક્નોલોજી કંપનીઓની હાજરી સુરક્ષા વ્યવસ્થાને લઈને વધારાના પ્રશ્નો ઊભા કરી શકે છે. ખાસ કરીને F-35 જેવા વિમાનની જાળવણી, ડેટા સિસ્ટમ, સંચાર વ્યવસ્થા અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુરક્ષા જાળવવી મહત્વપૂર્ણ બની શકે છે. જોકે, સાઉદી અરેબિયા અને ચીન વચ્ચેના સંબંધોને લઈને કરવામાં આવતી આ ચિંતાઓ અંગે બંને દેશોની તમામ પ્રવૃત્તિઓને એકસરખી રીતે જોવી યોગ્ય નથી અને અંતિમ સુરક્ષા વ્યવસ્થા અમેરિકી-સાઉદી કરારની શરતો પર આધારિત રહેશે.

અરબ દેશોને F-35 વેચવા મામલે અમેરિકાને ચીનને લઈને અગાઉ પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. વર્ષ 2020માં ટ્રમ્પ પ્રશાસને સંયુક્ત આરબ અમીરાત એટલે કે UAEને F-35 ફાઇટર જેટ વેચવા માટે સહમતિ દર્શાવી હતી. તે સમયે પણ અમેરિકી સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા UAEના ચીન સાથે વધી રહેલા સૈન્ય અને ટેક્નોલોજીકલ સંબંધો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ F-35 વેચાણની પ્રક્રિયામાં અડચણો ઊભી થઈ હતી અને અંતે આ સોદાની પ્રક્રિયા અટકી ગઈ હતી. આ અગાઉના અનુભવને કારણે સાઉદી અરેબિયાને F-35 આપવાનો મામલો પણ અમેરિકામાં સંવેદનશીલ બની રહ્યો છે.

સાઉદી અરેબિયાને F-35 આપવામાં આવે તો તેની અસર મધ્ય-પૂર્વના સૈન્ય સંતુલન પર પણ પડી શકે છે. ઈઝરાયલ હાલમાં મધ્ય-પૂર્વમાં F-35 વિમાનનો ઉપયોગ કરતો દેશ છે અને તેણે આ વિમાનની અદ્યતન ક્ષમતાઓને પોતાની હવાઈ સૈન્ય વ્યવસ્થામાં સામેલ કરી છે. અમેરિકાની લાંબા સમયથી નીતિ રહી છે કે મધ્ય-પૂર્વમાં ઈઝરાયલની સૈન્ય ગુણવત્તાની ધાર જળવાઈ રહે. તેથી સાઉદી અરેબિયાને F-35 વેચતી વખતે અમેરિકી પ્રશાસન સામે એક મહત્વનો પ્રશ્ન એ પણ રહેશે કે આ સોદાથી ઈઝરાયલની સૈન્ય ક્ષમતા અને પ્રાદેશિક વ્યૂહાત્મક સ્થિતિ પર શું અસર પડે છે.

અમેરિકાના વિદેશ વિભાગે જૂન મહિનામાં 48 F-35 વિમાન અને એક વધારાના એન્જિનના વેચાણ સંબંધિત પ્રસ્તાવ કોંગ્રેસની બે સમિતિઓને મોકલ્યો હતો. હવે ટ્રમ્પ પ્રશાસનની મંજૂરી બાદ કોંગ્રેસની પ્રક્રિયા આગળ વધશે. અમેરિકામાં મોટા હથિયાર સોદાઓમાં કોંગ્રેસની દેખરેખની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. તેથી પ્રશાસન દ્વારા મંજૂરી આપવામાં આવી હોવા છતાં સોદાની અંતિમ પ્રક્રિયા પૂર્ણ થવામાં હજુ સમય લાગી શકે છે. કોંગ્રેસમાં સોદા અંગે સુરક્ષા, પ્રાદેશિક સૈન્ય સંતુલન, ટેક્નોલોજી સુરક્ષા અને અમેરિકાના વ્યૂહાત્મક હિત જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે.

યુરોપમાંથી 40 હજાર અમેરિકી સૈનિકો ઘટાડી શકે છે ટ્રમ્પ સરકાર, NATO દેશોની સુરક્ષા વ્યવસ્થા સામે મોટો પડકાર

વૉશિંગ્ટન, તા.18

અમેરિકા યુરોપમાં તૈનાત પોતાના હજારો સૈનિકોની સંખ્યા ઘટાડવાની દિશામાં વિચારણા કરી રહ્યું છે. હાલમાં યુરોપમાં આશરે 80 હજાર અમેરિકી સૈનિકો તૈનાત હોવાનું જણાવાય છે અને તેમાંમાંથી લગભગ 40 હજાર સૈનિકોને ઘટાડવાની સંભાવના અંગે પેન્ટાગોન દ્વારા સમીક્ષા કરવામાં આવી રહી છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. પેન્ટાગોનની સમીક્ષા બાદ અંતિમ ભલામણ નવેમ્બરની શરૂઆત સુધીમાં સામે આવવાની અપેક્ષા છે અને ત્યારબાદ જ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ મામલે અંતિમ નિર્ણય લઈ શકે છે. જો સૈનિકોની સંખ્યામાં મોટો ઘટાડો કરવામાં આવે છે તો તેની સીધી અસર યુરોપની સુરક્ષા વ્યવસ્થા અને NATOના સભ્ય દેશોની સૈન્ય તૈયારીઓ પર પડી શકે છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી NATOના યુરોપિયન સભ્ય દેશોને પોતાની સંરક્ષણ ક્ષમતા માટે વધુ ખર્ચ કરવાની માંગ કરતા આવ્યા છે. ટ્રમ્પનું કહેવું રહ્યું છે કે યુરોપિયન દેશોએ પોતાની સુરક્ષા માટે અમેરિકા પરની નિર્ભરતા ઘટાડવી જોઈએ અને પોતાની સૈન્ય ક્ષમતા તથા સંરક્ષણ બજેટમાં વધારો કરવો જોઈએ. અમેરિકાની વર્તમાન સમીક્ષાને પણ આ વ્યાપક નીતિ સાથે જોડીને જોવામાં આવી રહી છે. અમેરિકી પ્રશાસનનું માનવું છે કે જો યુરોપના દેશો પોતાની સુરક્ષા માટે વધુ સંસાધનો ફાળવે તો અમેરિકા યુરોપમાં પોતાના સૈનિકો અને અન્ય સૈન્ય સાધનોની જરૂરિયાત ઘટાડી શકે છે.

પેન્ટાગોને જૂન મહિનાથી યુરોપમાં અમેરિકન સૈનિકોની



તૈનાતી, સૈન્ય મથકો, હથિયારો અને અન્ય લશ્કરી સંસાધનોની સમગ્ર વ્યવસ્થાની સમીક્ષા શરૂ કરી હતી. આ સમીક્ષાનો મુખ્ય હેતુ યુરોપમાં અમેરિકાની સૈન્ય હાજરી કેટલી જરૂરી છે અને બદલાતી વૈશ્વિક પરિસ્થિતિમાં અમેરિકાના સૈન્ય સંસાધનોનો ઉપયોગ અન્ય વિસ્તારોમાં કેવી રીતે કરી શકાય તે અંગે મૂલ્યાંકન કરવાનો છે. જો સમીક્ષા બાદ સૈનિકોની સંખ્યા ઘટાડવાનો નિર્ણય લેવામાં આવે છે તો અમેરિકાને યુરોપમાં પોતાની સૈન્ય જવાબદારીઓનું પુનર્ગઠન કરવું પડી શકે છે.

યુરોપમાં અમેરિકાની સૈન્ય હાજરીનું સૌથી મોટું કેન્દ્ર જર્મની છે. અહીં આશરે 36,400 અમેરિકી સૈનિકો તૈનાત હોવાનું જણાવાય છે. ત્યારબાદ ઇટાલીમાં આશરે 12,700 અને સ્પેનમાં લગભગ 3,800 અમેરિકી સૈનિકો તૈનાત છે. આ ત્રણેય દેશોમાં અમેરિકાના મહત્વપૂર્ણ એરબેઝ, નૌકાદળના મથકો, સૈન્ય મુખ્યાલયો અને લોજિસ્ટિક સુવિધાઓ આવેલી છે. આ મથકોનો ઉપયોગ માત્ર યુરોપની સુરક્ષા માટે જ નહીં, પરંતુ મધ્ય-પૂર્વ અને આફ્રિકા સહિતના વિસ્તારોમાં અમેરિકાની વિવિધ સૈન્ય પ્રવૃત્તિઓ અને અભિયાનો માટે પણ કરવામાં આવે છે. તેથી સૈનિકોની સંખ્યા ઘટાડવાનો નિર્ણય લેવામાં આવે તો તેની અસર માત્ર સૈનિકોની સંખ્યા સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ અમેરિકાની સમગ્ર સૈન્ય તૈનાતી અને લોજિસ્ટિક વ્યવસ્થા પર પણ પડી શકે છે.

યુરોપમાં અમેરિકાની સૈન્ય પ્રવૃત્તિઓનું સંચાલન યુએસ યુરોપિયન કમાન્ડ એટલે કે USEUCOM દ્વારા કરવામાં આવે છે. બીજા વિશ્વયુદ્ધ બાદ અમેરિકાએ યુરોપમાં મોટી સંખ્યામાં સૈનિકો તૈનાત કર્યા હતા અને ત્યારથી યુરોપીયન સુરક્ષા માળખામાં અમેરિકાની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. શીતયુદ્ધ દરમિયાન સોવિયેત સંઘ સામે પશ્ચિમી દેશોની સંયુક્ત સુરક્ષા વ્યવસ્થામાં અમેરિકન સૈન્ય હાજરીનું વિશેષ મહત્વ હતું. સોવિયેત સંઘના વિઘટન બાદ પરિસ્થિતિ બદલાઈ હોવા છતાં યુરોપમાં અમેરિકાની સૈન્ય હાજરી સંપૂર્ણપણે સમાપ્ત થઈ નથી અને આજે પણ અમેરિકન સૈનિકો NATOના સભ્ય દેશોની સુરક્ષા વ્યવસ્થામાં વિવિધ ભૂમિકાઓ ભજવે છે.


અમેરિકાના ફ્લોરિડામાં માતાએ પુત્ર સાથે સંબંધ બાંધ્યા: પોલીસ પૂછપરછમાં કબૂલ્યું- આવું લગભગ 100 વાર કર્યું

વૉશિંગ્ટન, તા.18

અમેરિકાના ફ્લોરિડામાં એક 46 વર્ષીય મહિલા પર પોતાના જ પુત્ર સાથે સંબંધ બાંધવાનો આરોપ છે. પોલીસ પૂછપરછ દરમિયાન મહિલાએ જણાવ્યું કે તેણે પોતાના 22 વર્ષીય પુત્ર સાથે યૌન સંબંધ બાંધ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, મહિલાએ જણાવ્યું કે આવું લગભગ 100 વખત થયું હતું. તેના પતિને તેની જાણ નહોતી. આ કેસમાં મહિલા અને તેના પુત્ર વિરુદ્ધ અનાચારનો ગુનો નોંધવામાં આવ્યો છે.

ફ્લોરિડાના લેકલેન્ડમાં ઘરેલું વિવાદ બાદ આ મામલો સામે આવ્યો. ક્રિસ્ટિના ક્લેમેન્સે પોલીસને ફોન કરીને પોતાના પુત્ર શેન ક્લેમેન્સ પર મારપીટ કરવાનો આરોપ લગાવ્યો હતો.

પોલીસ પહોંચ્યા બાદ શેનની ધરપકડ કરવામાં આવી. પૂછપરછ દરમિયાન તેણે અધિકારીઓને જણાવ્યું કે તે 18 વર્ષની ઉંમરથી પોતાની માતા સાથે યૌન સંબંધ બાંધતો હતો.



તપાસકર્તાઓએ તેની પાસે આ દાવાની ફરીથી પુષ્ટિ કરી. શેરિફ ગ્રેડી જુડના જણાવ્યા મુજબ, શેને પોતાની વાતનું પુનરાવર્તન કર્યું.

તપાસ દરમિયાન ક્રિસ્ટિનાના પતિની પણ પૂછપરછ કરવામાં આવી હતી. તેમણે અધિકારીઓને જણાવ્યું કે તેમને કથિત સંબંધની જાણ નહોતી. જોકે, તેમને માતા-પુત્રના એકસાથે માસ્ટર બેડરૂમમાં સમય પસાર કરવા અંગે શંકા થતી હતી. તેમણે જણાવ્યું કે બંને ક્યારેક રૂમમાં જઈને દરવાજો બંધ કરી લેતા હતા. તેમણે પોલીસને એ પણ જણાવ્યું કે તેઓ અને ક્રિસ્ટિના પરિણીત છે અને સાથે રહે છે. શેન પર તેની માતા સાથે ઘરેલુ હિંસા હેઠળ મારપીટ કરવાનો વધારાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તે હાલમાં કસ્ટડીમાં છે અને તેના માટે જામીન નક્કી કરવામાં આવ્યા નથી.

ક્રિસ્ટિના પર વ્યભિચાર ઉપરાંત ઘરેલુ મારપીટ અને જાહેરમાં વ્યભિચાર કરવાનો આરોપ પણ મૂકવામાં આવ્યો હતો. તેમને 4 સપ્ટેમ્બરે કુલ 6,250 ડૉલરના બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યા હતા. પોલીસે માતા-પુત્રના કથિત સંબંધને ગેરકાયદેસર ગણાવ્યો છે. કેસમાં લગાવવામાં આવેલા આરોપો હજુ અદાલતમાં સાબિત થયા નથી.

તંત્રી લેખ

કેન્દ્રના મૌખિક આશ્વાસન પર ભરોસો ન કરો, લેખિત ખાતરી બાદ જ વિશ્વાસ રાખો: ઉમર અબ્દુલ્લા

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ લદ્દાખના નેતાઓને કેન્દ્ર સરકાર સાથેના તેમના પ્રશ્નો અને માંગણીઓને લઈને મહત્વપૂર્ણ સલાહ આપી છે. તેમણે ખાસ કરીને જમીન, નોકરીઓ અને સ્થાનિક લોકોના અધિકારો સાથે જોડાયેલા મુદ્દાઓ અંગે કેન્દ્ર સરકાર તરફથી મળતા માત્ર મૌખિક આશ્વાસનો પર વિશ્વાસ ન કરવાની અપીલ કરી છે. ઉમર અબ્દુલ્લાના જણાવ્યા મુજબ, કોઈપણ મુદ્દે કેન્દ્ર સરકાર તરફથી માત્ર વાતચીત દરમિયાન ખાતરી આપવામાં આવે તેના આધારે નિર્ણય લેવો યોગ્ય નથી. જ્યાં સુધી કેન્દ્ર સરકાર તરફથી લેખિત અને સહી કરેલી ખાતરી ન મળે ત્યાં સુધી લદ્દાખના નેતાઓએ પોતાના પ્રશ્નોના ઉકેલ અંગે મળેલા વચનોને અંતિમ ન માનવા જોઈએ.

ઉમર અબ્દુલ્લાએ લદ્દાખના નેતાઓને પોતાની સલાહ પાછળ જમ્મુ-કાશ્મીરના પોતાના અનુભવનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરને પણ કેન્દ્ર સરકાર તરફથી અનેક વખત આશ્વાસનો આપવામાં આવ્યા હતા, પરંતુ મૌખિક આશ્વાસનોના આધારે મળેલી ખાતરીઓનું પરિણામ હજુ સુધી સામે આવ્યું નથી. તેથી લદ્દાખના નેતાઓએ પોતાના પ્રશ્નોના ઉકેલ માટે કેન્દ્ર સરકાર પાસેથી સ્પષ્ટ અને દસ્તાવેજી ખાતરી મેળવવી જરૂરી છે. તેમના જણાવ્યા પ્રમાણે, માત્ર મૌખિક વચન પર આધાર રાખવાને બદલે લેખિત દસ્તાવેજ મેળવવાથી ભવિષ્યમાં કરવામાં આવેલા વચનો અંગે જવાબદારી નક્કી કરવામાં પણ સરળતા રહેશે.

ઉમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, “એક મિત્ર અને શુભચિંતક તરીકે મારી લદ્દાખના નેતાઓને એટલી જ સલાહ છે કે કેન્દ્ર સરકારના આશ્વાસન પર ભરોસો ન કરે. જ્યાં સુધી તેમને લેખિત અને સહી કરેલા દસ્તાવેજો નહીં મળે ત્યાં સુધી કોઈ વાત માનવી નહીં.” તેમણે પોતાના અનુભવનો ઉલ્લેખ કરતાં કહ્યું કે જમ્મુ-કાશ્મીરના મામલે પણ કેન્દ્ર સરકાર તરફથી આશ્વાસન આપવામાં આવ્યું હતું, પરંતુ ત્યારબાદ લાંબો સમય વીતી ગયો હોવા છતાં તે આશ્વાસનનું અમલીકરણ થયું નથી.

મુખ્યમંત્રીએ ખાસ કરીને જમ્મુ-કાશ્મીરના રાજ્યના દરજ્જાના મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો. તેમના જણાવ્યા પ્રમાણે, જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી બાદ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. પરંતુ વિધાનસભાની ચૂંટણીને લગભગ બે વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં રાજ્યનો દરજ્જો પાછો આપવામાં આવ્યો નથી, એવો દાવો ઉમર અબ્દુલ્લાએ કર્યો હતો. આ જ અનુભવને ધ્યાનમાં રાખીને તેમણે લદ્દાખના નેતાઓને સલાહ આપી છે કે તેઓ કેન્દ્ર સરકાર સાથેની કોઈપણ ચર્ચામાં માત્ર મૌખિક ખાતરીને પૂરતી ન માને અને પોતાના દરેક મહત્વપૂર્ણ મુદ્દે લેખિત પ્રતિબદ્ધતા મેળવવાનો આગ્રહ રાખે.

લદ્દાખના નેતાઓ લાંબા સમયથી સ્થાનિક લોકો માટે જમીન અને નોકરીઓમાં સુરક્ષા સહિત વિવિધ માંગણીઓ ઉઠાવી રહ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે લદ્દાખની વર્તમાન વ્યવસ્થા બાદ સ્થાનિક સ્તરે જમીન, રોજગાર અને રાજકીય પ્રતિનિધિત્વ જેવા મુદ્દાઓને લઈને ચર્ચા ચાલી રહી છે. લદ્દાખના પ્રતિનિધિઓ કેન્દ્ર સરકાર સમક્ષ સ્થાનિક હિતોનું રક્ષણ થાય તે માટે વિવિધ માંગણીઓ રજૂ કરી રહ્યા છે. આ દરમિયાન ઉમર અબ્દુલ્લાની ટિપ્પણીએ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ વચ્ચેના મુદ્દાઓની અલગ પ્રકૃતિ હોવા છતાં બંને પ્રદેશો વચ્ચેના કેટલાક સંવેદનશીલ પ્રશ્નોને લઈને ચાલી રહેલી ચર્ચાને ફરી મહત્વ આપ્યું છે. ઉમર અબ્દુલ્લાએ જોકે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે લદ્દાખના પોતાના પ્રશ્નો છે અને જમ્મુ-કાશ્મીરના પ્રશ્નો અલગ છે. તેમનો હેતુ લદ્દાખના પ્રશ્નોને જમ્મુ-કાશ્મીરના મુદ્દાઓ સાથે જોડવાનો નહીં, પરંતુ પોતાના અનુભવના આધારે ત્યાંના નેતાઓને સાવચેત કરવાનો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કેન્દ્ર સરકાર સાથેની વાટાઘાટો દરમિયાન મળતી ખાતરીઓને સત્તાવાર દસ્તાવેજનું સ્વરૂપ આપવામાં આવે તો ભવિષ્યમાં તેના અમલ અંગે સ્પષ્ટતા રહે છે.

યુનાઈટેડ કિંગડમ એક જ દિવસે રચાયેલો દેશ નથી, સદીઓના યુદ્ધો, રાજકીય સમજૂતીઓ અને કાયદાકીય સંધિઓને પરિણામે તેનું અસ્તિત્વ શક્ય બન્યું હતું. સ્કોટલેન્ડમાં સ્વતંત્રતાની માંગ, નોર્ધન આયર્લેન્ડમાં પુન: એકીકરણની પ્રબળ બનતી લાગણી અને વેલ્સમાં વધતી સ્વાયત્તતાની ઈચ્છાએ સદીઓ બાદ મોટા બંધારણીય પડકારો સર્જ્યા છે : યુકે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું કાયમી સભ્ય છે અને G7 તેમજ નાટોમાં અગ્રણી ભૂમિકા ભજવે છે

સ્વતંત્રતાનો સાદ કે વિખવાદ : યુનાઈટેડ કિંગડમ વિખરાવાની અણીએ

ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડના જોડાણથી બનેલા યુનાઈટેડ કિંગડમના આંતરિક સાંધા ઢીલા પડી રહ્યા છે

યુનાઈટેડ કિંગડમ એક જ દિવસે રચાયેલો દેશ નથી, સદીઓના યુદ્ધો, રાજકીય સમજૂતીઓ અને કાયદાકીય સંધિઓને પરિણામે તેનું અસ્તિત્વ શક્ય બન્યું હતું. સ્કોટલેન્ડમાં સ્વતંત્રતાની માંગ, નોર્ધન આયર્લેન્ડમાં પુન: એકીકરણની પ્રબળ બનતી લાગણી અને વેલ્સમાં વધતી સ્વાયત્તતાની ઈચ્છાએ સદીઓ બાદ મોટા બંધારણીય પડકારો સર્જ્યા છે : યુકે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું કાયમી સભ્ય છે અને G7 તેમજ નાટોમાં અગ્રણી ભૂમિકા ભજવે છે. જો તેનો જ એક મોટો હિસ્સો અલગ થઈ જાય, તો વૈશ્વિક મંચ પર બ્રિટનનું કદ અને પ્રભાવ નોંધપાત્ર રીતે ઘટી જશે. તેનાથી પણ વિશેષ ચલણ, વેપાર જકાત અને રાષ્ટ્રીય દેવાની વહેંચણી જેવા મુદ્દાઓ તમામ પક્ષો માટે જટિલ આર્થિક સંકટ ઊભું કરી શકે છે : યુનાઈટેડ કિંગડમ આજે તેના ઈતિહાસના સૌથી ગંભીર બંધારણીય સંકટ ઉપર ઊભું છે.

એક સમયે જે સંઘ સામ્રાજ્યવાદ અને ઔદ્યોગિક ક્રાંતિની સહિયારી સફળતા પર ટકેલો હતો, તે સંઘ આજે બ્રેક્ઝિટ, આર્થિક અસમાનતા અને પ્રાદેશિક રાષ્ટ્રવાદના વમળમાં ફસાયો છે

વિશ્વના સૌથી જૂના, પ્રભાવશાળી અને આધુનિક લોકશાહીના પાયા ગણાતા યુનાઈટેડ કિંગડમ સામે અસ્તિત્વનું સંકટ ઊભું થયું છે. સદીઓ જૂનો આ સંઘ તૂટવાની અણીએ પહોંચી ગયો છે. સદીઓ પહેલાં ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડના જોડાણથી બનેલા યુનાઈટેડ કિંગડમના આંતરિક સાંધા હવે ઢીલા પડી રહ્યા હોય તેવું સ્પષ્ટ જણાય છે. ઉલ્લેખનીય છે કે, સ્કોટલેન્ડમાં સ્વતંત્રતાની માંગ, નોર્ધન આયર્લેન્ડમાં આયર્લેન્ડ પ્રજાસત્તાક સાથે પુન: એકીકરણની પ્રબળ બનતી લાગણી અને વેલ્સમાં વધતી સ્વાયત્તતાની ઈચ્છાએ લંડનની કેન્દ્ર સરકાર સામે બંધારણીય પડકારો સર્જ્યા છે.

ઉલ્લેખનીય છે કે, યુનાઈટેડ કિંગડમ એક જ દિવસે રચાયેલો દેશ નથી તે સંઘીય માળખું છે. સદીઓના યુદ્ધો, રાજકીય સમજૂતીઓ અને કાયદાકીય સંધિઓને પરિણામે તેનું અસ્તિત્વ શક્ય બન્યું હતું. ૧૩મી સદીમાં ઈંગ્લેન્ડે વેલ્સ પર વિજય મેળવ્યો હતો અને ૧૫૩૬-૧૫૪૨ના 'એક્ટ્સ ઓફ યુનિયન' દ્વારા તેને વહીવટી રીતે ઈંગ્લેન્ડ સાથે જોડી દેવામાં આવ્યું. ત્યારબાદ ૧૭૦૭ના 'એક્ટ ઓફ યુનિયન' અંતર્ગત ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડની સંસદોનું વિલીનીકરણ થયું અને 'ગ્રેટ બ્રિટન' અસ્તિત્વમાં આવ્યું. આ સંધિ છતાં સ્કોટલેન્ડે તેની આગવી કાયદાકીય પ્રણાલી જેને સ્કોટ્સ લો, શિક્ષણ વ્યવસ્થા અને ધાર્મિક ઓળખ જાળવી રાખી હતી. આ ત્યારબાદ ત્રીજા તબક્કામાં સમગ્ર આયર્લેન્ડ ૧૮૦૧માં યુકેનો ભાગ બન્યું હતું. જોકે, ૨૦મી સદીની શરૂઆતમાં થયેલા સશસ્ત્ર રાષ્ટ્રવાદી સંઘર્ષ પછી ૧૯૨૧માં આયર્લેન્ડનું વિભાજન થયું. દક્ષિણનો મોટો હિસ્સો આઝાદ થઈને 'રિપબ્લિક ઓફ આયર્લેન્ડ' બન્યો, જ્યારે પ્રોટેસ્ટન્ટ બહુમતી ધરાવતો ઉત્તરી ભાગ નોર્ધન આયર્લેન્ડ યુકે સાથે જોડાયેલો રહ્યો. મહત્ત્વની વાત એ છે કે, આ રીતે બનેલું યુકે કાગળ પર એક દેશ હોવા છતાં તેની અંદર ચાર અલગ-અલગ ઐતિહાસિક રાષ્ટ્રો વસેલા છે. વર્તમાન સમયની સમસ્યાઓની વાત કરીએ તો યુકેમાં રહેલા સમાવિષ્ટ દેશોમાં જ જાતભાતની ઈચ્છાઓ પ્રગટી છે. તેમાં સ્કોટલેન્ડમાં સ્વતંત્રતાની ભાવના વધારે પ્રબળ બનેલી છે. જાણકારોના મતે સ્કોટલેન્ડમાં સ્વતંત્રતાની માંગણી કોઈ અચાનક ઉભરેલો વિચાર નથી, પરંતુ દાયકાઓથી ચાલતી એક સંગઠિત રાજકીય ચળવળ છે. સ્કોટિશ નેશનલ પાર્ટીના ઉદય સાથે આ મુદ્દો સ્કોટિશ રાજકારણના કેન્દ્રમાં આવ્યો છે. સ્કોટલેન્ડમાં ઊભા થયેલા અસંતોષ પાછળ ઘણા પરિબળો જવાબદાર માનવામાં આવે છે.



સ્કોટલેન્ડના મતદારો સામાન્ય રીતે ડાબેરી કે મધ્યમ-માર્ગીય એટલે કે સોશિયલ ડેમોક્રેટિક પક્ષો તરફ વધુ ઢળેલા છે. તેનાથી વિપરીત, વેસ્ટમિન્સ્ટર (લંડન)માં મોટાભાગે કન્ઝર્વેટિવ પક્ષની સરકાર રહી છે. સ્કોટિશ નાગરિકોને લાગે છે કે તેઓ જે સરકારને મત આપતા નથી, તે સરકાર તેમના પર શાસન ચલાવે છે. આ સિવાય સ્કોટલેન્ડ પાસે ઉત્તર સમુદ્રમાં કુદરતી તેલ અને ગેસના વિપુલ ભંડાર છે તેમજ રિન્યુએબલ એનર્જીમાં તે અગ્રેસર છે. સ્વતંત્રતા સમર્થકો માને છે કે જો સ્કોટલેન્ડ આઝાદ થાય, તો તે નોર્વેની જેમ પોતાના સંસાધનોનું નિયમન કરીને સમૃદ્ધ કલ્યાણકારી દેશ બની શકે છે. આ સિવાય ૧૯૯૯માં સ્કોટિશ સંસદની પુન:સ્થાપના પછી સ્કોટલેન્ડે આરોગ્ય અને શિક્ષણ જેવા વિષયોમાં પોતાની નીતિઓ બનાવી, જે દર્શાવે છે કે તેઓ પોતાનો વહીવટ ચલાવવા સક્ષમ છે. આ અંસતોષની સ્થિતિ જાણવા અને સ્કોટલેન્ડના લોકો કઈ દિશામાં આગળ વધવા માગે છે તે જાણવા ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સ્કોટલેન્ડમાં ઐતિહાસિક જનમત સંગ્રહ યોજાયો હતો. આ મતદાન દરમિયાન અંદાજે ૫૬ ટકા લોકોએ આઝાદીની વિરુદ્ધમાં જ્યારે ૪૪ ટકા લોકોએ આઝાદીની તરફેણમાં મતદાન કર્યું હતું. આ ચૂંટણી દરમિયાન મતદાનનું પ્રમાણ આશરે ૮૪.૬% જેટલું અભૂતપૂર્વ રહ્યું હતું. તે સમયે બ્રિટિશ સરકારે વચન આપ્યું હતું કે આ ઘટના વન્સ ઈન એ જનરેશન જેવી છે. ત્યારબાદ આ દિશામાં કોઈ નક્કર પગલાં લેવાયા નહોતા.

જાણકારોના મતે સ્કોટલેન્ડ મુદ્દે મતદાન થયાના બે વર્ષ બાદ સ્થિતિ વધુ વણસવા લાગી હતી. ખાસ કરીને ૨૦૧૬માં થયેલ બ્રેક્ઝિટ જનમત સંગ્રહે યુકેના રાજકીય માળખાને હચમચાવી દીધું. સમગ્ર યુકેના સ્તરે ૫૨% લોકોએ યુરોપિયન યુનિયન (EU) છોડવાની તરફેણમાં મતદાન કર્યું, પરંતુ પ્રાદેશિક આંકડા સંપૂર્ણપણે અલગ હતા. ઈંગ્લેન્ડમાં ૪૭ ટકા લોકો ઈયુમાં રહેવા જ્યારે ૫૩ ટકા ઈયુ છોડવા માગતા હતા. તેવી જ રીતે વેલ્સના ૪૭.૫ ટકા લોકો યુરોપમા જોડાયેલા રહેવા જ્યારે ૫૨.૫ ટકા લોકો ઈયુ છોડવાની વાત કરતા હતા. આ સિવાય સ્કોટલેન્ડમાં ૬૨ ટકા લોકો યુરોપીયન યૂનિયનમાં રહેવા જ્યારે માત્ર ૩૮ ટકા લોકો તેને છોડવા માગતા હતા. નોર્ધન આર્યલેન્ડમાં પણ ૫૬ ટકા લોકો ઈયુ સાથે જોડાયેલા રહેવા અને ૪૪ ટકા લોકો તેને છોડવાની તરફેણ કરતા હતા. સ્કોટલેન્ડના ૬૨% અને નોર્ધન આયર્લેન્ડના આશરે ૫૬% લોકોએ યુરોપિયન યુનિયન સાથે જોડાયેલા રહેવા મત આપ્યો હતો. છતાં, ઈંગ્લેન્ડની મોટી વસ્તીના બહુમતી મતોને કારણે સમગ્ર યુકેને EUમાંથી બહાર નીકળવું પડયું.

સ્કોટલેન્ડના લોકો માટે આ એક મોટો રાજકીય આંચકો હતો. આ પહેલાં ૨૦૧૪ના જનમત સંગ્રહમાં ઘણા સ્કોટિશ નાગરિકોએ યુકેમાં રહેવા માટે એટલા માટે મત આપ્યો હતો કે યુકે છોડવાથી તેઓ EUમાંથી પણ બહાર થઈ જશે. પરંતુ ૨૦૧૬માં યુકે સાથે રહેવા છતાં તેમને અનિચ્છાએ EUમાંથી બહાર ધકેલી દેવામાં આવ્યા. આ ઘટનાએ બીજા જનમત સંગ્રહની માંગને બળવત્તર બનાવી.

મહત્ત્વની વાત એ છે કે, સ્કોટલેન્ડની સ્થાનિક સરકારે બીજો સ્વતંત્રતા જનમત સંગ્રહ યોજવા માટે કાયદાકીય પ્રક્રિયા શરૂ કરી હતી. જોકે, આ મામલો યુકેની સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો. યુકેની સુપ્રીમ કોર્ટે ૨૦૨૨માં સર્વાનુમતે ચુકાદો આપ્યો કે ૧૯૯૮ના 'સ્કોટલેન્ડ એક્ટ' મુજબ બંધારણ અને સંઘને લગતા તમામ વિષયો વેસ્ટમિન્સ્ટર (બ્રિટિશ સંસદ)ના અધિકાર હેઠળ આવે છે. તેથી, બ્રિટિશ સંસદની મંજૂરી વિના સ્કોટિશ સંસદ પોતાની રીતે સ્વતંત્રતા અંગે જનમત સંગ્રહ કરાવી શકે નહીં. આ મુદ્દે કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે ૨૦૧૪માં જનમત સંગ્રહ થઈ ચૂક્યો હોવાથી ફરી મંજૂરી આપવામાં આવશે નહીં. આનાથી લોકશાહી અધિકાર અને બંધારણીય કાયદા વચ્ચે મોટો સંઘર્ષ ઊભો થયો છે.

બીજી તરફ જીએ તો નોર્ધન આયર્લેન્ડની સ્થિતિ સ્કોટલેન્ડ કરતાં સંપૂર્ણપણે અલગ અને વધુ સંવેદનશીલ છે. અહીં પ્રશ્ન યુકેથી સ્વતંત્ર થઈને નવો દેશ બનાવવાનો નથી, પરંતુ આયર્લેન્ડ ટાપુનું પુન: એકીકરણ કરીને રિપબ્લિક ઓફ આયર્લેન્ડ સાથે જોડાવવાનો છે. તેના ઈતિહાસ ઉપર નજર કરીએ તો ૧૯૬૦ના દાયકાના અંતથી ૧૯૯૮ સુધી નોર્ધન આયર્લેન્ડમાં લોહિયાળ આંતરિક સંઘર્ષ ચાલ્યો, જેને 'ધ ટ્રબલ્સ' તરીકે ઓળખવામાં આવે છે. નોર્ધન આયર્લેન્ડને યુકેનો હિસ્સો જાળવી રાખવા માંગતા લોયાલિસ્ટ (મોટાભાગે પ્રોટેસ્ટન્ટ) તથા યુકેથી અલગ થઈને સંયુક્ત આયર્લેન્ડ બનાવવા માંગતા નેશનલિસ્ટ (મોટાભાગે કેથોલિક) વચ્ચે સંઘર્ષ ચાલ્યો. આ ત્રણ દાયકાના હિંસક સંઘર્ષમાં ૩,૫૦૦થી વધુ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ત્યારબાદ ૧૦ એપ્રિલ ૧૯૯૮ના રોજ ઐતિહાસિક શાંતિ કરાર થયો જેને પ્રિન્સિપલ ઓફ કન્સેન્ટ કહેવાય છે. તેમાં નક્કી થયું કે, નોર્ધન આયર્લેન્ડ ત્યાં સુધી જ યુકેનો હિસ્સો રહેશે જ્યાં સુધી ત્યાંની બહુમતી જનતા તેમ ઈચ્છે. જો ભવિષ્યમાં એવું સ્પષ્ટ જણાય કે લોકો આયર્લેન્ડ રિપબ્લિક સાથે જોડાવા માંગે છે, તો બ્રિટિશ સરકારે મતદાન કરાવવું પડશે.

જાણકારોના મતે સ્થિતિ ત્યારે બદલાઈ જ્યારે બ્રેક્ઝિટ પછી નોર્ધન આયર્લેન્ડ અને રિપબ્લિક ઓફ આયર્લેન્ડ વચ્ચે ભૌતિક સીમા ન બને તે માટે યુકે અને ઈયુ વચ્ચે ખાસ સમજૂતી થઈ. પરિણામે, ગ્રેટ બ્રિટન (ઈંગ્લેન્ડ-સ્કોટલેન્ડ)થી નોર્ધન આયર્લેન્ડ આવતા સામાનની આઈરિશ સમુદ્રમાં ચકાસણી શરૂ થઈ. આનાથી લોયલિસ્ટ જૂથોમાં ભારે નારાજગી ફેલાઈ છે, કારણ કે તેમને લાગે છે કે નોર્ધન આયર્લેન્ડ આર્થિક રીતે બાકીના યુકેથી અલગ પડી રહ્યું છે.

તાજેતરની ચૂંટણીઓમાં આઈરિશ એકીકરણની હિમાયત કરનાર પક્ષ શિન ફેનના વિજયે આ ચર્ચાને વધુ વેગ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, યુકેનો જ ભાગ ગણાતું વેલ્સ પરંપરાગત રીતે ઈંગ્લેન્ડ સાથે સૌથી વધુ ગાઢ રીતે જોડાયેલું રહ્યું છે અને ૨૦૧૬માં તેણે બ્રેક્ઝિટની તરફેણમાં મતદાન પણ કર્યું હતું. છતાં, તાજેતરના વર્ષોમાં ત્યાં પણ સ્વતંત્રતાની માંગણી કરતો 'પ્લેડ સિમરુ' પક્ષ અને 'યસસાયમરૂ' જેવી નાગરિક ચળવળો મજબૂત બની છે. વેલ્સની રાજધાની કાર્ડિફ ખાતે સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડના રાષ્ટ્રવાદી નેતાઓની બેઠકો એ સંકેત આપે છે કે કેન્દ્ર સરકાર સામે પ્રાદેશિક પક્ષો એક સંયુક્ત મોરચો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જાણકારો સ્પષ્ટપણે માને છે કે, જો યુકેમાંથી સ્કોટલેન્ડ કે નોર્ધન આયર્લેન્ડ અલગ થાય, તો તેના ભૌગોલિક, આથક અને વૈશ્વિક પરિણામો અત્યંત ગંભીર આવી શકે છે. યુકે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું કાયમી સભ્ય છે અને G7 તેમજ નાટોમાં અગ્રણી ભૂમિકા ભજવે છે. જો તેનો જ એક મોટો હિસ્સો અલગ થઈ જાય, તો વૈશ્વિક મંચ પર બ્રિટનનું કદ અને પ્રભાવ નોંધપાત્ર રીતે ઘટી જશે. આ ઉપરાંત યુકેનું પરમાણુ સબમરીન બેઝ સ્કોટલેન્ડના ફાસ્લેન ખાતે આવેલું છે.

પ્રેમ,સમર્પણ અને ભક્તિની સાક્ષાત મૂર્તિ શ્રી રાધાજીનો પાવન પ્રાગટ્ય મહોત્સવ.. રાધાષ્ટમી : રાધા તત્વ -પ્રેમનું શિખર અને ભક્તિનો પ્રાણ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

મેઘ, મૃત્યુ અને મહોત્સવ વચ્ચે જીવનનો બોધ ભાદરવાના આ દિવસોમાં કુદરત બે રૂપ બતાવી રહી છે.એક તરફ લાંબી રાહ જોવડાવ્યા બાદ મેઘરાજાએ બનાસકાંઠા, વાવ-થરાદ, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં મહેર કરી છે, ખેતરો લીલાછમ થયા છે અને સર્વત્ર આનંદ ઉત્સવનું વાતાવરણ છે. તો બીજી તરફ વાવ-થરાદના જાણીતા કોમેડિયન ગુજ્જુ લવ ગુરુ ચંદન રાઠોડના માર્ગ અકસ્માત માં થયેલા દુઃખદ મૃત્યુના સમાચારે સૌને વિચારતા કરી દીધા છે. આનંદ અને શોક, જીવન અને મૃત્યુ એક જ સિક્કાની બે બાજુ છે.આ જ ક્ષણ ભંગુર જીવનમાં શાશ્વત શું છે? આ પ્રશ્નનો જવાબ આપણા ઋષિઓએ પ્રેમમાં શોધ્યો છે, અને તે પ્રેમનું સૌથી ઉચ્ચતમ સ્વરૂપ એટલે રાધા તત્વ.

આજે જ્યારે ચારે તરફ ભાદરવાની ભક્તિની સુગંધ છે, ત્યારે આપણે રાધાષ્ટમીના પાવન પર્વ પર છીએ. ભગવાન શ્રીકૃષ્ણની મુખ્ય સંગિની દેવી રાધાના જન્મોત્સવની ઉજવણી કરતો આ હિંદુ તહેવાર માત્ર એક જન્મદિવસ નથી, તે પ્રેમ, સમર્પણ અને ભક્તિના શિખરનો ઉત્સવ છે.

રાધાષ્ટમી ક્યારે અને ક્યાં?રાધાષ્ટમી નો તહેવાર દર વર્ષે ભાદરવા મહિનાના શુક્લ પક્ષની અષ્ટમી તિથિએ, અનુરાધા નક્ષત્રમાં બપોરે ૧૨વાગ્યે ઉજવવામાં આવે છે તેનું મુખ્ય જન્મસ્થળ ઉત્તર પ્રદેશના બરસાના, જેને રાવલ નગર પણ કહેવાય છે, અને સમગ્ર વ્રજ ક્ષેત્રમાં તેની અદ્ભુત ઉજવણી થાય છે. ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ તેમની જન્મતારીખ ૨૩ સપ્ટેમ્બર ૩૨૨૧ ઈ.સ.પૂર્વે,બુધવાર માનવામાં આવે છે. રાધાષ્ટમી કૃષ્ણ જન્માષ્ટમીના બરાબર પંદર દિવસ પછી આવે છે. આ ક્રમ પણ સૂચક છે. પહેલા કૃષ્ણ એટલે પરમતત્વનો જન્મ, અને પછી રાધા એટલે તે તત્વ પ્રત્યેના પ્રેમનો જન્મ. કૃષ્ણ વિના રાધા અધૂરી છે અને રાધા વિના કૃષ્ણ અધૂરા છે.

શાસ્ત્રોમાં રાધા તત્વનું મહત્વ

વૈષ્ણવ સંપ્રદાયમાં રાધાને કૃષ્ણની શાશ્વત સંગિની તરીકે પૂજવામાં આવે છે. તેઓ માત્ર ગોપી નથી, તેઓ હ્લાદિની શક્તિ છે. કૃષ્ણ શક્તિમાન છે અને રાધા તેમની શક્તિ છે. તેમના નિઃશરત પ્રેમ અને અટલ ભક્તિ માટે તેમની આરાધના કરવામાં આવે છે.

સંસ્કૃત ગ્રંથ 'પદ્મ પુરાણ'ના ખંડ-૫ ના 'ભૂમિ ખંડ'ના સાતમા અધ્યાયમાં રાધાષ્ટમીના ઉત્સવની વિગતવાર માહિતી અને વિધિઓનું વર્ણન છે. 'સ્કંદ પુરાણ' ના 'વિષ્ણુ ખંડ'માં ઉલ્લેખ છે કે ભગવાન કૃષ્ણ ની સોળ હજાર ગોપીઓ હતી. જેમાંથી દેવી રાધા સર્વોપરી,સૌથી મુખ્ય હતાં.

રાધાજીના પ્રાગટ્યની કથા પણ દિવ્ય છે. રાજા વૃષભાનુ અને તેમના પત્ની કીર્તિદાને દેવી રાધા એક સરોવરમાં સુવર્ણ કમળ પર બિરાજમાન અવસ્થામાં મળી આવ્યાં હતાં. તેઓ યોનિજ નથી, અયોનિજા છે. લોકવાયકા અનુસાર, જ્યાં સુધી સ્વયં શ્રીકૃષ્ણ તેમની સમક્ષ પ્રગટ ન થયા, ત્યાં સુધી રાધાએ સંસારને જોવા માટે પોતાની આંખો ખોલી ન હતી. આ કથાનો આધ્યાત્મિક અર્થ છે કે સાચો ભક્ત પોતાની આંખો ત્યારે જ ખોલે છે જ્યારે તેને પોતાના પ્રિયતમ પ્રભુના દર્શન થાય. સંસારને જોવા માટે નહીં, પણ પરમાત્માને જોવા માટે જ આંખો છે.

રાધાષ્ટમીનો ઉત્સવ એ બાબત પણ સૂચવે છે કે દેવી રાધા લોકોના સામાજિક જીવનનું સંચાલન કરતી સાંસ્કૃતિક-ધાર્મિક શ્રદ્ધા પ્રણાલીનું એક મહત્વપૂર્ણ પાસું છે. તેઓ વ્રજની અધિષ્ઠાત્રી દેવી છે.

વ્રજમાં નવ દિવસનો ઉત્સવ અને વિવિધ સંપ્રદાયો રાધાષ્ટમીની ઉજવણી વિવિધ સંપ્રદાયો સાથે સંકળાયેલી છે - રાધા વલ્લભ સંપ્રદાય,ગૌડીય વૈષ્ણવવાદ, નિમ્બાર્ક સંપ્રદાય, પુષ્ટિમાર્ગ અને હરિદાસી સંપ્રદાય. દરેક સંપ્રદાયમાં રાધાજી પ્રેમની ગુરુ છે.

બ્રજ વિસ્તારમાં,ખાસ કરીને વૃંદાવનના રાધા વલ્લભ મંદિર અને સેવા કુંજ ખાતે આ ઉત્સવ નવ દિવસ સુધી ચાલે છે. નવ દિવસ સુધી અખંડ કીર્તન, રાસલીલા અને ભજન થાય છે. ઉજવણીના ભાગરૂપે રાધા અને કૃષ્ણની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે, અન્ન અને વસ્ત્રોનું દાન કરવામાં આવે છે અને સંગીત-નૃત્યના કાર્યક્રમો યોજાય છે.

પરંપરાગત રીતે ગૌડીય વૈષ્ણવ વાદના અનુયાયીઓ,જેમાં ઈસ્કોન ના ભક્તોનો પણ સમાવેશ થાય છે, અને રાધાજીના ભક્તો રાધાષ્ટમીનું વ્રત રાખે છે. સામાન્ય રીતે ભક્તો આ દિવસે અડધા દિવસનું વ્રત રાખે છે.જોકે એકાદશીની જેમ જ કેટલાક ભક્તો આખો દિવસ અને કેટલાક તો નિર્જળ વ્રત પણ રાખે છે. એવી માન્યતા છે કે જે કોઈ રાધાષ્ટમીનું વ્રત કરે છે, તેને કૃષ્ણ ભક્તિ સહજ પ્રાપ્ત થાય છે, કારણ કે રાધાને પ્રસન્ન કર્યા વિના કૃષ્ણ પ્રસન્ન થતા નથી.

દુર્લભ ચરણ દર્શન અને પૂજા વિધિ

રાધાષ્ટમીનું સૌથી મોટું આકર્ષણ અને રહસ્ય છે - ચરણ દર્શન. બ્રજમાં કહેવાય છે કે વર્ષના 364 દિવસ રાધારાણીના ચરણો ઢંકાયેલા રહે છે. માત્ર રાધાષ્ટમીના દિવસે જ ભક્તોને તેમના ચરણ કમળના દર્શન થાય છે. આનું કારણ છે કે રાધાજીના ચરણોમાં સ્વયં કૃષ્ણ નિવાસ કરે છે. જે તેમના ચરણ પકડી લે છે, તે કૃષ્ણને પામી જાય છે.

ઉત્સવની શરૂઆત વિધિવત સ્નાનથી થાય છે. ઘરો અને મંદિરોમાં દેવી રાધાની મૂર્તિને પંચામૃત દૂધ,ઘી,મધ,ખાંડ/ગોળ અને દહીંના મિશ્રણથી સ્નાન કરાવવામાં આવે છે. ત્યારબાદ તેમને નવા વસ્ત્રો, શૃંગાર અને સંપૂર્ણપણે ફૂલોથી શણગારવામાં આવે છે. ભોગ તરીકે બ્રજની વિશેષ વાનગીઓ જેવી કે માખણ-મિશ્રી, રબડી, માલપુઆ તૈયાર કરવામાં આવે છે અને ભોગ -પ્રસાદ અર્પણ કરવામાં આવે છે.

આ દિવસે ભક્તો દિવ્ય યુગલ રાધા -કૃષ્ણ અને તેમની લીલાઓના ગુણ ગાન ગાતા ભક્તિગીતો ગાય છે. ઈસ્કોન મંદિરોમાં આ દિવસે રાધા રાણીનો વિશેષ મહાભિષેક કરવામાં આવે છે, જેના દર્શન માટે હજારો ભક્તો ઉમટે છે.

રાધા નામનો મહામંત્ર રાધાષ્ટમીના દિવસે જે મંત્રોનો જાપ કરવામાં આવે છે તે અતિ પવિત્ર છે

'ઓમ્ વૃષભાનુજાયૈ વિદ્મહે કૃષ્ણ પ્રિયાયૈ ધીમહિ તન્નો રાધા પ્રચોદયાત્' આ રાધા ગાયત્રી મંત્ર છે.અને સૌથી સરળ છતાં સૌથી શક્તિશાળી મંત્ર છે - *'રાધે રાધે' વ્રજમાં કહેવાય છે કે કૃષ્ણનું નામ જપવાથી કૃષ્ણ દોડી આવે છે, પણ રાધા નામ જપવાથી કૃષ્ણ જ નહીં, રાધા સાથે કૃષ્ણ દોડી આવે છે. કારણ કે કૃષ્ણને પોતાના નામ કરતા રાધાનું નામ વધુ પ્રિય છે. જીવનનો સાચો બોધ આજે જ્યારે આપણે એક તરફ વરસાદના આનંદ માં છીએ અને બીજી તરફ અકાળ મૃત્યુના શોકમાં છીએ,ત્યારે રાધાષ્ટમી આપણને જીવનનો મધ્યમ માર્ગ શીખવે છે.

સામે ચાલીને પેટમાં શૂળ ઊભું કરવાના બિઝનેસમાં કેન્દ્ર સરકારને ભારે ફાવટ

જીડીપીના આંકડા બહાર આવ્યા ત્યારે સરકારની ખુશીને આંચકો આપીને કોંગ્રસે કહ્યું હતું કે આ આંકડા ભ્રામક છે

સામે ચાલીને પેટમાં શૂળ ઉભું કરવાના બિઝનેસમાં મોદી સરકારને ફાવટ આવી ગઈ હોય એમ લાગે છે. ક્યારેક ઈથેનોલ બ્લેન્ડીંગ પર વિવાદ થાય છે તો ક્યારેક લોકોના રોજીંદા પેમેન્ટના વ્યવહારો પર વિવાદ થાય છે. આર્થિક તંત્રમાં સિસ્ટમની એવી છટકબારીઓ છે કે કોમનમેન તેમાં ગુંચવાયા કરે છે. લોકોને વન+વન માં આસાનીથી સમજાવી શકાય છે તેના બદલે મોદી સરકારના પ્રધાનો અને તેમના આર્થિક નિષ્ણાતો વાતને ગોળ ગોળ ફેરવીને બોલવા ટેવાયેલા છે.



દેશની કમનસીબી સોશ્યલ નેટવર્ક પણ બની ગયું છે. તે દરેક મુદ્દાને પોતાની મનસ્વી રીતે ચગવે છે અને લોકોના માથે તેમની વાતોને ફટકાર છે. તાજેતરમાં યુપીઆઈ પેમેન્ટનો વિવાદ એટલા માટે ચગ્યો છે કે સરકારે સ્પષ્ટ વાતોથી દૂર રહીને ૨૦૦૦ રૂપિયાના ટ્રાન્ઝેકશનને વળગી રહી છે. છેલ્લા એક મહિનામાં બીજીવાર યુપીઆઈનો વિવાદ ચગ્યો છે. નાણા મંત્રાલય અને વડાપ્રધાનના કાર્યાલય વચ્ચે માહિતીની આપ-લેની સિસ્ટમ (કોમ્યુનિકેશન ગેપ)નબળી હોય એમ દેખાઈ આવે છે. મજા તો એ વાતની છેકે એનડીએ સરકાર વિપક્ષોને સામે ચાલીને વિવાદના મુદ્દા આપે છે અને લોકોની મોદી સરકાર તરફી નારાજગીમાં વધારો કરે છે.

વિવાદો એવા થાય છેકે વડાપ્રધાનનું કાર્યાલય મૂંગું રહીને તમાશો જોયા કરે છે. આક્ષેપ તો એવા પણ થઈ રહ્યા છે કે સરકાર મૂળ સળગતા મુદ્દા જેવા કે મોંઘવારી અને બેરોજગારી પર લોકોનું ધ્યાન કેન્દ્રિત થાય તે પહેલાંજ અન્ય કોઈ મુદ્દો ફરતો કરી દે છે. નવો મુદ્દો એકાદ અઠવાડીયું ચાલે છે ત્યારે પડદા પાછળ નવો મુદ્દો તૈયાર કરી દેવાય છે. રાહુલ ગાંધીએ યુપીઆઈનો મુદ્દો હાથમાં પકડયો છે અને આક્ષેપ કર્યો છે કે અમેરિકાના પ્રેશર આગળ મોદી સરકાર ઝૂકી ગઈ છે. પોતાની વાતને મજબૂતાઈથી રજૂ કરવા માટે તે જાણીતા છે. મોદી સરકારને રાહુલ ગાંધીએ કહ્યું છેકે યુપીએ પરનો તમારો નિર્ણય પાછો ખેંચો.

ગઈ ૧૦ ઓગસ્ટે રાજ્યસભામાં નાણાપ્રધાને કહ્યું હતું કે યુપીઆઈ ટ્રાન્ઝેકશન પર કોઈ ટેક્ષ નહીં લાગે. રાહુલ ગાંધીનો મત એવો છેકે વેપારીઓ પર બોજો આવશે તો તે બોજો તરતજ ગ્રાહક પર ટ્રાન્સફર કરી દેશે. અહીં કન્યાના કેડે ભાર જેવું સાબિત થશે. ક્રિપ્ટો કરન્સીના કેસમાં દેશમાં તે માન્ય નથી છતાં તેના એક્સચેન્જ સેન્ટરો ભારતમાં જોવા મળે છે. ભારતમાં થતા ભપકાદાર લગ્નોના ખર્ચા ક્રિપ્ટો કરંસીથી ચૂકવવામાં આવે છે એવું નેટવર્ક પકડાયું હોવા છતાં સરકાર આવું નેટવર્ક રોકી શકતી નથી. ક્રિપ્ટો કરંસીની આખી ઈકો સિસ્ટમ બે નંબરી પૈસો અને મની લોન્ડરીંગ સાથે સંકળાયેલી છે. લોકોને સરકાર કહે છેકે ક્રિપ્ટો કરંસીની લે વેચમાં પકડાશો તો કાયદેસરના પગલાં લેવાશે કેમકે દેશમાં ક્રિપ્ટો ગેરકાયદેસર છે.

ક્રિપ્ટો પર પ્રતિબંધ એટલે તેનો વપરાશ ના થઈ શકે કે તેના મારફતે કરાયેલા પેમેન્ટમાં થતા ફડચા બાબતે કોઈ ફરિયાદ ના કરી શકાય. લોકોની નજરમાં મોદી સરકાર બંને ગૃહોમાં બહુમતી ધરાવે છે. પરંતુ છેલ્લું ચોમાસું સત્ર વિપક્ષના હોબાળા વચ્ચે લગભગ નિષ્ફળ ગયું છે. જો સરકારની બહુમતી હોય તો પછી સત્ર ચાલતું કેમ નથી તે બાબતે પણ ચર્ચા ચાલે છે. ગયા અઠવાડીયે જ્યારે જીડીપીના આંકડા બહાર આવ્યા ત્યારે સરકારની ખુશીને આંચકો આપીને કોંગ્રસે કહ્યું હતું કે આ આંકડા ભ્રામક છે.

એવું લાગે છે કે સરકાર પાસે વિપક્ષના જવાબનો વળતો પ્રહાર કરી શકે એવા પ્રવક્તાઓ નથી. અન્ય વિપક્ષી નેતાઓ રાહુલ ગાંધી સાથે એક થઈને સામે ઊભા રહે છે અને તેમના વિચારને સંમતિ આપે છે. જીડીપીના આંકડાને ભ્રામક કહેવામાં આવ્યા ત્યારે સરકારે વળતો પ્રહાર કરીને ખુલાસો કરવાનો હતો પરંતુ સરકારે કોંગ્રેસ દેશને ગેરમાર્ગે દોરે છે એમ કહીને સાચી વાતનો ખુલાસો નહોતો કર્યો. મોંઘવારીનો આંકડો હોય કે સત્તાવાર સરકારના આંકડા હોય પરંતુ કોંગ્રેસ તેનો દાંત કચકચાવીને વિરોધ કરે છે. બ્રિક્સના દેશોની બેઠક દિલ્હીમાં યોજાઈ ત્યારે પણ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ તેનો વિરોધ કર્યો હતો.

રોજીંદા સ્તરે યુપીઆઈથી ખરીદી કરનારને એક પણ પૈસો ચૂકવવાનો નથી અને વેપારી પણ પોતાના પર લદાયેલો યુપીઆઈ ટેક્ષ પ્રજાના માછે ટ્રાન્સફર કરી શકે નહીં એવી સ્પષ્ટ વાત સરકાર કરતી નથી માટે તેના પગલાં પર શંકા સેવાઈ રહી છે. ઈ ૨૦, ક્રિપ્ટો, યુપીઆઈ જેવા પગલામાં સરકાર સાચી હોવા છતાં વિપક્ષની જાળમાં ફસાઈ ગઈ છે. છેલ્લા એક મહિનામાં બીજીવાર યુપીઆઈનો વિવાદ ચગ્યો છે. નાણા મંત્રાલય અને વડાપ્રધાનના કાર્યાલય વચ્ચે માહિતીની આપ-લેની સિસ્ટમ (કોમ્યુનિકેશન ગેપ)નબળી હોય એમ દેખાઈ આવે છે. મજા તો એ વાતની છેકે એનડીએ સરકાર વિપક્ષોને સામે ચાલીને વિવાદના મુદ્દા આપે છે અને લોકોની મોદી સરકાર તરફી નારાજગીમાં વધારો કરે છે. વિવાદો એવા થાય છેકે વડાપ્રધાનનું કાર્યાલય મૂંગું રહીને તમાશો જોયા કરે છે. આક્ષેપ તો એવા પણ થઈ રહ્યા છે કે સરકાર મૂળ સળગતા મુદ્દા જેવા કે મોંઘવારી અને બેરોજગારી પર લોકોનું ધ્યાન કેન્દ્રિત થાય તે પહેલાંજ અન્ય કોઈ મુદ્દો ફરતો કરી દે છે. નવો મુદ્દો એકાદ અઠવાડીયું ચાલે છે ત્યારે પડદા પાછળ નવો મુદ્દો તૈયાર કરી દેવાય છે. રાહુલ ગાંધીએ યુપીઆઈનો મુદ્દો હાથમાં પકડયો છે અને આક્ષેપ કર્યો છે કે અમેરિકાના પ્રેશર આગળ મોદી સરકાર ઝૂકી ગઈ છે.

અમદાવાદ મંડળ પર 'સ્વચ્છતા એ જ સેવા 2026' અભિયાનની થઈ શરૂઆત

ડીઆરએમ વેદ પ્રકાશ એ રેલવે અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતાની શપથ અપાવી







અમદાવાદ, તા.18

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર 'સ્વચ્છતા એ જ સેવા-2026' અભિયાનનો શુભારંભ તારીખ 17 સપ્ટેમ્બર 2026 ના રોજ કરવામાં આવ્યો હતો. આ અભિયાન 02 ઓક્ટોબર 2026 સુધી આયોજિત કરવામાં આવશે. આ વર્ષે અભિયાનનો મુખ્ય વિષય "સ્વચ્છતામાં સહભાગિતા; સ્વચ્છ ભારત, વિકસિત ભારત" છે. આના પછી 'સ્વચ્છતા પખવાડિયું-2026' નું આયોજન 01 ઓક્ટોબરથી 15 ઓક્ટોબર 2026 સુધી કરવામાં આવશે. 'સ્વચ્છતા એ જ સેવા 2026' અભિયાન હેઠળ સ્વચ્છ સ્ટેશન, સ્વચ્છ સંકુલ અને સ્વચ્છ પર્યાવરણના ઉદ્દેશથી વિવિધ સ્વચ્છતા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અભિયાન હેઠળ રેલવે સંકુલોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવાની સાથે-સાથે જનભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે.

અભિયાન હેઠળ મહેસાણા રેલવે સ્ટેશન પર મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને ઉપસ્થિત લોકોને સ્વચ્છતાની શપથ અપાવી. સૌએ પોતાના કામના સ્થળને અને આસપાસના વિસ્તારોને સ્વચ્છ રાખવાના તથા સ્વચ્છતા પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી ભજવવાના સંકલ્પ લીધા.

વિસનગર રેલવે સ્ટેશન પર મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વમાં વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું. આ દરમિયાન રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને ઉપસ્થિત લોકોએ સ્વચ્છ સ્ટેશન, સ્વચ્છ સંકુલ અને સ્વચ્છ પર્યાવરણ જાળવી રાખવાના સંકલ્પ લીધા તથા 'સ્વચ્છ રેલવે-સ્વચ્છ ભારત' ના નિર્માણમાં જનભાગીદારીની હાકલ કરવામાં આવી. આ જ ક્રમમાં

વિદ્યાર્થીઓએ કર્યું ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડેપોનું શૈક્ષણિક પરીભ્રમણ

'સ્વચ્છતા એ જ સેવા 2026' અભિયાન હેઠળ આયોજિત 'સ્વચ્છતા જ્ઞાન યાત્રા' દરમિયાન પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય, સાબરમતીના વિદ્યાર્થીઓએ ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડેપો, સાબરમતી (ICD-SBI) નું શૈક્ષણિક પરીભ્રમણ કર્યું.

પરીભ્રમણ દરમિયાન વિદ્યાર્થીઓને રેલવે કોચ અને ટ્રેનોની જાળવણી અને દેખરેખની પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. વિશેષ રૂપે બાયો-ટૉયલેટની કાર્યપદ્ધતિ અને સંસાલન પદ્ધતિને વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી તથા રેલવે દ્વારા સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ માટે કરવામાં આવી રહેલા પ્રયત્નોની માહિતી આપવામાં આવી.

આના પછી કૉન્ફરન્સ હૉલમાં વિદ્યાર્થીઓ માટે ચિત્રકળા હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણથી જોડાયેલા વિષયો પર પોતાની રચનાત્મક પ્રતિભાનું પ્રદર્શન કર્યું.

'સ્વચ્છતા એ જ સેવા 2026' હેઠળ 17 અને 18 સપ્ટેમ્બરના રોજ 'સ્વચ્છ પાઠશાળા-યુવા ફોર સ્વચ્છતા' પ્રવૃત્તિઓ મારફતે સ્વચ્છતા શપથ, સ્વચ્છતા જાગૃતિ અને પ્રદર્શન સત્ર, સ્વચ્છતા જ્ઞાન યાત્રા, શેરી નાટક, વિષય આધારિત કલા સ્પર્ધાઓ તથા દાન અને પુનઃ ઉપયોગ જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું. આ મારફતે વિદ્યાર્થીઓ, યુવાનો, રેલવે કર્મચારીઓ અને સામાન્ય જનતાને સ્વચ્છતા અભિયાન સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદના વસ્ત્રાલમાં 'સેવા સંકલ્પ અભિયાન' બાઇક રેલીનું ભવ્ય સ્વાગત

નગરજનોએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને વિવિધ સેવા સંકલ્પ પત્રો અર્પણ કર્યા.....

પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે વસ્ત્રાલવાસીઓએ લીધા સંકલ્પ: સ્વચ્છતા, વ્યસનમુક્તિ તેમજ અંગદાન-રક્તદાન સહિતના સંકલ્પ લીધા



અમદાવાદ, તા.18

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે યોજાયેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત બાઇક રેલી અમદાવાદના વસ્ત્રાલ મેટ્રો ચોકડી પાસે પહોંચતાં સ્થાનિક નગરજનો દ્વારા તેનું અદકેરું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાઇક રેલીનું નેતૃત્વ કરી રહેલા રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિત તમામ બાઇકર્સ પર નાગરિકોએ પુષ્પવર્ષા કરીને ઉષ્માભર્યું અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે વસ્ત્રાલ વિસ્તારના જાગૃત નાગરિકોએ પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે વ્યક્તિગત અને સામાજિક જવાબદારીના ભાગરૂપે સંકલ્પ પત્રો ભરીને નાયબ મુખ્યમંત્રીને સુપરત કર્યા હતા. આ સંકલ્પ પત્રોમાં નગરજનોએ અંગદાન, રક્તદાન, સ્વચ્છતા અભિયાનમાં સક્રિય સહયોગ, વૃક્ષારોપણ, વ્યસનમુક્તિ તેમજ જરૂરિયાતમંદ પરિવારોને યથાશક્તિ સહાય પહોંચાડવા જેવા વિવિધ સેવાકીય વિષયો પર અડગ સંકલ્પ લીધા હતા.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નાગરિકોના આ ઉત્સાહ અને સેવાભાવને બિરદાવતાં જણાવ્યું હતું કે, જનકલ્યાણ અને સેવાનો આ સંકલ્પ જ સાચા અર્થમાં પ્રધાનમંત્રીશ્રીના જન્મદિને ઉત્તમ ભેટ છે. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક અગ્રણીઓ, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

PM મોદીના જન્મદિવસે દીવડા પ્રગટાવવાના કાર્યક્રમ માટે સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓને ફરજિયાત બેસાડી રખાતા રોષ

અમદાવાદ, તા.18

પીએમ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સરકારી કચેરીઓ અને વિવિધ સરકારી સંસ્થાઓમાં સાંજે દીવડા પ્રગટાવવાનો કાર્યક્રમ યોજવા માટે સૂચનાઓ આપવામાં આવી હોવાના અહેવાલો વચ્ચે હવે સરકારી કોલેજોના વિદ્યાર્થીઓમાં પણ આ કાર્યક્રમને લઈને નારાજગી જોવા મળી રહી છે. સરકારના આદેશને પગલે વિવિધ સરકારી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને સાંજના સમયે કોલેજમાં હાજર રાખીને દીવડા પ્રગટાવવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થીઓને કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી રોકી રાખવામાં આવતા અને તેમની નિયમિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ફેરફાર કરવામાં આવતા વિરોધની સ્થિતિ ઊભી થઈ હતી.

મળતી માહિતી મુજબ, કમિશનર ઓફ ટેકનિકલ શિક્ષણ કચેરી દ્વારા રાજ્યની તમામ સરકારી ટેકનિકલ કોલેજોને સાંજના સમયે દીવડા પ્રગટાવવાનો કાર્યક્રમ યોજવા અને કાર્યક્રમના ફોટોગ્રાફ્સ ઈમેઈલ મારફતે મોકલવા માટે સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના પગલે કોલેજ સંચાલનો દ્વારા કાર્યક્રમની તૈયારીઓ શરૂ કરવામાં આવી



હતી. કાર્યક્રમના આયોજન સાથે વિદ્યાર્થીઓની હાજરી સુનિશ્ચિત કરવાની જવાબદારી પણ કોલેજો પર આવી હતી. જેના કારણે અનેક સ્થળોએ વિદ્યાર્થીઓને સાંજના સમયે કોલેજમાં હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી હતી.

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલી વિશ્વકર્મા ઈજનેરી કોલેજમાં આ મામલે વિદ્યાર્થીઓમાં ખાસ કરીને નારાજગી જોવા મળી હતી. કોલેજમાં હાલ મીડ સેમેસ્ટરની પરીક્ષાઓ ચાલી રહી છે અને પરીક્ષાનો સમય સામાન્ય રીતે સવારનો રાખવામાં આવ્યો હતો. પરંતુ દીવડા પ્રગટાવવાના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને પરીક્ષાનો સમય સવારથી બદલીને સાંજનો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો છે. પરીક્ષા પૂરી થયા બાદ વિદ્યાર્થીઓને સીધા જ દીવડા પ્રગટાવવાના કાર્યક્રમમાં જોડાવાનું કહેવામાં આવતાં વિદ્યાર્થીઓમાં અસંતોષ ફેલાયો હતો. વિદ્યાર્થીઓનું કહેવું હતું કે પરીક્ષાના સમયપત્રકમાં ફેરફારથી તેમની અભ્યાસની વ્યવસ્થા ખોરવાઈ હતી અને પરીક્ષા બાદ પણ તેમને ફરજિયાતપણે કાર્યક્રમમાં રોકાવું પડતું હોવાથી મુશ્કેલી ઊભી થઈ હતી.

વિદ્યાર્થીઓમાં એવી પણ ચર્ચા હતી કે કોલેજો દ્વારા આ પ્રકારના કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ સરકારને મોકલવાના હોવાથી કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની હાજરી વધુ રહે તે માટે તેમને રોકવામાં આવી રહ્યા છે. શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ અને પરીક્ષા જેવી નિયમિત પ્રક્રિયાઓની વચ્ચે ઉજવણીના કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને ફરજિયાત હાજર રહેવાની સૂચનાને લઈને કેટલાક વિદ્યાર્થીઓએ વાંધો વ્યક્ત કર્યો હતો. ખાસ કરીને પરીક્ષાનો સમય બદલીને કાર્યક્રમ સાથે જોડવામાં આવ્યો હોવાના આક્ષેપને કારણે મામલો વધુ ચર્ચામાં આવ્યો હતો.

બીજી તરફ, ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી તરફથી મળેલી સૂચનાઓના પગલે ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સહિતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ વિદ્યાર્થીઓને નોટિસ આપવામાં આવી હતી. નોટિસ મારફતે વિદ્યાર્થીઓને સાંજના સમયે યોજાનારા દીવડા પ્રગટાવવાના કાર્યક્રમમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું હતું. જેના કારણે નિયમિત કોલેજ સમય પૂર્ણ થયા બાદ પણ વિદ્યાર્થીઓને સંસ્થામાં રોકાવું પડ્યું હતું. કેટલાક વિદ્યાર્થીઓએ આ અંગે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે શૈક્ષણિક સંસ્થાઓમાં આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓની સંમતિ અને તેમની શૈક્ષણિક જવાબદારીઓનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. આ સમગ્ર ઘટનામાં એક તરફ સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઉજવણીના કાર્યક્રમોને લઈને તૈયારીઓ કરવામાં આવી રહી હતી, તો બીજી તરફ વિદ્યાર્થીઓને ફરજિયાત હાજરી અંગે વાંધો ઉઠાવતા કોલેજ સંચાલનો માટે પણ સ્થિતિ મુશ્કેલ બની હતી. સરકાર તરફથી મળેલી સૂચનાઓનું પાલન કરવું કે વિદ્યાર્થીઓની નિયમિત શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રાથમિકતા આપવી તે અંગે સંસ્થાઓ વચ્ચે પણ ચર્ચા જોવા મળી હતી. ખાસ કરીને પરીક્ષા જેવા મહત્વના શૈક્ષણિક કાર્યક્રમ વચ્ચે સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાના આક્ષેપે વિદ્યાર્થીઓની નારાજગીમાં વધારો કર્યો હતો. માત્ર કોલેજો જ નહીં, પરંતુ શાળા કક્ષાએ પણ વિવિધ કાર્યક્રમો અને કામગીરીને લઈને શિક્ષકોમાં રોષ હોવાની ચર્ચા છે. શિક્ષકોને એક તરફ સ્કૂલ ક્વોલિટી એકેડિટેશન સંબંધિત તાલીમમાં હાજરી આપવા માટેની કામગીરી સોંપવામાં આવી રહી હતી.

પશ્ચિમ રેલવે દ્વારા ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરાનું વિસ્તરણ

અમદાવાદ, તા.18

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા આગામી તહેવારોની સીઝન દરમિયાન યાત્રીઓની વધારાની ભીડને સમાયોજિત કરવાના ઉદ્દેશથી ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરાનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

1) ટ્રેન નંબર 01909 અસારવા-આગરા કેન્ટ સ્પેશિયલના ફેરાનું 24 નવેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ જ રીતે, ટ્રેન નંબર 01910 આગરા કેન્ટ-અસારવા સ્પેશિયલના ફેરાનું 23 નવેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે.

2) ટ્રેન નંબર 01906 અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના ફેરાનું 1 ડિસેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ જ રીતે, ટ્રેન નંબર 01905 કાનપુર સેન્ટ્રલ-અસારવા સ્પેશિયલના ફેરાનું 30 નવેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે.

પ્રયાગરાજ-ગાંધીગ્રામ સ્પેશિયલના ટર્મિનલમાં પરિવર્તન

3) ગાંધીગ્રામ સ્ટેશન પર પ્લેટફોર્મ સીમાઓને કારણે, 4 ઓક્ટોબર, 2026 થી શરૂ થનારી ટ્રેન નંબર 04112 ગાંધીગ્રામ-પ્રયાગરાજ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ, સાબરમતીથી ઓરિજિનેટ થશે તથા ટ્રેન નંબર 04180 સાબરમતી-પ્રયાગરાજ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ રૂપે ચાલશે. આ જ રીતે, 3 ઓક્ટોબર, 2026 થી શરૂ થનારી ટ્રેન નંબર 04111 પ્રયાગરાજ-ગાંધીગ્રામ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ, સાબરમતી સ્ટેશન પર ટર્મિનેટ થશે તથા ટ્રેન નંબર 04179 પ્રયાગરાજ-સાબરમતી દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ રૂપે ચાલશે.

ટ્રેન નંબર 04180 સાબરમતીથી 17.45 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 20.00 કલાકે પ્રયાગરાજ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર 04179 પ્રયાગરાજથી 16.00 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 15.40 કલાકે સાબરમતી પહોંચશે. તથા મહેસાણા અને ફતેહપુર વચ્ચે સમય અને સ્ટોપેજમાં કોઈ ફેરફાર થશે નહીં. ટ્રેન નંબર 01906 અસારવા - કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના સમયમાં ફેરફાર

ટૂંડલા સ્ટેશન પર પ્લેટફોર્મ સીમાઓને કારણે, 6 ઓક્ટોબર, 2026 થી અસારવાથી શરૂ થનારી ટ્રેન નંબર 01906 અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના ટૂંડલા, ફિરોજાબાદ અને ઈટાવા સ્ટેશનો પર સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ટ્રેન નંબર 01909, 01906 અને 04180 ના વિસ્તરણ કરાયેલા ફેરાનું બુકિંગ19 સપ્ટેમ્બર, 2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રેક સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

ગુજરાત યુનિવર્સિટીની સ્પોર્ટ્સ ફેસિલિટી માટે પ્રથમવાર સત્તાવાર પોલિસી, ટ્રેક-હોલના ઉપયોગ માટે ભાડાં નક્કી

અમદાવાદ, તા.18

ગુજરાત યુનિવર્સિટી દ્વારા કેમ્પસમાં ઉપલબ્ધ સ્પોર્ટ્સ ફેસિલિટીના ઉપયોગને લઈને પ્રથમવાર સત્તાવાર પોલિસી જાહેર કરવામાં આવી છે. યુનિવર્સિટીના સિન્થેટિક ટ્રેક, બેડમિન્ટન હોલ સહિત વિવિધ સ્પોર્ટ્સ હોલ અને મેદાનોનો ઉપયોગ કોણ કરી શકશે, તેના માટેની શરતો તેમજ તેના બદલામાં લેવામાં આવનાર ભાડાં નક્કી કરવામાં આવ્યા છે. અત્યાર સુધી સ્પોર્ટ્સ સુવિધાઓના ઉપયોગને લઈને અલગ-અલગ પ્રકારની વ્યવસ્થાઓ અને ચર્ચાઓ વચ્ચે હવે યુનિવર્સિટી દ્વારા નિયમિત અને સત્તાવાર માળખું ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી તંત્રના આ નિર્ણયથી એક તરફ આવકમાં વધારો થવાની શક્યતા છે તો બીજી તરફ સુવિધાઓના ઉપયોગમાં પારદર્શિતા લાવવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

દેશમાં કોમનવેલ્થ અને ઓલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ માટે ખેલાડીઓને તૈયાર કરવા અને રમતગમતની સુવિધાઓ વિકસાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આવા સમયે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પોતાની સ્પોર્ટ્સ ફેસિલિટીના ઉપયોગ માટે નિયમો નક્કી કરાતા આ નિર્ણયને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. યુનિવર્સિટી કેમ્પસમાં રહેલા સિન્થેટિક ટ્રેક સહિતની સુવિધાઓનો ઉપયોગ ખેલાડીઓ, ખાનગી સંસ્થાઓ અને વિવિધ સંગઠનો દ્વારા કરવામાં આવે છે. હવે આ તમામ ઉપયોગ માટે નિશ્ચિત નિયમો અને દર લાગુ કરવામાં આવશે, જેના કારણે સુવિધાઓના સંચાલન અને ઉપયોગની પ્રક્રિયા વધુ વ્યવસ્થિત બને તેવી અપેક્ષા છે.

નવી પોલિસી અનુસાર યુનિવર્સિટીના સિન્થેટિક ટ્રેક પર પ્રેક્ટિસ અથવા રમતગમતની તૈયારી કરવા માટે રાજ્ય કક્ષાએ અથવા રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધેલા એથ્લીટ્સ પાસેથી રૂ.1500 ભાડું લેવામાં આવશે. આ સુવિધાનો લાભ લેવા ઇચ્છતા એથ્લીટે પોતાની રમતગમતની લાયકાત સાબિત કરવા માટે સ્ટેટ અથવા નેશનલ કક્ષાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે. સાથે જન્મનું પ્રમાણપત્ર પણ રજૂ કરવાનું રહેશે. આ વ્યવસ્થાનો હેતુ ટ્રેકનો ઉપયોગ ખરેખર પાત્ર અને ગંભીરતાથી



રમતગમતની તૈયારી કરતા ખેલાડીઓ દ્વારા થાય તે સુનિશ્ચિત કરવાનો હોવાનું માનવામાં આવે છે.

બીજી તરફ, ખાનગી કંપનીઓ અથવા સંસ્થાઓ દ્વારા સિન્થેટિક ટ્રેક અને બેડમિન્ટન હોલમાં કોઈ ઈવેન્ટનું આયોજન કરવામાં આવે તો તેના માટે પણ અલગ દર નક્કી કરવામાં આવ્યો છે. અડધા દિવસ માટે રૂ.2500 અને આખા દિવસ માટે રૂ.5000 ભાડું વસૂલવામાં આવશે. આ ઉપરાંત નક્કી કરાયેલા ભાડા પર 18 ટકા જીએસટી પણ ચૂકવવો પડશે. આ રીતે ખાનગી સંસ્થાઓ દ્વારા યુનિવર્સિટીની રમતગમતની સુવિધાઓનો વ્યાવસાયિક અથવા ઈવેન્ટ આધારિત ઉપયોગ કરવામાં આવે ત્યારે યુનિવર્સિટીને નિર્ધારિત આવક મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

યુનિવર્સિટીના અન્ય સ્પોર્ટ્સ હોલ અને મેદાનો માટે પણ ઉપયોગ પ્રમાણે અલગ-અલગ દર નક્કી કરવામાં આવ્યા છે. બોક્સિંગ રિંગમાં ઈવેન્ટ યોજવા માટે રૂ.11,000 ભાડું રાખવામાં આવ્યું છે. જ્યારે વોલીબોલ, હેન્ડબોલ અને કબડ્ડીના મેદાનમાં ઈવેન્ટ યોજવા માટે રૂ.4000 ભાડું નક્કી કરવામાં આવ્યું છે. ટેબલ ટેનિસ તથા જુડો-કુસ્તી હોલ માટે રૂ.6000 ભાડું વસૂલવામાં આવશે. આ તમામ સુવિધાઓના ઉપયોગ માટે નક્કી કરાયેલા ભાડા ઉપરાંત 18 ટકા જીએસટી પણ લાગુ પડશે. અલગ-અલગ રમતગમતની સુવિધા માટે અલગ દર નક્કી કરવાથી યુનિવર્સિટી દ્વારા ઉપયોગના આધારે આવક મેળવવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

આ નવી પોલિસીનો એક મહત્વનો પાસું એ પણ છે કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે સિન્થેટિક ટ્રેક સહિતની કેટલીક રમતગમતની સુવિધાઓના ઉપયોગ માટે સવાર અને સાંજના ચોક્કસ સમય નક્કી કરવામાં આવ્યા છે. એટલે કે વિદ્યાર્થીઓને તેમની રમતગમતની પ્રવૃત્તિ માટે નિર્ધારિત સમયગાળા દરમિયાન સુવિધાનો ઉપયોગ કરવાની મંજૂરી મળશે. આ વ્યવસ્થાથી એક તરફ વિદ્યાર્થીઓને નિયમિત રીતે પ્રેક્ટિસ માટે સમય મળી શકે છે તો બીજી તરફ ખાનગી ઈવેન્ટ, ખેલાડીઓની પ્રેક્ટિસ અને યુનિવર્સિટીની અન્ય પ્રવૃત્તિઓ વચ્ચે પણ સમયનું આયોજન કરી શકાય તેવી સ્થિતિ ઊભી થશે.

યુનિવર્સિટી દ્વારા રેટ અને નિયમો જાહેર કરવામાં આવતા સ્પોર્ટ્સ ફેસિલિટીના સંચાલનમાં પારદર્શિતા લાવવાનો પ્રયાસ હોવાનું જણાવાઈ રહ્યું છે. અત્યાર સુધી સુવિધાઓના ઉપયોગ માટે સ્પષ્ટ અને એકસમાન દર ન હોવા અંગે જે પ્રશ્નો ઊભા થતા હતા, તેમાં હવે ઘટાડો થઈ શકે છે. સત્તાવાર દર જાહેર થયા બાદ કોઈ સંસ્થા અથવા વ્યક્તિ પાસેથી મનસ્વી રીતે રકમ વસૂલવામાં આવે તેવી શક્યતા ઘટી શકે છે અને આવક પણ યુનિવર્સિટીના સત્તાવાર તંત્રમાં જમા થાય તેવી વ્યવસ્થા મજબૂત બની શકે છે. આ સાથે વચેટિયાઓની દખલગીરી અટકાવવાનો હેતુ પણ આ નવી વ્યવસ્થામાં મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

જોકે, પોલિસી જાહેર થયા બાદ તેની સાથે જોડાયેલા કેટલાક જૂના પ્રશ્નો પણ ફરી ચર્ચામાં આવ્યા છે. ગુજરાત યુનિવર્સિટીમાં લાંબા સમયથી સ્પોર્ટ્સ ડિરેક્ટરની કાયમી જગ્યા ખાલી હોવાની અને સ્પોર્ટ્સ વિભાગમાં પૂરતો સ્ટાફ ઉપલબ્ધ ન હોવાની ચર્ચા છે. આવી સ્થિતિમાં કરોડો રૂપિયાની રમતગમતની સુવિધાઓનું નિયમિત સંચાલન, બુકિંગ પ્રક્રિયા, ખેલાડીઓની ચકાસણી, ઈવેન્ટનું આયોજન અને ફેસિલિટીના સમયપત્રકનું પાલન કેવી રીતે કરાવવામાં આવશે તે અંગે પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

અસારવા-ખેડબ્રહ્મા વચ્ચે મેલા સ્પેશિયલ ટ્રેન દોડશે, 19 સપ્ટેમ્બરથી....

અમદાવાદ, તા.18

ખેડબ્રહ્મામાં યોજાતા પ્રસિદ્ધ "ભાદરવી પૂનમ" મેળામાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન અને ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેવા પહોંચે છે. મેળા દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે,અમદાવાદ મંડળ દ્વારા શ્રદ્ધાળુઓ અને મુસાફરોની સુવિધા માટે અસારવા-ખેડબ્રહ્મા-અસારવા વચ્ચે મેલા સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિશેષ ટ્રેન વિશેષ ભાડા સાથે અનારક્ષિત રહેશે અને 19 સપ્ટેમ્બર 2026થી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ સંચાલિત કરવામાં આવશે.

સાબરકાંઠાના માનનીય સંસદસભ્ય શ્રીમતી શોભનાબેન બારૈયા તથા અમદાવાદ પશ્ચિમના માનનીય સંસદસભ્ય શ્રી દિનેશભાઈ મકવાણા દ્વારા "ભાદરવી પૂનમ" મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની સુવિધા માટે અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે વિશેષ ટ્રેન દોડાવવા અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશને અનુરોધ કરવામાં આવ્યો હતો. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ દ્વારા આ મેલા સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ટ્રેનની વિગતો આ મુજબ છે : ટ્રેન નંબર 09405/09406 અસારવા-ખેડબ્રહ્મા-અસારવા અનરિઝર્વ્ડ સ્પેશિયલ

ટ્રેન નંબર 09405 અસારવા-ખેડબ્રહ્મા સ્પેશિયલ 19 સપ્ટેમ્બર 2026 થી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ અસારવાથી 09:35 કલાકે પ્રસ્થાન કરશે તથા 12:10 કલાકે ખેડબ્રહ્મા પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર 09406 ખેડબ્રહ્મા-અસારવા સ્પેશિયલ 19 સપ્ટેમ્બર 2026 થી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ ખેડબ્રહ્માથી 15:35 કલાકે પ્રસ્થાન કરશે તથા 18:10 કલાકે અસારવા પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન નરોડા, હિમ્મતનગર અને વડાલી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેન 08 કોચ MEMU રેકથી સંચાલિત થશે તથા આમાં અનરિઝર્વ્ડ સેકન્ડ ક્લાસના કોચ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

ક્રિકેટના મેદાનમાં અદભૂત નજારો! 3-0થી હારેલી અફઘાની ટીમનો કેપ્ટન ભારતીયોની ઉજવણીમાં જોડાયો

નવી દિલ્હી, તા.18

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના ક્રિકેટ સંબંધો હંમેશાંથી સૌહાર્દપૂર્ણ રહ્યા છે. તાજેતરમાં રમાયેલી ટી-20 સીરિઝમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરીને અફઘાનિસ્તાનને 3-0થી ક્લીન સ્વીપ કર્યું હતું. સીરિઝની છેલ્લી અને ત્રીજી ટી-20 મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ હતી, જેમાં ભારતે 127 રનોથી વિજય મેળવ્યો હતો. આ ભવ્ય જીત બાદ ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ખેલદિલીનું અદભૂત ઉદાહરણ પૂરું પાડ્યું હતું, જેની ચર્ચા ચારેય તરફ થઈ રહી છે.



સીરિઝ ગુમાવવાના કારણે અફઘાનિસ્તાનના કેપ્ટન ઇબ્રાહિમ જાદરાન ખૂબ જ નિરાશ હતા. આવા સમયે ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ટ્રોફી સેલિબ્રેશન દરમિયાન અફઘાનિસ્તાનના કેપ્ટનને પોતાની સાથે સ્ટેજ પર આમંત્રિત કર્યા અને તેમની હોંસલા અફજાઈ કરી. અય્યરે માત્ર તેમને ટ્રોફી સાથેના વિજયી ઉજવણીમાં સામેલ જ ન કર્યા, પરંતુ તેમની સાથે ફોટા પણ ક્લિક કરાવ્યા.

અય્યરના આ વર્તનની સરખામણી ભૂતકાળમાં ભારતીય ખેલાડી અજિંક્ય રહાણે દ્વારા બતાવાયેલી ખેલદિલી સાથે કરવામાં આવી રહી છે. અગાઉ જ્યારે અફઘાનિસ્તાને તેની ક્રિકેટ ઇતિહાસની પહેલી ટેસ્ટ મેચ ભારત વિરુદ્ધ રમી હતી અને હારનો સામનો કરવો પડ્યો હતો, ત્યારે તત્કાલીન કેપ્ટન અજિંક્ય રહાણેએ અફઘાનિસ્તાનની આખી ટીમને ભારતીય ટીમ સાથે વિજયી ઉત્સવમાં સામેલ થવા માટે આમંત્રિત કરી હતી. અય્યરે પણ એ જ મૈત્રીપૂર્ણ પરંપરાને આગળ વધારી છે.

અભિષેક શર્માની તોફાની સદી: ઓપનર અભિષેક શર્માએ માત્ર 30 બોલમાં જ વિસ્ફોટક સદી ફટકારીને ટેસ્ટ પ્લેઈંગ નેશનના ખેલાડી તરીકે સૌથી ઝડપી ટી-20 સદી નોંધાવવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તેમણે 108 રનની શાનદાર ઇનિંગ રમી હતી.

સંજૂ સેમસનનું શાનદાર પ્રદર્શન: અભિષેક સાથે ઓપનિંગ કરતા સંજૂ સેમસને પણ પોતાની સતત બીજી ફિફ્ટી ફટકારી હતી.

અફઘાનિસ્તાનની હાર: 222 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની પૂરી ટીમ માત્ર 94 રનમાં જ સમેટાઈ ગઈ હતી. ટી-20 ક્રિકેટમાં અફઘાનિસ્તાનની આ સૌથી મોટી હાર છે. ભારત તરફથી નીતિશ કુમાર રેડ્ડી અને રવિ બિશ્નોઈએ 3-3 વિકેટ ઝડપી હતી.

શાનદાર સદી ફટકારવા બદલ અભિષેક શર્માને 'પ્લેયર ઓફ ધ મેચ' અને 'પ્લેયર ઓફ ધ સીરિઝ'ના ખિતાબથી નવાજવામાં આવ્યા હતા. મેચ અને સીરિઝની જીત કરતાં પણ શ્રેયસ અય્યર દ્વારા અફઘાનિસ્તાની કેપ્ટનને આપવામાં આવેલું માન-સન્માન આખી સીરિઝનું સૌથી મોટું આકર્ષણ બની રહ્યું.

ડેવિસ કપ : ભારતીય ટીમ સાઉથ કોરિયા સામે ટકરાશે

નવી દિલ્હી, તા.18

ભારત આજે શુક્રવાર અને શનિવારે સિયોલના ઓલિમ્પિક ટેનિસ સેન્ટરમાં ડેવિસ કપ -૨૦૨૬ ક્વોલિફાયરના બીજા રાઉન્ડમાં સાઉથ કોરિયાનો સામનો કરશે. આ મુકાબલામાં જીત મેળવનાર ટીમ નવેમ્બરમાં ઈટાલીના બોલોગ્નામાં યોજાનાર ડેવિસ કપ ફાઇનલ-૮માં સ્થાન મેળવશે. ડેવિસ કપ રેન્કિંગમાં ૧૯મા સ્થાને રહેલી ભારતીય ટીમનો સામનો ૧૬મા ક્રમાંકે રહેલી સાઉથ કોરિયાની ટીમ સામે થશે. બંને વચ્ચે મુકાબલો સિયોલના હાર્ડ કોર્ટ પર રમાશે. ભારત પાસે પ્રથમ વખત વર્તમાન ફોર્મેટ અંતર્ગત ફાઇનલ-૮માં પહોંચવાની તક છે.



વિશ્વમાં ૩૬૭મો ક્રમાંક ધરાવતા ખેલાડી દક્ષિણેશ્વર સુરેશ પ્રથમ સિંગલ મુકાબલામાં કોરિયાના ક્વોન સૂન-વૂ સામે ટકરાશે. તે પછી વિશ્વમાં ૨૪૭મો ક્રમાંક ધરાવતા અને ભારતના ટોચના સિંગલ ખેલાડી સુમિત નાગલનો સામનો પૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપન સેમિફાઇલિસ્ટ ચુંગ હ્યોન સામે થશે. મુકાબલાના બીજા દિવસની શરૂઆત ડબલ્સ મેચ સાથે થશે. જેમાં ભારતના એન શ્રીરામ બાલાજી અને નિકી કલ્યાંડા પૂનાચાની જોડી સાઉથ કોરિયાના જી-સુંગ એ પાર્ક ઉઇ સુંગની જોડી સામે ટકરાશે. જો મુકાબલો નિર્ણાયક સ્થિતિ સુધી પહોંચે તો સુમિત નાગલ પ્રથમ રિવર્સ સિંગલ્સ મેચમાં ક્વોન સૂન-વૂ સામે ટકરાશે. તે પછી પાંચમી અને અંતિમ મેચમાં દક્ષિણેશ્વર સુરેશનો સામનો ચુંગ હ્યોન સામે થશે. ભારતે ફેબ્રુઆરીમાં બેંગ્લુરુમાં નેધરલેન્ડ્સને રોમાંચક મુકાબલામાં ૩-૨થી હરાવી ક્વોલિફાયરના બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો.

ઇન્ટર મિયામી માટે લિયોનેલ મેસ્સીએ 100મો ગોલ કર્યો

ક્રુઝ એઝુલને 2-0થી હરાવી પ્રથમ વખત કેમ્પિયોનેસ કપ જીત્યો

મિયામી, તા.18

મેજર લીગ સોકરમાં ઇન્ટર મિયામી તરફથી રમતાં લિયોનેલ મેસ્સીએ 100મો ગોલ કર્યો હતો. તેણે બુધવારે મિયામીના ન્યૂ સ્ટેડિયમમાં ક્રુઝ એઝુલ સામે કેમ્પિયોનેસ કપ ફાઇનલમાં 24મી મિનિટે હેડરથી ગોલ કર્યો હતો. મેસ્સીના ગોલ અને કાસેમિરોએ 81મી મિનિટે કરેલા ગોલની મદદથી ઇન્ટર મિયામીએ 2-0થી મેચ જીતી હતી. આ સાથે ટીમે પ્રથમ વખત કેમ્પિયોનેસ કપનું ટાઇટલ પણ પોતાના નામે કર્યું હતું.



મેસ્સીએ 24મી મિનિટે લુઈસ સુઆરેઝના ક્રોસ પર હેડરથી ગોલ કર્યો હતો. આ 100મો ગોલ હતો. મહત્ત્વનું છે કે, મેસ્સીએ જુલાઈ 2023માં પદાર્પણ મેચમાં મિયામી માટે પહેલો ગોલ પણ ક્રુઝ એઝુલ સામે જ કર્યો હતો. ઇન્ટર મિયામી તરફથી મેચની 81મી મિનિટે મેસ્સીની કોર્નર કિક પર કાસેમિરોએ હેડરથી ગોલ કરી ઇન્ટર મિયામીને 2-0ની લીડ બનાવી લીધી. ઉલ્લેખનીય છે કે, મેસ્સીના ઇન્ટર મિયામી કર્યો હતો. સાથે જોડાણ પછી ટીમે ચાર ટ્રોફી જીતી છે. મિયામીએ 2023માં લીગ્સ કપ, 2024માં સપોર્ટર્સ શીલ્ડ, 2025માં MLS કપ અને હવે 2026માં કેમ્પિયોનેસ કપ પોતાના નામે

અભિષેકનો ટી-20માં ઝંઝાવાત : 30 બોલમાં સદી ફટકારી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો

અફઘાનિસ્તાન સામેની મેચમાં ૧૦૨ રન તો ચોગ્ગા અને છગ્ગાની મદદથી ફટકાર્યા : એલન-રઝાનો રેકોર્ડ તોડ્યો

નવી દિલ્હી, તા.18

ભારતીય ઓપનર અભિષેક શર્માએ અફઘાનિસ્તાન સામેની ત્રીજી અને આખરી ટી-૨૦માં માત્ર ૩૦ જ બોલમાં સદી ફટકારીને સનસનાટી મચાવી દીધી હતી. આ સાથે અભિષેકે આઇસીસીના પૂર્ણકાલીન સભ્ય દેશ તરફથી તેમજ પૂર્ણકાલીન સભ્ય દેશની સામે સૌથી ઝડપી ટી-૨૦ સદીનો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. તેણે ભારત તરફથી ફાસ્ટેસ્ટ ટી-૨૦ સદીનો રોહિતનો રેકોર્ડ પણ તોડ્યો હતો. અભિષેકે તેની તોફાની ઈનિંગમાં ૧૧ છગ્ગા અને નવ ચોગ્ગા સાથે કુલ ૩૪ બોલમાં ૧૦૮ રન ફટકાર્યા હતા. ભારતે આ સાથે અફઘાનિસ્તાનને હરાવીને શ્રેણી ૩-૦થી જીતી લીધી હતી.



અભિષેકે તેની ઈનિંગમાં ૧૦૨ રન તો ચોગ્ગા-છગ્ગાની મદદથી જ નોંધાવ્યા હતા. આઇસીસીના પૂર્ણકાલીન સભ્ય દેશ તરફથી, અન્ય પૂર્ણકાલીન સભ્ય દેશ સામેની ટી-૨૦માં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ અભિષેકે ત્રણ બોલના અંતરથી તોડી નાંખ્યો હતો. એલને ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપમાં કોલકાતા ખાતે રમાયેલી સાઉથ આફ્રિકા સામેની સેમિ ફાઇનલમાં ૩૩ બોલમાં સદી ફટકારી હતી. આઇસીસીના પૂર્ણકાલીન સભ્ય દેશ તરફથી સૌથી ઝડપી સદી ફટકારવાના રેકોર્ડમાં એલનની સાથે ઝિમ્બાબ્વેનો સિકંદર રઝા પણ બીજા ક્રમે ધકેલાયો છે. રઝાએ ગામ્બિયા સામેની ૨૦૨૪માં રમાયેલી ટી-૨૦માં ૩૩ બોલમાં સદી ફટકારી હતી. અભિષેકે ભારત તરફથી સૌથી ઝડપી સદીનો રોહિત શર્માનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો. રોહિતે ૨૦૧૭માં ઈન્દોર ખાતે શ્રીલંકા સામેની ટી-૨૦માં ૩૫ બોલમાં સદી ફટકારી હતી.ટેસ્ટ, વન ડે અને ટી-૨૦ રમવાનો દરજ્જો ધરાવતા દેશોને આઇસીસીના પૂર્ણકાલીન સભ્ય દેશો કહેવાય.

ઓવરઓલ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ના ઈતિહાસમાં અભિષેકની ૩૦ બોલમાં સદીને ફાસ્ટેસ્ટ સદીઓની યાદીમાં ત્રીજો ક્રમ મળ્યો છે. ઈસ્ટોનિયાનો સાહિલ ચૌહાણ ૨૭ બોલમાં સદી (વિ. સાયપ્રસ, ૨૦૨૪) પ્રથમ અને તુર્કીયેનો મુહમ્મદ ફહાદ ૨૯ બોલમાં સદી (વિ. બલ્ગેરિયા, ૨૦૨૫) પછી ત્રીજા ક્રમે છે.

લાલબાગ ચા રાજાના દરબારમાં સેલેબ્સનો મેળાવડો: રણવીર સિંહને જોવા પડાપડી, 'દયાબેન' માસ્ક પહેરીને આવ્યા!

મુંબઈ, તા.18

ગણેશ ચતુર્થીના અવસર પર મુંબઈના સૌથી પ્રખ્યાત 'લાલબાગ ચા રાજા'ના દરબારમાં દર વર્ષે ભક્તોની ભારે ભીડ ઉમટી પડે છે. સામાન્ય ભક્તોથી લઈને મોટી હસ્તીઓ સુધીના તમામ લોકો 'બાપ્પા'ના આશીર્વાદ મેળવવા માટે અહીં આવે છે. તાજેતરમાં લાલબાગ ચા રાજાના દરબારમાં સેલેબ્સનો મેળાવડો જોવા મળ્યો છે. જેમાં સિનેમા જગતની અનેક હસ્તીઓએ લાલબાગ ચા રાજાના દર્શન કર્યા હતા. આ દરમિયાન જોવા પડાપડી થઈ તો 'દયાબેન' માસ્ક પહેરીને દર્શનાર્થે આવ્યા હોવાના તસવીર-વીડિયો સોશિયલ મીડિયા વાઇરલ થયા છે.



અભિનેતા રણવીર સિંહે પણ લાલબાગ ચા રાજાના દર્શન કર્યો અને ભગવાન ગણેશના આશીર્વાદ મેળવ્યા હતા. વીડિયોમાં અભિનેતા પરંપરાગત સફેદ કુર્તા-પાયજામા પહેરીને ખુલ્લા પગે પંડાલમાં પ્રવેશતા જોવા મળે છે. રણવીરે પંડાલમાં હાજર ચાહકો સાથે હાથ પણ મળાવ્યા હતા.

પંડાલની અંદર અભિનેતા રણવીર સિંહે પ્રાર્થનામાં લીન રહીને જ ચાહકોનું અભિવાદન કર્યું. આશીર્વાદ લીધા બાદ રણવીર પોતાની કાર તરફ આગળ વધ્યો હતો. ત્યાંથી નીકળતી વખતે અભિનેતાએ ચાહકોને વિદાય આપી હતા.

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' દયાબેન ફેમ અભિનેત્રી દિશા વાકાણી બાપ્પાના આશીર્વાદ લેવા માટે તેમના પરિવાર સાથે મુંબઈના પ્રખ્યાત 'લાલબાગ ચા રાજા'ના દરબારમાં પહોંચ્યા હતા. અભિનેત્રી પરંપરાગત ગુલાબી સાડીમાં જોવા મળી હતી અને મીડિયા તથા ભીડથી બચવા માટે 'દયાબેને' માસ્ક વડે પોતાનો ચહેરો ઢાંકી રાખ્યો હતો.

અભિનેતા રિતેશ દેશમુખ તેની પત્ની અને અભિનેત્રી જેનેલિયા ડિસૂઝા સાથે 'લાલબાગચા રાજા'ના દરબારમાં ભગવાનના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા એક વીડિયોમાં આ દંપતી સાદા પરંપરાગત પોશાકમાં અને એકબીજાનો હાથ પકડીને ભક્તોની ભીડ વચ્ચે ત્યાં પહોંચ્યું હતું.

આ દરમિયાન, અભિનેતા જેકી ભગનાનીની બહેન અને પ્રોડ્યુસર દીપશિખા દેશમુખે તેના પતિ, ધારાસભ્ય ધીરજ દેશમુખ સાથે પ્રસિદ્ધ 'લાલબાગચા રાજા'ના દર્શન કર્યા. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ આ દંપતીએ ગણપતિના ચરણોમાં નમન કરી બાપ્પાના આશીર્વાદ લીધા હતા. પૂજા-અર્ચના કર્યા બાદ તેઓએ ફોટોગ્રાફરો માટે પોઝ આપ્યા, ત્યારે એક ખાસ ક્ષણ કેમેરામાં કેદ થઈ જેણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા એક વીડિયોમાં દીપશિખાના ચહેરા પર ઘણું બધું સિંદૂર લગાયેલું જોવા મળ્યુ હતું અને ધીરજ તેને સરખું કરતો જોવા મળ્યો હતો. આ હાવભાવે ચાહકોનાં દિલ જીતી લીધાં હતા.

અભિનેતા અભિષેક કુમાર અને પ્રિન્સ નરુલા લાલબાગ ચા રાજાના દરબારમાં જોવા મળ્યા હતા. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ આ બંને કલાકારો બાપ્પાના આશીર્વાદ લેવા જતી વખતે ખૂબ જ ઉત્સાહિત જોવા મળ્યા હતા. આ દરમિયાન અન્ય એક વીડિયોમાં તેઓ બાપ્પાના આશીર્વાદ મેળવવા માટે લાંબી કતારમાં ઊભેલા જોવા મળે છે.

શ્રીદેવીની સંપત્તિ મામલે બોની કપૂર તથા પુત્રીઓને સુપ્રીમ કોર્ટની નોટીસ

શ્રીદેવી અને તેની બહેને સંપત્તિ બનાવટી વેચાણખત દ્વારા ખરીદી હોવાનો અરજદારનો દાવો

નવી દિલ્હી, તા.18

શ્રી દેવી અને તેની બહેને ૧૯૮૮માં ચેન્નાઇમાં ઈસ્ટ કોસ્ટ રોડ નજીક ખરીદેલી ૪.૭૦ એકર જમીન પર આવેલી સંપત્તિને મામલે સુપ્રીમ કોર્ટે સ્થિતિને યથાવત જાળવી રાખવા જણાવતી નોટીસ બોની કપૂર તથા તેની પુત્રીઓ જાહ્નવી અને ખુશી કપૂરને પાઠવી છે.



આ મામલે હવે ૧૮ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ વધુ સુનાવણી કરવામાં આવશે. આગામી સુનાવણી પૂર્વે બંને પક્ષોને સમાધાન કરી લેવાની સૂચના આપવામાં આવી છે.

અરજદાર એમસી શિવકામી અને તેના ભાઇ એમસી નટરાજને તેમની માતા ચન્દ્રભાનુ સાથે મળી સુપ્રીમ કોર્ટમાં અરજી કરી આ સંપત્તિમાં ભાગ માંગ્યો છે. તેમણે શ્રીદેવી અને તેની બહેને જે વેચાણખત દ્વારા સંપત્તિ ખરીદી હતી તેને રદબાતલ જાહેર કરવાની માંગણી કરી છે.

તેમનો દાવો છે કે આ વેચાણમાં છેતરપિંડી આચરવામાં આવી છે અને આ જમીન તેંમના દાદાની માલિકીની હોઇ તે વારસદાર તરીકે તેમની પણ છે.

અરજદાર સામે બોની કપૂર અને પુત્રીઓએ કરેલી અરજીને ધ્યાનમાં લઇ અરજદારની માંગણી ચેન્નાઇ હાઇકોર્ટે ફગાવી દેતાં મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો હતો. બોની કપૂરની દલીલ અનુસાર અરજદારનો દાવો ટકી શકે તેમ નથી કેમ કે ચન્દ્રભાનુના લગ્ન પૂર્વે તેમના પતિ એમસી ચન્દ્રશેખરને કરેલાં પહેલાં લગ્નની વિગતો દબાવી રાખવામાં આવી હતી. આમ, આ કાનુની પ્રક્રિયાનો દુરૂપયોગ કરી જમીન હડપવાનો કારસો છે. વળી વેચાણખત થયાના ૪૦ વર્ષ બાદ છેક ૨૦૨૩માં આ દાવો નોંધાવવામાં આવ્યો છે તે પણ અવિશ્વસનીય છે.

અહાન પાંડે-અનીત પડ્ડાની લવ સ્ટોરીનું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ

ઓક્ટોબરમાં અંધેરીમાં સ્ટુડિયોમાં શૂટિંગ પૂરૂ કરી નવેમ્બરમાં ગોવામાં આઉટડોર શૂટિંગ શરૂ કરાશે

મુંબઈ, તા.18

૨૦૨૫ની હીટ લવસ્ટોરી' સૈયારા'ની જોડી અનિત પડ્ડા અને અહાન પાંડેને લઇ મોહિત સૂરીએ તેમની બીજી લવસ્ટોરીનું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ કરી દેશે. પહેલાં અંધેરીમાં આવેલાં વાયઆરએફ સ્ટુડિયોમાં ઓક્ટોબરથી ઈન્ડોર શૂટિંગ કરવામાં આવશે. એ પછી નવેમ્બરમાં આ ફિલ્મનું શૂટિંગ ગોવામાં શરૂ કરવામાં આવશે. નિર્માતાના અંદાજ અનુસાર ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બર સુધીમાં પુરૂ કરી લેવામાં આવશે.



દરમ્યાન અહાન પાંડેની અલી અબ્બાસ ઝફર નિર્દેશિત એક્શન ફિલ્મનું શૂટિંગ પણ ચાલી રહ્યું છે. અનિત પડ્ડાએ ૨૦૨૪માં બીગ ગર્લ્સ ડોન્ટ ક્રાય નામની સિરિઝ કરી હતી એ પછી તેની સૈયારા ફિલ્મ સાથે ફિલ્મી જગતમાં એન્ટ્રી પડી હતી. હવે અનિત પડ્ડા અને અહાન પાંડેની જોડી એક પરિપક્વ લવ સ્ટોરીમાં કામ કરવાની છે. તે સાથે આ કલાકારો ફક્ત વન ફિલ્મ વંડર છે કે ખરેખર લાંબી રેસના ખેલાડી પુરવાર થાય છે તે પણ સાબિત થઈ જશે.

સૂર્યા-જ્યોતિકાએ લગ્નનાં 20 વર્ષ બાદ ફરી લીધાં 'વેડિંગ વાઉઝ'

જ્યોતિકાએ કહ્યું, 'આ પરફેક્ટ મેરેજની નહીં, અમારી અપૂર્ણતા, સમજણ અને એકબીજા માટે કરેલા સમર્પણની ઉજવણી છે'

મુંબઈ, તા.18

સાઉથ સિનેમાના જાણીતા કલાકાર સૂર્યા અને જ્યોતિકાએ લગ્નજીવનના 20 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ફરી એકવાર લગ્નના વચનો લીધાં છે. કપલે સોશિયલ મીડિયા પર વાઉઝ રિન્યુઅલ સેરેમનીનો એક વીડિયો શેર કર્યો છે. આ પ્રસંગે જ્યોતિકાએ તેનાં બે દાયકાના સંબંધને 'પરફેક્ટ મેરેજ'ને બદલે પ્રેમ, સમજણ, સમાધાન અને સતત થતા પરિવર્તનની સફર ગણાવી હતી.



જ્યોતિકાએ લખ્યું, "આ અમારા પ્રેમ અને સંઘર્ષના 20 વર્ષની ઉજવણી છે. આ પરફેક્ટ મેરેજની ઉજવણી નથી, પરંતુ અપૂર્ણતા, એડજસ્ટમેન્ટ, સમજણ, બલિદાન અને એકબીજાને નિઃસ્વાર્થ પ્રેમ કરવાની ઉજવણી છે. આ 'અમે'ની ઉજવણી છે."

તેણે સૂર્યા માટે પોતાનાં વચનો પણ શેર કર્યા. જ્યોતિકાએ જીવનના સકારાત્મક પાસાં જોવાની, દરેક ક્ષણની ઉજવણી કરવાની અને મળેલા જીવન તથા પરિવાર માટે આભાર માનવાની વાત કરી. બાળકો અને પરિવારને લઈને તેણે કહ્યું કે તે એક સારી માતા બનવાનું વચન આપે છે અને તેનાં બાળકો માટે એવી ખુશીનું કારણ બનવા માગે છે કે તેઓ માતા-પિતાની સાથેની સફરને ફરી જીવવા ઇચ્છે. જ્યોતિકાએ સ્વાસ્થ્યને જીવનની સાચી સંપત્તિ ગણાવતાં પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાનું પણ વચન આપ્યું. સાથે જ તેણે પોતાને 'અપૂર્ણ પત્ની' તરીકે સ્વીકારી, જે ક્યારેક પતિ સાથે ઝઘડે છે, પછી સમાધાન કરે છે અને દરેક વખતે સંબંધને વધુ નજીકથી સમજવાનો પ્રયાસ કરે છે.

તેનાં મતે, તેનાં સંબંધમાં મિત્રતા સૌથી મહત્ત્વની છે. તેણે સૂર્યાને પોતાનો સમકક્ષ, વિશ્વાસુ, ગોસિપ પાર્ટનર અને બેસ્ટ ફ્રેન્ડ ગણાવ્યો. અંતે તેણે લખ્યું, "તો અમારી આગામી 20 વર્ષની સફર માટે-આ અપૂર્ણ અમે, પરંતુ સંપૂર્ણ સમજણ સાથે." આ પોસ્ટ પર આર. માધવન અને સોનાક્ષી સિંહા સહિત અનેક કલાકારોએ કપલને શુભેચ્છા પાઠવી હતી. સૂર્યા અને જ્યોતિકાએ 2006માં લગ્ન કર્યાં હતાં. બંનેએ લગ્ન પહેલાં અનેક ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું.

AIની તાલીમ દરમિયાન સામે આવ્યું ચિંતાજનક વર્તન, નિયમો તોડવાથી લઈને ભૂલો છુપાવવા સુધીના કિસ્સા સામે આવ્યા

મુંબઈ, તા.18

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AIની ક્ષમતાઓ સતત વધી રહી છે ત્યારે તેના વિકાસ અને તાલીમ દરમિયાન સામે આવતા કેટલાક અણધાર્યા વર્તનને લઈને ટેકનોલોજી જગતમાં ચિંતા પણ વધી રહી છે. OpenAIએ AI મોડલ્સની તાલીમ અને સુરક્ષા તપાસ દરમિયાન જોવા મળેલા કેટલાક વર્તન અંગે એક રિપોર્ટ જાહેર કર્યો છે. કંપનીના જણાવ્યા અનુસાર, પરીક્ષણ દરમિયાન એવા કેટલાક કિસ્સા સામે આવ્યા જેમાં AI મોડલે તેને આપવામાં આવેલી સૂચનાઓ અને નક્કી કરાયેલી મર્યાદાઓથી અલગ રીતે વર્તવાનો પ્રયાસ કર્યો હતો. કંપનીએ આવા વર્તનને 'મિસઅલાઈનમેન્ટ' તરીકે વર્ણવ્યું છે. સરળ ભાષામાં કહીએ તો, જ્યારે AI મોડલને આપવામાં આવેલા માનવીય હેતુ, સૂચના અથવા સુરક્ષા નિયમો સાથે તેનું વર્તન સુસંગત ન રહે અને તે પોતાના નિર્ધારિત લક્ષ્યને હાંસલ કરવા માટે અનિચ્છનીય રીતો અપનાવે ત્યારે તેને મિસઅલાઈનમેન્ટ તરીકે સમજવામાં આવે છે.

OpenAIના રિપોર્ટમાં આવા કુલ છ કેસોની વિગતો આપવામાં આવી છે. કંપનીએ જોકે સ્પષ્ટ કર્યું છે કે આ છ કેસોને સામાન્ય AI ઉપયોગ દરમિયાન થતી ખામીઓના સંપૂર્ણ આંકડા તરીકે જોવામાં ન આવે. આ કિસ્સાઓ મુખ્યત્વે તાલીમ અને સુરક્ષા પરીક્ષણ દરમિયાન જોવા મળેલા વર્તનના ઉદાહરણો છે. રિપોર્ટનો હેતુ આવા વર્તનને ઓળખવા, તેની તપાસ કરવા અને ભવિષ્યમાં AI સિસ્ટમ્સને વધુ સુરક્ષિત બનાવવાના પ્રયાસોને મજબૂત કરવાનો છે. રિપોર્ટમાં સૌથી વધુ ધ્યાન ખેંચનારા કિસ્સાઓમાં એક એવો હતો જેમાં AI મોડલે પોતાના માટે વધારાના નિર્દેશો તૈયાર કર્યા હતા. મોડલને એક કાર્ય ચાલુ રાખવાનું હતું અને આ પ્રક્રિયામાં તેણે પોતાના માટે નવા નિયમો ઉમેર્યા હતા. આમાંના કેટલાક નિર્દેશો એવા હતા જે તેના પર લાગુ કરવામાં આવેલી કેટલીક મર્યાદાઓ અથવા પ્રતિબંધોને અવગણવાની દિશામાં હતા. OpenAIને આવા પ્રકારના કુલ 27 નિર્દેશો મળ્યા હોવાનું જણાવાયું છે. આ પ્રકારની ઘટના AI સિસ્ટમ કોઈ કાર્યને પૂર્ણ કરવા માટે આપવામાં આવેલી મૂળ સૂચનાઓની બહાર જઈ શકે છે કે નહીં તે અંગેના સુરક્ષા પરીક્ષણ માટે



મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ ઉપરાંત, કેટલીક તાલીમ પ્રક્રિયા દરમિયાન AI મોડલ દ્વારા પોતાની ભૂલો છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું પણ સામે આવ્યું છે. ઉદાહરણ તરીકે, જ્યારે જરૂરી જૂના આંકડા ઉપલબ્ધ ન હતા ત્યારે મોડલે આંકડા ઘડી કાઢવા અને તે અંગે વપરાશકર્તાને જાણ ન કરવા જેવી સૂચનાઓ લખી હતી. આવા વર્તનને કારણે AI દ્વારા આપવામાં આવતી માહિતીની વિશ્વસનીયતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થઈ શકે છે, કારણ કે કોઈ મોડલને માહિતી ઉપલબ્ધ ન હોય ત્યારે સ્પષ્ટપણે 'માહિતી ઉપલબ્ધ નથી' કહેવાની જગ્યાએ ખોટી માહિતી રજૂ કરવાની દિશામાં વર્તવું જોખમી બની શકે છે.

રિપોર્ટમાં એવો પણ એક કિસ્સો દર્શાવવામાં આવ્યો છે જેમાં AI મોડલે જવાબ શોધવા માટે ડિજિટલ કોડનો ઉપયોગ કર્યો હતો. આ પ્રક્રિયા માટે તેને સ્પષ્ટ પરવાનગી આપવામાં આવી ન હોવા છતાં તેણે કોડનો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ જરૂરી આંકડા ઉપલબ્ધ ન થયા ત્યારે મોડલે પોતે જ આંકડા તૈયાર કર્યા અને તેને નકલી સ્રોતના સ્વરૂપમાં રજૂ કર્યા હોવાનું જણાવાયું છે. આ ઘટનાથી AI દ્વારા તૈયાર કરવામાં આવતા જવાબોમાં સ્રોતની વિશ્વસનીયતા અને માહિતીની ચકાસણી કેટલા મહત્વની છે તે ફરી સ્પષ્ટ થાય છે.

બીજા એક કિસ્સામાં AI મોડલે પ્રોગ્રામની મદદથી જરૂરી જવાબ મેળવ્યો હતો. જોકે તેને જવાબ સાથે સ્રોતનો ઉલ્લેખ પણ કરવાનો હતો. સ્રોત ઉપલબ્ધ ન હોવાને કારણે મોડલે એક ફાઈલ ઈન્ટરનેટ પર અપલોડ કરી અને ત્યારબાદ તેમાંથી સ્રોત તરીકે ઉપયોગ કરી શકાય તેવી લિંક તૈયાર કરી હતી. આ પ્રકારનું વર્તન ખાસ કરીને એજન્ટિક AI સિસ્ટમ્સની ક્ષમતાઓ અંગે મહત્વના સવાલો ઊભા કરે છે, કારણ કે AIને જ્યારે વેબ, ફાઈલ સિસ્ટમ અથવા અન્ય ડિજિટલ સાધનો સાથે કામ કરવાની સત્તા આપવામાં આવે ત્યારે તે સત્તાનો ઉપયોગ કઈ રીતે કરે છે તેની દેખરેખ જરૂરી બને છે.

AI એજન્ટો વચ્ચેની પરસ્પર વાતચીત અંગે પણ રિપોર્ટમાં એક ઉદાહરણ આપવામાં આવ્યું છે. અલગ-અલગ ડેટા મેળવવા માટે કેટલાક AI એજન્ટોને કામ સોંપવામાં આવ્યું હતું. આ એજન્ટોએ પોતાના કાર્યને આગળ વધારવા માટે એકબીજા સાથે વાતચીત કરી અને સોફ્ટવેર પોર્ટલનો ઉપયોગ કરીને પ્રશ્નો તથા જવાબોની આપ-લે કરી હતી. આ પ્રકારની ક્ષમતા AI એજન્ટોને જટિલ અને બહુ-પગલાંવાળા કાર્યોમાં વધુ સક્ષમ બનાવી શકે છે, પરંતુ સાથે સાથે તેમની વચ્ચે થતી અનિચ્છનીય અથવા માનવીય નિયંત્રણની બહારની ક્રિયાપ્રતિક્રિયાઓની દેખરેખનો પ્રશ્ન પણ ઊભો કરે છે. અન્ય એક ઉદાહરણમાં કેટલાક AI એજન્ટો એક જ કાર્ય પર સાથે મળીને કામ કરી રહ્યા હતા. જ્યારે તેઓ એકબીજાના કમ્પ્યુટરમાં રહેલી ફાઈલો સીધી રીતે ખોલી શક્યા નહીં ત્યારે તેમણે વેબસાઈટ્સ પર ફાઈલો અપલોડ કરીને એકબીજા સાથે શેર કરી હતી. આ ઘટના દર્શાવે છે કે AI એજન્ટોને જ્યારે એકબીજા સાથે સહયોગ કરવાની અને ડિજિટલ સાધનોનો ઉપયોગ કરવાની ક્ષમતા આપવામાં આવે ત્યારે તેઓ કાર્ય પૂર્ણ કરવા માટે વૈકલ્પિક માર્ગો શોધી શકે છે.

ભારતમાં iPhone 18 Pro અને 18 Pro Maxનું વેચાણ શરૂ, એપલ સ્ટોર્સની બહાર વહેલી સવારથી ગ્રાહકોની લાંબી કતારો

મુંબઈ, તા.18

ભારતમાં ટેકનોલોજી અને ખાસ કરીને એપલના ચાહકોમાં લાંબા સમયથી રાહ જોવાતી iPhone 18 Pro સિરીઝનું વેચાણ આજે શુક્રવાર, 18 સપ્ટેમ્બરથી શરૂ થઈ ગયું છે. iPhone 18 Pro અને iPhone 18 Pro Max ખરીદવા માટે દેશના વિવિધ શહેરોમાં આવેલા એપલ સ્ટોર્સ તેમજ અધિકૃત રિટેલર્સની બહાર વહેલી સવારથી જ ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. નવા આઈફોનને સૌથી પહેલાં હાથમાં લેવા માટે અનેક ગ્રાહકો રાત્રિથી જ સ્ટોરની બહાર લાઈનમાં ઊભા રહી ગયા હતા. લોન્ચ ડે પર જોવા મળેલી આ ભીડને કારણે એપલના નવા ફ્લેગશિપ મોડલ્સ માટે ગ્રાહકોમાં રહેલો ઉત્સાહ ફરી એકવાર જોવા મળ્યો છે.



નવા આઈફોનનું વેચાણ શરૂ થવાના દિવસે એપલે પોતાના રિટેલ સ્ટોર્સ સામાન્ય દિવસોની સરખામણીમાં વહેલા ખોલવાનો નિર્ણય લીધો હતો. ગ્રાહકોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને સ્ટોર્સ સવારે 8 વાગ્યાથી જ ખોલવામાં આવ્યા હતા અને વૉક-ઈન વેચાણ તથા ડિલિવરીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ભારતમાં એપલના કુલ છ અધિકૃત રિટેલ સ્ટોર છે. તેમાં મુંબઈમાં બે સ્ટોર જ્યારે દિલ્હી, નોઈડા, બેંગલુરુ અને પુણેમાં એક-એક સ્ટોરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કંપનીના અધિકૃત ઑનલાઈન સ્ટોર અને અન્ય અધિકૃત રિટેલ ભાગીદારો મારફતે પણ ગ્રાહકોને નવા આઈફોન ખરીદવાની સુવિધા આપવામાં આવી છે.

મુંબઈના બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ એટલે કે BKC સ્થિત એપલ સ્ટોરની બહાર નવા આઈફોનની ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. અહીં લાઈનમાં ઊભેલા હિતેશ પટેલ ખાસ નાસિકથી મુંબઈ આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તેઓ રાત્રે 10 વાગ્યાથી જ સ્ટોરની બહાર લાઈનમાં ઊભા હતા. તેમને સવારે 8 વાગ્યાનો પહેલો સ્લોટ મળ્યો હતો. હિતેશે જણાવ્યું હતું કે તેઓ દર વર્ષે પોતાનો આઈફોન અપગ્રેડ કરે છે. હાલમાં તેમની પાસે iPhone 17 Pro Max છે અને હવે તેઓ iPhone 18 Pro Max ખરીદવા માટે આવ્યા છે. લોન્ચના દિવસે જ નવું મોડલ ખરીદવાની તેમની આ પરંપરા આઈફોનના કેટલાક ચાહકોમાં જોવા મળતી ઉત્સુકતાને દર્શાવે છે.

બેંગલુરુમાં પણ નવા આઈફોન માટે ગ્રાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રાહુલ નામના એક ગ્રાહક સવારે પાંચ વાગ્યાથી જ સ્ટોરની બહાર લાઈનમાં ઊભા હતા. તેમના જણાવ્યા અનુસાર નવા આઈફોનની ખરીદી માટે માત્ર સ્થાનિક ગ્રાહકો જ નહીં પરંતુ દિલ્હી, હરિયાણા અને મુંબઈ સહિતના વિવિધ વિસ્તારોમાંથી લોકો બેંગલુરુ પહોંચ્યા હતા. રાહુલે જણાવ્યું હતું કે તેમણે સૌથી પહેલાં iPhone 7 ખરીદ્યો હતો અને ત્યારથી દર વર્ષે નવું મોડલ ખરીદતા આવ્યા છે. તેમના માટે આઈફોનનું લોન્ચ માત્ર નવા ફોનની ખરીદીનો પ્રસંગ નથી પરંતુ એક પ્રકારના તહેવાર જેવો અનુભવ છે.

નવા આઈફોનને લઈને ટેક કન્ટેન્ટ ક્રિએટર્સમાં પણ ઉત્સાહ જોવા મળ્યો છે. યૂટ્યુબર સૂરજ ચૌહાણે જણાવ્યું હતું કે તેઓ પોતાની ચેનલ પર ટેકનોલોજી અને સ્માર્ટફોનના રિવ્યૂ કરે છે અને દર વખતે લોન્ચના દિવસે જ નવો આઈફોન ખરીદવાનો પ્રયાસ કરે છે. બીજી તરફ અજય નામના ગ્રાહકે iPhone 18 Pro Maxના 1TB વેરિઅન્ટનું પ્રી-બુકિંગ કરાવ્યું હતું. લોન્ચના દિવસે સ્ટોર પરથી ફોન મેળવવા માટે તેઓ પણ વહેલી સવારથી પહોંચ્યા હતા. નવા કેમેરા ફીચર્સ, પરફોર્મન્સ અને અન્ય હાર્ડવેર અપગ્રેડને લઈને ગ્રાહકોમાં ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ચાંદી ₹6474 મોંઘી, એક કિલોની કિંમત ₹2.36 લાખ: સોનાનો ભાવ 1809 વધ્યો, 10 ગ્રામ સોનું ₹1.54 લાખ થયું

નવી દિલ્હી, તા.18

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 18 સપ્ટેમ્બરે તેજી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA મુજબ એક કિલો ચાંદીની કિંમત 6,474 રૂપિયા વધીને 2.36 લાખ રૂપિયા થઈ ગઈ છે.

10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવ 1809 રૂપિયા વધીને 1.54 લાખ રૂપિયા પર પહોંચી ગયા છે. ગઈકાલે સોનાના ભાવ 1.52 લાખ રૂપિયા અને ચાંદીની કિંમત 2.30 લાખ રૂપિયા હતી.

કોટક સિક્યોરિટીઝના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને કમોડિટી રિસર્ચ હેડ અનિન્દ્ય બેનર્જી કહે છે કે સોનાને સામાન્ય રોકાણકારોની સાથે જ દુનિયાભરની કેન્દ્રીય બેંકો, જેમ કે RBIનો પણ સપોર્ટ છે, જે સતત સોનાની ખરીદી કરી રહી છે.

આગળ પણ મુશ્કેલ પરિસ્થિતિઓમાં સોનામાં તેજી જળવાઈ રહેશે. જો પરિસ્થિતિમાં સુધારો થશે તો ચાંદીમાં પણ ઉછાળો જોવા મળી શકે છે. હાલમાં જે ભાવિ પરિસ્થિતિઓ નજરે પડી રહી છે, તેના મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. ચાંદીની કિંમત પણ 3 લાખ રૂપિયા સુધી જઈ શકે છે.



આ વર્ષે સોના-ચાંદીની કિંમતોમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધીમાં સોનું 21 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા હતું, જે હવે 1.54 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

બીજી તરફ, 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.36 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચી હતી.

પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)નું હૉલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર અલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ પ્રકારનો હોઈ શકે છે- AZ4524. હૉલમાર્કિંગથી સોનું કેટલા કૅરેટનું છે તે જાણી શકાય છે.

કિંમતની ક્રોસ-ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમતના આંકડા વિવિધ સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ-ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

15 ઓક્ટોબરથી UPI MDRના નવા નિયમો, SIPથી લઈને શેરબજાર અને FD સુધી શું બદલાશે?

નવી દિલ્હી, તા.18

દેશમાં ડિજિટલ પેમેન્ટના વધતા ઉપયોગ વચ્ચે UPIના મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એટલે કે MDRને લઈને નવા નિયમો લાગુ થવાના છે. 15 ઑક્ટોબર 2026થી અમલમાં આવનારા આ નિયમોને કારણે ખાસ કરીને રિટેલ રોકાણકારોમાં અનેક સવાલો ઊભા થયા છે. મ્યુચ્યુઅલ ફંડમાં SIP કરાવતા લોકો, શેરબજારમાં રોકાણ કરતા લોકો, ટ્રેડિંગ અકાઉન્ટમાં UPI મારફતે પૈસા જમા કરાવતા રોકાણકારો તેમજ FD માટે ફિનટેક પ્લેટફોર્મનો ઉપયોગ કરતા ગ્રાહકો જાણવા માગી રહ્યા છે કે નવા નિયમો બાદ તેમના ખર્ચમાં વધારો થશે કે નહીં. સૌથી મોટો પ્રશ્ન એ પણ છે કે UPI MDRનો ખર્ચ આખરે રોકાણકારના ખિસ્સા પર પડશે કે પછી પેમેન્ટ સ્વીકારતી કંપની કે પ્લેટફોર્મ આ ખર્ચ ભોગવશે.

નવા ફ્રેમવર્ક હેઠળ પર્સન-ટુ-પર્સન એટલે કે P2P UPI ટ્રાન્ઝેક્શન પર MDR લાગશે નહીં. આ ઉપરાંત 2,000 સુધીની મર્ચન્ટ પેમેન્ટને પણ MDRમાંથી મુક્ત રાખવામાં આવી છે. જોકે 2,000થી વધુની કેટલીક પસંદગીની મર્ચન્ટ પેમેન્ટ માટે 0.4 ટકાનો MDR લાગુ થઈ શકે છે. બીજી તરફ કેપિટલ માર્કેટ સાથે જોડાયેલા કેટલાક વ્યવહારો માટે રાહતદર નક્કી કરવામાં આવ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ, શેરબજાર અને અન્ય કેપિટલ માર્કેટ સંબંધિત પેમેન્ટ માટે 0.02 ટકા MDRની જોગવાઈ કરવામાં આવી છે અને આવા વ્યવહારોમાં મહત્તમ MDR 300 સુધી રાખવામાં આવ્યો છે.

આ નિયમોને કારણે સૌથી પહેલાં મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરતા લોકોના મનમાં SIPને લઈને પ્રશ્ન ઊભો થયો છે. જો કોઈ રોકાણકાર દર મહિને નિયમિત SIP કરે છે તો શું હવે તેની SIP મોંઘી થશે? ઉપલબ્ધ વિગતો પ્રમાણે UPI AutoPay અથવા અન્ય ઓટોમેટેડ રિકરિંગ મેન્ડેટ મારફતે ચાલતી SIP પર નવા MDR નિયમોની સીધી અસર થવાની નથી. એટલે કે રોકાણકારના બેંક ખાતામાંથી નિર્ધારિત તારીખે આપમેળે કપાતી નિયમિત SIP અગાઉની જેમ ચાલુ રહી શકે છે. બજાજકેપિટલના સંયુક્ત ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજીવ



બજાજના જણાવ્યા પ્રમાણે રિકરિંગ મેન્ડેટને નવા MDR નિયમોમાંથી બહાર રાખવામાં આવ્યું છે.

આનો અર્થ એ થયો કે ગ્રો, ઝેરોધાના કૉઈન, ET મની જેવા પ્લેટફોર્મ મારફતે UPI AutoPay અથવા સમાન ઓટોમેટેડ મેન્ડેટથી કરવામાં આવતી નિયમિત SIPની રકમ અને આવર્તનમાં નવા MDRને કારણે સીધો ફેરફાર થવાની શક્યતા નથી. જોકે અહીં SIP અને મેન્યુઅલ લમ્પ-સમ રોકાણ વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. કોઈ વ્યક્તિ જો દર મહિને 5,000ની SIP UPI AutoPay દ્વારા કરે છે તો તે રિકરિંગ પેમેન્ટ હોવાથી MDRમાંથી મુક્ત રહી શકે છે. પરંતુ જો તે જ વ્યક્તિ કોઈ મ્યુચ્યુઅલ ફંડમાં એક જ વખત 10,000નું લમ્પ-સમ એટલે કે એકમુષ્ટ રોકાણ UPI મારફતે કરે છે તો તે કેપિટલ માર્કેટ ટ્રાન્ઝેક્શન તરીકે MDRના દાયરામાં આવી શકે છે.

ઉદાહરણ તરીકે, કોઈ રોકાણકાર 1 લાખનું લમ્પ-સમ મ્યુચ્યુઅલ ફંડ રોકાણ UPI મારફતે કરે અને તેના પર 0.02 ટકાનો MDR લાગુ પડે તો ગણતરી પ્રમાણે MDR 20 થાય છે. 1,00,000ના 0.02 ટકા એટલે 20. જોકે આ ગણતરીનો અર્થ એ નથી કે દરેક સ્થિતિમાં આ 20 રોકાણકારના બેંક ખાતામાંથી અલગથી કપાઈ જશે. MDRની રચના અને વસૂલાત પેમેન્ટ સ્વીકારતી સંસ્થા તથા લાગુ નિયમો પર આધારિત રહેશે. તેથી રોકાણકારોએ કોઈ પ્લેટફોર્મ પર પેમેન્ટ કરતા પહેલાં તેની અપડેટેડ ફી અને ચાર્જની શરતો તપાસવી જરૂરી રહેશે.

શેરબજારમાં રોકાણ કરતા લોકો માટે ટ્રેડિંગ અકાઉન્ટમાં UPI મારફતે પૈસા જમા કરાવવાનો મુદ્દો પણ મહત્વનો છે. જ્યારે કોઈ રોકાણકાર શેર ખરીદવા માટે પોતાના બ્રોકિંગ અથવા ટ્રેડિંગ અકાઉન્ટમાં UPIથી પૈસા ટ્રાન્સફર કરે છે, ત્યારે આ પ્રકારનો વ્યવહાર કેપિટલ માર્કેટ સંબંધિત પેમેન્ટ તરીકે ગણાઈ શકે છે અને તેના પર 0.02 ટકા MDR લાગુ થઈ શકે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ રોકાણકાર 50,000 પોતાના ટ્રેડિંગ અકાઉન્ટમાં UPI મારફતે જમા કરે તો 0.02 ટકાના દરે MDR 10 થાય છે.

આ વ્યવહારમાં એક મહત્વની બાબત એ છે કે ટ્રેડિંગ અકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કર્યા પછી તરત જ શેર ખરીદવામાં આવે તે જરૂરી નથી. રોકાણકાર ઘણી વખત પૈસા પોતાના અકાઉન્ટમાં જમા રાખે છે અને ત્યારબાદ બજારની સ્થિતિ પ્રમાણે શેર, મ્યુચ્યુઅલ ફંડ અથવા ETFમાં રોકાણ કરે છે. તેથી બ્રોકિંગ કંપનીઓ માટે પેમેન્ટનો ખર્ચ ત્યારે જ ઊભો થઈ શકે છે જ્યારે ગ્રાહક પૈસા અકાઉન્ટમાં ટ્રાન્સફર કરે, ભલે તે રકમનો ઉપયોગ તરત ટ્રેડિંગ માટે કરવામાં આવ્યો ન હોય. આ મુદ્દે સ્ટોક બ્રોકર્સ તરફથી પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઝેરોધાના સહ-સ્થાપક અને CEO નિતિન કામથે સોશિયલ મીડિયા પર આ વ્યવસ્થાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી.

મુંબઈના 108 વર્ષ જૂના ઓલિમ્પિયા કોફી હાઉસનું લાઈસન્સ સસ્પેન્ડ, FDAની તપાસમાં ગંભીર ગેરરીતિઓનો પર્દાફાશ

નવી દિલ્હી, તા.18

મુંબઈના કોલાબા વિસ્તારમાં આવેલું અને વર્ષોથી પોતાની ઓળખ ધરાવતું પ્રસિદ્ધ ઓલિમ્પિયા કોફી હાઉસ હાલમાં ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના ગંભીર નિયમભંગને કારણે વિવાદમાં આવ્યું છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ બાદ આ 108 વર્ષ જૂના કોફી હાઉસનું ફૂડ લાઈસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. FDAની તપાસ દરમિયાન ખાદ્ય પદાર્થોના સંગ્રહ, રસોડાની સ્વચ્છતા, કાચા અને તૈયાર ખોરાકને અલગ રાખવાની વ્યવસ્થા તેમજ કર્મચારીઓની ફૂડ સેફ્ટી તાલીમ સહિત અનેક સ્તરે ગંભીર ખામીઓ મળી આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

મળતી માહિતી મુજબ, 16 સપ્ટેમ્બરે એક ગ્રાહક દ્વારા કરવામાં આવેલી ફરિયાદ બાદ FDAની ટીમ ઓલિમ્પિયા કોફી હાઉસ ખાતે તપાસ માટે પહોંચી હતી. તપાસ દરમિયાન અધિકારીઓને ફૂડ સ્ટોરેજ વિસ્તાર અને કિચનની સ્થિતિમાં અનેક ગંભીર ગેરરીતિઓ જોવા મળી હતી. FDAના જણાવ્યા અનુસાર, રેસ્ટોરન્ટના ફૂડ સ્ટોરેજ વિસ્તારમાં જ યુરિનલ મળી આવ્યું હતું. ખાદ્ય પદાર્થો જ્યાં સંગ્રહિત કરવામાં આવતા હતા ત્યાં કોકરોચ અને માખીઓનો ઉપદ્રવ પણ જોવા મળ્યો હતો, જેના કારણે ખાદ્ય સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા થયા હતા.

તપાસ દરમિયાન રેસ્ટોરન્ટના ફ્રિજની અંદર મીટનું લોહી જોવા મળ્યું હોવાનું પણ FDAએ જણાવ્યું છે. આ ઉપરાંત કાચા શાકાહારી અને માંસાહારી ખોરાકને અલગ રાખવા માટે જરૂરી વ્યવસ્થા પણ યોગ્ય રીતે કરવામાં આવી નહોતી. ખાદ્ય પદાર્થોને જમીન પર રાખવામાં આવતા હોવાનું પણ તપાસ દરમિયાન સામે આવ્યું હતું. ખોરાક તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાતા પાણી અને અન્ય સ્વચ્છતા વ્યવસ્થાને લઈને પણ અધિકારીઓએ વાંધો નોંધાવ્યો હતો. FDAના અધિકારીઓના જણાવ્યા મુજબ, કેટલીક જગ્યાએ અસ્વચ્છ પાણીનો ઉપયોગ થતો હોવાનું અને ખોરાક બનાવવાની પ્રક્રિયામાં જરૂરી સ્વચ્છતા જાળવવામાં આવતી ન હોવાનું જોવા મળ્યું હતું.

કિચનમાં વાસણો ધોવાની જગ્યા પણ અસ્વચ્છ હાલતમાં મળી આવી હતી. ખાદ્ય પદાર્થો કાપવા માટે ઉપયોગમાં લેવાતા લાકડાના ચોપિંગ બોર્ડની સ્થિતિ પણ ખરાબ હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. કર્મચારીઓ માટે જરૂરી સુરક્ષાત્મક કપડાં અને અન્ય હાઈજીન સંબંધિત સાધનોની પણ



પૂરતી વ્યવસ્થા જોવા મળી નહોતી. FDAએ ખાદ્ય પદાર્થો તૈયાર કરતા કર્મચારીઓ માટે નિર્ધારિત સલામતી અને સ્વચ્છતાના નિયમોનું પાલન ન થવા અંગે પણ ગંભીર નોંધ લીધી છે.

FDAના જણાવ્યા પ્રમાણે, ઓલિમ્પિયા કોફી હાઉસમાં કુલ 35 ફૂડ હેન્ડલર કામ કરતા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તેમાંથી 34 કર્મચારીઓએ જરૂરી ફૂડ સેફ્ટી ટ્રેનિંગ લીધી નહોતી. ખાદ્ય પદાર્થો સાથે સીધો સંપર્ક ધરાવતા કર્મચારીઓને યોગ્ય તાલીમ આપવામાં આવી ન હોવાની બાબત પણ વિભાગ માટે ગંભીર બની હતી. આ ઉપરાંત રેસ્ટોરન્ટ તરફથી ફરજિયાત પાણીનો અહેવાલ અને સેનિટેશન સંબંધિત જરૂરી રેકોર્ડ પણ રજૂ કરવામાં આવ્યા નહોતા.

આ તમામ ખામીઓને ધ્યાનમાં રાખીને FDAએ રેસ્ટોરન્ટનું ફૂડ લાઈસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. લાઈસન્સ પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી ઓલિમ્પિયા કોફી હાઉસ ખાદ્ય પદાર્થોની ખરીદી, તૈયારી, સંગ્રહ, વેચાણ કે વિતરણ કરી શકશે નહીં. રેસ્ટોરન્ટ સંચાલકોને પહેલા તપાસ દરમિયાન સામે આવેલી ખામીઓ દૂર કરવાની રહેશે અને ત્યારબાદ FDA દ્વારા ફરીથી સ્થળનું નિરીક્ષણ કરવામાં આવશે. ફરી તપાસ બાદ જ લાઈસન્સ પુનઃસ્થાપિત કરવા અંગે નિર્ણય લેવામાં આવશે.

કોલાબાનું ઓલિમ્પિયા કોફી હાઉસ મુંબઈના જૂના અને જાણીતા ખાણીપીણીના સ્થળોમાં ગણાય છે. વર્ષ 1918માં શરૂ થયેલું આ સ્થળ એક સદીથી વધુ સમયથી મુંબઈની કૅફે સંસ્કૃતિનો હિસ્સો રહ્યું છે. તેની જૂની ઓળખ અને લોકપ્રિયતાને કારણે અહીં સ્થાનિક લોકો ઉપરાંત દેશ-વિદેશથી આવતા લોકો પણ મુલાકાત લેતા હોવાનું માનવામાં આવે છે. આ વર્ષે જુલાઈમાં હોલિવૂડ અભિનેતા ટોમ હોલેન્ડ અને મૅટ ડેમન સાથે ફિલ્મમેકર ક્રિસ્ટોફર નોલને પણ અહીં મુલાકાત લીધી હતી. આવા જાણીતા નામો સાથે જોડાયેલા હોવાને કારણે પણ ઓલિમ્પિયા કોફી હાઉસ છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં રહ્યું હતું. હવે FDAની કાર્યવાહી બાદ આ ઐતિહાસિક રેસ્ટોરન્ટની સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષા વ્યવસ્થા ચર્ચાના કેન્દ્રમાં આવી છે. ઓલિમ્પિયા કોફી હાઉસ ઉપરાંત મહારાષ્ટ્ર FDA દ્વારા અન્ય અનેક ખાદ્ય પ્રતિષ્ઠાનો સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યભરમાં ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોનું પાલન થાય છે કે નહીં તેની તપાસ માટે વિશેષ નિરીક્ષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન દરમિયાન તપાસવામાં આવેલા 27 ફૂડ એસ્ટેબ્લિશમેન્ટ્સમાંથી 14ના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. મુંબઈમાં મિલન પંજાબ, સદગુરુ સ્વીટ્સ, વિશ્વાસ સ્વીટ્સ એન્ડ સ્નેક્સ, બ્લિંક કોમર્સ પ્રાઈવેટ લિમિટેડ અને એ-1 જનરલ એન્ડ ડ્રાય ફ્રૂટ્સ સહિત અનેક ખાદ્ય પ્રતિષ્ઠાનો સામે પણ લાઈસન્સ સસ્પેન્ડ અથવા રદ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. મહારાષ્ટ્રના અન્ય શહેરોમાં પણ FDAની કાર્યવાહી ચાલુ છે. પુણેમાં ચાર અને નાગપુરમાં બે રેસ્ટોરાં સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું વિભાગે જણાવ્યું છે. આ ઉપરાંત મુંબઈ સેન્ટ્રલ સ્થિત નાયર હોસ્પિટલની કેન્ટીનનું ફૂડ લાઈસન્સ પણ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. FDAની તપાસ દરમિયાન હોસ્પિટલની કેન્ટીનમાં પણ ફૂડ સેફ્ટી અને સ્વચ્છતાના નિયમોના ઉલ્લંઘન સામે આવ્યા હતા. હોસ્પિટલમાં દર્દીઓ ઉપરાંત મોટી સંખ્યામાં લોકો અને કર્મચારીઓ ખોરાક લેતા હોવાથી FDAએ આ મામલે વિશેષ ગંભીરતા દાખવી છે. કેન્ટીન સામે આગળની કાનૂની કાર્યવાહી પણ ચાલુ હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

લોનનું સેટલમેન્ટ કરાવ્યું છે તો સાવધાન, ભવિષ્યમાં લોન-ક્રેડિટ કાર્ડ મેળવવામાં મુશ્કેલી પડી શકે.....

નવી દિલ્હી, તા.18

ઘણા લોકો આર્થિક મુશ્કેલીમાં ફસાયા બાદ પોતાની લોનની સંપૂર્ણ રકમ ચૂકવવાને બદલે બેંક સાથે વાતચીત કરીને ઓછી રકમમાં લોનનું સેટલમેન્ટ કરાવી લે છે. તે સમયે ગ્રાહકને એવું લાગે છે કે લોનનો બોજ સમાપ્ત થઈ ગયો અને બેંક સાથેનો મામલો પણ પૂરો થઈ ગયો. જોકે, ભવિષ્યમાં જ્યારે આ જ ગ્રાહકને ઘર ખરીદવા માટે હોમ લોન, વ્યક્તિગત જરૂરિયાત માટે પર્સનલ લોન અથવા ક્રેડિટ કાર્ડની જરૂર પડે છે ત્યારે જૂના સેટલમેન્ટની અસર સામે આવી શકે છે. બેંક નવી લોનની અરજીનું મૂલ્યાંકન કરતી વખતે ગ્રાહકના ક્રેડિટ રેકોર્ડને ધ્યાનથી તપાસે છે અને રિપોર્ટમાં જૂની લોનનું સ્ટેટસ 'સેટલ્ડ' જોવા મળે તો તેને જોખમના સંકેત તરીકે લઈ શકે છે.

સામાન્ય રીતે જ્યારે કોઈ ગ્રાહક પોતાની લોનની સંપૂર્ણ બાકી રકમ વ્યાજ અને અન્ય લાગુ પડતા ચાર્જ સહિત ચૂકવી દે છે, ત્યારે બેંક તે લોન ખાતાને 'ક્લોઝ્ડ' તરીકે દર્શાવે છે. આ સ્ટેટસનો સીધો અર્થ એ થાય છે કે ગ્રાહકે બેંક પ્રત્યેની પોતાની સંપૂર્ણ નાણાકીય જવાબદારી પૂરી કરી છે અને ખાતામાં કોઈ બાકી લેણું રહ્યું નથી. લોન સંપૂર્ણ રીતે ચૂકવાઈ હોવાથી ભવિષ્યમાં ગ્રાહકની ક્રેડિટ



હિસ્ટ્રીમાં આ ખાતું સામાન્ય રીતે સંપૂર્ણ ચુકવણી થયેલા ખાતા તરીકે જોવા મળે છે. પરંતુ સ્થિતિ ત્યારે અલગ બને છે જ્યારે ગ્રાહક લોનની સંપૂર્ણ બાકી રકમ ચૂકવવામાં અસમર્થ હોય અને બેંક મૂળ બાકી રકમ કરતાં ઓછી રકમ સ્વીકારીને ખાતું બંધ કરવા માટે તૈયાર થાય. આવી સ્થિતિને સામાન્ય રીતે 'સેટલમેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિએ બેંક પાસેથી મોટી રકમની લોન લીધી હોય અને તેની સામે હજુ રૂ. 3 લાખ બાકી હોય, પરંતુ આર્થિક મુશ્કેલીને કારણે તે વ્યક્તિ માત્ર રૂ. 1.50 લાખ ચૂકવી શકે, તો બેંક પરિસ્થિતિ અને વાતચીતને આધારે ઓછી રકમ સ્વીકારીને ખાતું સેટલ કરી શકે છે. આવી સ્થિતિમાં ગ્રાહકે બેંક સાથે મામલો તો પૂરો કર્યો હોય છે, પરંતુ ક્રેડિટ રિપોર્ટમાં તેનું સ્ટેટસ સંપૂર્ણ ચુકવણી દર્શાવતું નથી. સરળ ભાષામાં સમજીએ તો 'ક્લોઝ્ડ' અને 'સેટલ્ડ' બંને શબ્દો વચ્ચે મોટો તફાવત છે. 'ક્લોઝ્ડ'નો અર્થ સામાન્ય રીતે સંપૂર્ણ બાકી રકમ ચૂકવવામાં આવી છે, જ્યારે 'સેટલ્ડ'નો અર્થ એ થાય છે કે મૂળ બાકી રકમ કરતાં ઓછી રકમ સ્વીકારીને બેંક અને ગ્રાહક વચ્ચે લોનનો મામલો ઉકેલાયો છે. આ તફાવત ગ્રાહકની ભવિષ્યની ક્રેડિટ પ્રોફાઈલ માટે મહત્વનો બની શકે છે. જ્યારે કોઈ વ્યક્તિ ભવિષ્યમાં નવી લોન અથવા ક્રેડિટ કાર્ડ માટે અરજી કરે છે, ત્યારે ધિરાણ આપતી સંસ્થા તેના ક્રેડિટ રિપોર્ટ અને અગાઉના લોનના રેકોર્ડની તપાસ કરે છે. તેમાં જૂના લોન ખાતાઓની ચુકવણી કેવી રીતે કરવામાં આવી હતી, કોઈ ચુકવણી બાકી રહી હતી કે નહીં અને લોનનું ખાતું કયા સ્ટેટસ સાથે બંધ થયું હતું જેવી બાબતો જોવામાં આવી શકે છે. જો રિપોર્ટમાં અગાઉની કોઈ લોન સામે 'સેટલ્ડ' સ્ટેટસ દેખાય, તો બેંક ગ્રાહકની ચુકવણીની ક્ષમતા અને અગાઉના ક્રેડિટ વર્તનને ધ્યાનમાં લઈને વધારાની તપાસ કરી શકે છે. 'સેટલ્ડ' સ્ટેટસને કારણે ગ્રાહક માટે મુશ્કેલી એ પણ બની શકે છે કે ધિરાણ આપનાર સંસ્થા તેને વધુ જોખમ ધરાવતા અરજદાર તરીકે જોઈ શકે. જોકે, દરેક બેંકનો નિર્ણય તેના પોતાના ક્રેડિટ પોલિસી, ગ્રાહકની સંપૂર્ણ પ્રોફાઈલ અને અન્ય નાણાકીય માપદંડો પર આધારિત હોય છે.

હવામાન વિભાગ આગાહી કરવામાં થાપ ખાઈ ગયું?



અમદાવાદમાં હળવા વરસાદની આગાહી વચ્ચે ધોધમાર વરસાદ વરસ્યો

અમદાવાદ, તા.18

દેશમાં કરોડો રૂપિયાના હાઈટેક સેટેલાઈટ્સ અને મોડર્ન ટેકનોલોજી હોવા છતાં અમદાવાદ હવામાન વિભાગ (IMD) અચૂક આગાહી કરવામાં ફરી એકવાર નિષ્ફળ નીવડ્યું છે. હવામાન વિભાગે અમદાવાદ માટે માત્ર 'હળવાથી મધ્યમ' વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી, પરંતુ આજે(18મી સપ્ટેમ્બર) વહેલી સવારથી જ શહેરમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને ધોધમાર વરસાદ વરસાવ્યો હતો.

હવામાન વિભાગના બુલેટિન અને કલાકે-કલાકે બદલાતા નાઉકાસ્ટ (Nowcast) મુજબ, અમદાવાદમાં માત્ર સામાન્ય છાંટા કે મધ્યમ વરસાદની જ ગણતરી હતી. પરંતુ સ્થિતિ તદ્દન ઉલટી જ જોવા મળી. સવારે 6:00 વાગ્યાથી બપોરે 1:00 વાગ્યા સુધીમાં શહેરના 42થી વધુ વિસ્તારોમાં સરેરાશ 2.88 ઈંચ વરસાદ ખાબકી ગયો હતો. તેમાં પણ સવારે 6:00થી 10:00 વાગ્યાના માત્ર 4 કલાકમાં જ 2.77 ઈંચ વરસાદ પડી જતાં માર્ગો પર પાણી ફરી વળ્યા હતા.

હવામાન વિભાગના કલાક-દર-કલાકના બુલેટિને તેમની જ કામગીરી સામે મોટા સવાલો ઊભા કર્યા છે. રાત્રે 1:00 અને 4:00 વાગ્યે અપાયેલા નાઉકાસ્ટમાં અમદાવાદમાં 'સામાન્ય' વરસાદની જ માહિતી અપાઈ. એટલું જ નહીં, જ્યારે સવારે 7:00 વાગ્યે અમદાવાદમાં મૂશળધાર વરસાદ ચાલુ હતો ત્યારે નાઉકાસ્ટમાં જણાવ્યું કે આગામી 3 કલાક 'મધ્યમ' વરસાદ રહેશે. અને સવારે 10:00 વાગ્યે જ્યારે વરસાદ વિરામ લઈ ચૂક્યો હતો ત્યારે હવામાન વિભાગે અચાનક 'ભારે વરસાદ'નું એલર્ટ જાહેર કર્યું!

આ અણઘડ આગાહીના કારણે સવારે સ્કૂલે જતાં માસુમ બાળકો, વાલીઓ અને ઓફિસે નીકળેલા નોકરીયાતો રસ્તા પર પાણી ભરાવાના કારણે કલાકો સુધી ભારે હાલાકીમાં મૂકાયા હતા.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્ર અને તેને અડીને આવેલા ઉત્તર-પૂર્વ અરબી સમુદ્ર પર બનેલા લો-પ્રેશર અને મોન્સૂન ટ્રફના કારણે રાજ્યમાં વરસાદી માહોલ છે. દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, જૂનાગઢ અને રાજકોટમાં ભારે વરસાદ માટે 'યલો એલર્ટ' અને દરિયાકાંઠે 30થી 40 km/h અને ગસ્ટી પવન 50 km/h સુધી ફૂંકાવાની શક્યતાને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

ચોમાસાની વર્તમાન પરિસ્થિતિ અંગે તેમણે ઉમેર્યું કે, 1 જૂનથી 17 સપ્ટેમ્બર સુધીમાં સમગ્ર ગુજરાતમાં સરેરાશ 24.09 ઈંચ વરસાદ નોંધાયો છે, જે સામાન્ય 26.38 ઈંચની સરખામણીએ 9% ઓછો છે. જોકે, ગુજરાત રીજનમાં 35.38 ઈંચ વરસાદ થયો છે, જે સામાન્ય 34.49 ઈંચ કરતાં 3% વધુ છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં 15.19 ઈંચ વરસાદ થયો છે, જે સામાન્ય 19.90 ઈંચની સામે 24% ઓછો નોંધાયો છે.

હવામાન વિભાગ જ્યારે આગાહી નથી કરતું ત્યારે ધોધમાર વરસાદ પડે છે અને તંત્ર આગોતરું આયોજન કરી શકતું નથી. કરોડોના ખર્ચે ચાલતી આ હાઈટેક સિસ્ટમ જો સચોટ માહિતી ન આપી શકે, તો અંતે તેનો માર સામાન્ય નાગરિકોએ જ ભોગવવો પડે છે.

નાના ચિલોડા નજીક ₹55 લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે બેંગલુરુનો યુવક ઝડપાયો

અમદાવાદ, તા.18



અમદાવાદના નાના ચિલોડા સર્કલ પાસે આવેલી ચામુંડા ટાયરની દુકાન સામે જાહેર રોડ પરથી નરોડા પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને કર્ણાટકના બેંગલુરુના 24 વર્ષીય યુવકની અટકાયત કરી છે. તેની પાસેથી 55.50 લાખની કિંમતનું 1.85 કિલોગ્રામ (1850 ગ્રામ) ગેરકાયદેસર મેફેડ્રોન (MD) ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. મળતી માહિતી અનુસાર, નરોડા પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે ગ્રે જીન્સ અને સફેદ શર્ટ પહેરેલો એક શખસ થેલામાં નશાકારક પદાર્થ લઈને નાના ચિલોડા સર્કલથી નાના ચિલોડા ચાર રસ્તા તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે બે નિષ્પક્ષ પંચોને સાથે રાખી ચામુંડા ટાયર સામે રોડ પર ગોઠવેલી વોચ દરમિયાન શંકાસ્પદ યુવકને ઘેરીને ઝડપી લીધો હતો. સ્થળ પર જ પ્રાથમિક કેમિકલ ટેસ્ટ કિટ વડે પરીક્ષણ કરતા સદર પદાર્થ 'મેફેડ્રોન' હોવાનું ખૂલ્યું હતું. ડિજિટલ કાંટાથી વજન કરતા બે પેકેટમાંથી કુલ 1850 ગ્રામ ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે ડ્રગ્સ અને અન્ય સામાન મળીને કુલ 55.56 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સમગ્ર કામગીરીનું 'ઈ-સાક્ષ્ય' (e-Sakshya) એપ્લિકેશન મારફતે વિડીયોગ્રાફી પણ કરવામાં આવી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ પોતાનું નામ નિખીલેશ અને પોતે બેંગલુરુનો નિવાસી હોવાનું જણાવ્યું છે. પોલીસ સમક્ષ કરાયેલી કબૂલાત મુજબ, બેંગલુરુમાં રહેતા 'ફેન્ક' નામના નાઈજિરિયન શખસે તેને નાણાકીય લાલચ આપીને એક ફેરાના 1 લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું હતું. ફેન્કના કહેવાથી તે ચંદીગઢ ગયો હતો, જ્યાં કાળી XUV 700 કારમાં આવેલા બે અજાણ્યા નાઈજિરિયનો પાસેથી તેણે મેફેડ્રોનનો આ જથ્થો મેળવ્યો હતો. આ જથ્થો લઈને તે બેંગલુરુ જઈ ફેન્કને સોંપે તે પહેલાં જ અમદાવાદમાં નરોડા પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


વાસણા બેરેજના જળસ્તરને લઈને રાજકીય ગરમાવો, કોંગ્રેસે તંત્રની કામગીરી સામે ઉઠાવ્યા સવાલ

ભારે વરસાદની આગાહી વચ્ચે બેરેજનું લેવલ 136.50 ફૂટ સુધી કેમ પહોંચાડાયું? નર્મદા કેનાલમાંથી સાબરમતીમાં પાણી છોડવાના નિર્ણય અંગે કોંગ્રેસે માગી સ્પષ્ટતા

અમદાવાદ, તા.18

અમદાવાદમાં ભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા હવે સાબરમતી નદીના જળસ્તર અને વાસણા બેરેજના સંચાલનને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભારે વરસાદ પહેલાં અને તે દરમિયાન વાસણા બેરેજમાં પાણીનું સ્તર કેટલું રાખવામાં આવ્યું હતું, નર્મદા કેનાલમાંથી સાબરમતી નદીમાં કેટલું પાણી છોડવામાં આવ્યું હતું અને વરસાદની આગાહી હોવા છતાં બેરેજનું લેવલ સમયસર ઘટાડવામાં આવ્યું હતું કે નહીં તેવા સવાલો હવે ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. ગુજરાત કોંગ્રેસે સમગ્ર મામલે તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવીને પાણીના સંચાલન અંગે જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ આક્ષેપ કર્યો છે કે ભારે વરસાદની આગાહી અગાઉથી કરવામાં આવી હોવા છતાં સાબરમતી નદીનું જળસ્તર ઘટાડવા માટે જરૂરી પગલાં સમયસર લેવામાં આવ્યા નહોતા. કોંગ્રેસના જણાવ્યા મુજબ, વાસણા બેરેજમાં પાણીનું લેવલ 136.50 ફૂટ સુધી પહોંચાડવામાં આવ્યું હતું. બીજી તરફ ભારે વરસાદની સ્થિતિમાં સાબરમતી નદીનું જળસ્તર 129 ફૂટથી વધુ ન વધે તે અંગે ચર્ચા કરવામાં આવતી હોય તો પછી બેરેજમાં આટલું ઊંચું જળસ્તર કેમ જાળવવામાં આવ્યું તે અંગે તંત્રએ સ્પષ્ટતા કરવી જોઈએ તેવી માંગ કોંગ્રેસે કરી છે.



કોંગ્રેસે એવો પણ આક્ષેપ કર્યો છે કે રાજ્યમાં એક તરફ પાણીની અછત અને પાણીના સંચાલન અંગે સતત ચર્ચા થતી હોવા છતાં નર્મદા કેનાલમાંથી સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું. કોંગ્રેસના પ્રવક્તાએ આક્ષેપ કર્યો કે એક ખાસ પ્રસંગને ધ્યાનમાં રાખીને સાબરમતી નદી બે કાંઠે છલોછલ દેખાય તે માટે પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. જોકે આ દાવા અંગે તંત્ર તરફથી સત્તાવાર સ્પષ્ટતા આવવાની બાકી છે. કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે કે જો ભારે વરસાદની આગાહી પહેલેથી જ હતી તો બેરેજમાં પાણીનો સંગ્રહ વધારવાની જરૂર શા માટે ઊભી કરવામાં આવી અને જો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પાણી છોડવાનું જ હતું તો વરસાદ પહેલાં જ તબક્કાવાર પાણી છોડીને બેરેજનું જળસ્તર કેમ ઘટાડવામાં આવ્યું નહીં?

કોંગ્રેસના આક્ષેપ મુજબ, ભારે વરસાદ દરમિયાન એક તરફ અમદાવાદ શહેરમાં વિવિધ વિસ્તારોમાંથી વરસાદી પાણીનો પ્રવાહ સાબરમતી તરફ આવતો રહ્યો હતો, જ્યારે બીજી તરફ વાસણા બેરેજમાંથી પણ પાણી છોડવાની સ્થિતિ ઊભી થઈ હતી. કોંગ્રેસનું કહેવું છે કે વરસાદી પાણી અને બેરેજમાંથી છોડવામાં આવતા પાણીના સંયુક્ત પ્રવાહને કારણે શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ વધુ ગંભીર બની હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસે આ સમગ્ર ઘટનામાં પાણીના સંચાલન અને પૂર્વ આયોજનની ભૂમિકા અંગે તપાસ કરવાની માંગ કરી છે.

મનીષ દોશીએ આક્ષેપ કરતાં જણાવ્યું કે ભારે વરસાદની આગાહી હોવા છતાં પાણીના જળસ્તરને લઈને જો સમયસર નિર્ણય લેવામાં આવ્યો હોત તો પાણીના પ્રવાહનું વ્યવસ્થિત સંચાલન કરી શકાયું હોત. કોંગ્રેસે સમગ્ર મામલાને અધિકારીઓના આયોજન અને નિર્ણય પ્રક્રિયા સાથે જોડીને જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. જોકે, પાણી ભરાવાની સ્થિતિ પાછળ માત્ર વાસણા બેરેજનું સંચાલન જ જવાબદાર હતું કે વરસાદનું પ્રમાણ, શહેરની ડ્રેનેજ વ્યવસ્થા, નદીના પ્રવાહ સહિત અન્ય પરિબળોની પણ ભૂમિકા હતી તે અંગે સત્તાવાર તપાસ અને તંત્રની સ્પષ્ટતા મહત્વપૂર્ણ બની રહેશે. કોંગ્રેસે નર્મદા ડેમ અને કેનાલમાંથી પાણી છોડવાના અગાઉના બનાવોનો ઉલ્લેખ કરીને પણ પાણીના સંચાલન અંગે સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસનું કહેવું છે કે જ્યારે કોઈ જળાશય કે બેરેજમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવે ત્યારે તેની અસર માત્ર શહેર પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ નીચાણવાળા વિસ્તારો, નદીકાંઠાના ગામો અને અન્ય વસાહતો પર પણ થઈ શકે છે. તેથી પાણી છોડતા પહેલાં નીચાણવાળા વિસ્તારોમાં તેની અસરનું મૂલ્યાંકન કરવું, સ્થાનિક તંત્રને અગાઉથી જાણ કરવી અને જરૂરી સાવચેતીના પગલાં લેવાનું આયોજન જરૂરી હોવાનો કોંગ્રેસે મત વ્યક્ત કર્યો છે.

વાસણા બેરેજમાંથી એકસાથે મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવે તો તેની અસર સાબરમતી નદીના downstream વિસ્તારમાં પણ થઈ શકે છે. આથી પાણી છોડવાનો નિર્ણય કયા સ્તરે લેવામાં આવ્યો, તે સમયે બેરેજમાં કેટલું પાણી હતું, સાબરમતી નદીનું જળસ્તર કેટલું હતું અને આગામી કલાકોમાં કેટલા પ્રમાણમાં વરસાદની આગાહી હતી તે તમામ બાબતો હવે તપાસના કેન્દ્રમાં છે. કોંગ્રેસે આ તમામ વિગતો જાહેર કરવાની માંગ કરી છે જેથી ભારે વરસાદ દરમિયાન પાણીના સંચાલન અંગે લેવામાં આવેલા નિર્ણયો અંગે સ્થિતિ સ્પષ્ટ થઈ શકે. આ સમગ્ર મામલે કોંગ્રેસ દ્વારા ખાસ કરીને ત્રણ મુદ્દા પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. ભારે વરસાદની આગાહી હોવા છતાં વાસણા બેરેજનું લેવલ 136.50 ફૂટ સુધી કેમ જાળવવામાં આવ્યું, નર્મદા કેનાલમાંથી સાબરમતી નદીમાં કેટલું પાણી છોડવામાં આવ્યું અને પાણી છોડવાનો નિર્ણય કયા અધિકારી અથવા વિભાગીય સ્તરે લેવામાં આવ્યો તે અંગે સ્પષ્ટ માહિતી જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.

ગોતામાં 'હ્યુમન રાઇટ્સ'ના નકલી હોદ્દેદારે કારથી 2 લોકોને કચડ્યા, બંનેના દર્દનાક મોત, આરોપીની ધરપકડ

અમદાવાદ, તા.18

અમદાવાદ શહેરના વિસ્તારમાં ફરી એકવાર બેફામ ઝડપે દોડતી કારે નિર્દોષ લોકોનો ભોગ લીધો છે. સોલા બ્રિજથી ગોતા તરફ જતા મુખ્ય માર્ગ પર ૧૭મી સપ્ટેમ્બર, ગુરૂવારની મોડી રાત્રે એક અત્યંત દર્દનાક અને ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં પૂરઝડપે અને બેદરકારીપૂર્વક આવી રહેલી કારના ચાલકે રસ્તો ઓળંગી રહેલા બે વ્યક્તિઓને જોરદાર અડફેટે લીધા હતા. આ ટક્કર એટલી ભયાનક અને ગંભીર હતી કે બંને વ્યક્તિઓ રણજીત અને બહાદુરને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ અરેરાટીભર્યું મોત નિપજ્યું હતું.

અકસ્માત સર્જાયા બાદ સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. અકસ્માત કર્યા બાદ પોતાની કાયદાકીય પકડમાંથી બચવા માટે કારચાલક જયદીપ દિનેશ કાબંડિયા (કામળિયા) પોતાની કાર ઘટનાસ્થળે જ બિનવારસી હાલતમાં છોડીને અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપીને ગુનો નોંધી આરોપીની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી હતી.



પોલીસે બિનવારસી છોડાયેલી કારની સઘન તપાસ હાથ ધરતા અનેક ચોંકાવનારી વિગતો સામે આવી હતી. કારની તપાસ દરમિયાન ડ્રાઈવર સીટની આગળ એક લાલ રંગનું બોર્ડ લગાવેલું મળી આવ્યું હતું, જેના પર માનવ અધિકાર આયોગનો સત્તાવાર લોગો તેમજ 'માનવાધિકાર' અને 'હ્યુમન રાઇટ્સ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા' લખેલું હતું. આ સાથે જ પોલીસને આરોપી જયદીપ પાસેથી 'હ્યુમન રાઇટ્સ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા'નું એક ફેક આઈકાર્ડ પણ મળી આવ્યું હતું. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે આ આઈકાર્ડ તેને ચિરાગભાઈ પટેલ નામના વ્યક્તિએ આપ્યું હતું.

પોલીસ દ્વારા કરવામાં આવેલી ઊંડાણપૂર્વકની તપાસમાં એ વાતનો ખુલાસો થયો છે કે આરોપી જયદીપ કે તેના પરિવારનો કોઈ પણ સભ્ય માનવ અધિકાર આયોગ અથવા તો કોઈ સત્તાવાર સરકારી વિભાગમાં કોઈ પણ પ્રકારની ફરજ બજાવતો નથી. કોઈપણ જાતનો સત્તાવાર હોદ્દો કે અધિકાર ન હોવા છતાં આરોપી સામાન્ય નાગરિકો તેમજ પોલીસને ગેરમાર્ગે દોરવા અને પોતે માનવ અધિકાર આયોગનો ઉચ્ચ અધિકારી છે તેવી ખોટી છાપ તથા માન્યતા ઊભી કરવાના ઈરાદાથી પોતાની ગાડી પર ગેરકાયદેસર રીતે બોર્ડ અને લોગો લગાવીને આ ફેક આઈકાર્ડનો ઉપયોગ કરતો હતો. આમ, બેફામ ગાડી ચલાવી બે માસૂમ લોકોના પ્રાણ લેવા ઉપરાંત, જે પદ પોતે ધરાવતો નથી તેનો ખોટો ઢોંગ કરવા, ગેરકાયદેસર રીતે સરકારી સંસ્થાના લોગો અને બોર્ડનો ઉપયોગ કરી સામાન્ય જનતા અને તંત્રને છેતરવા બદલ પોલીસે આરોપી જયદીપ સામે અકસ્માત તેમજ ગેરમાર્ગે દોરવાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તેની સામે કાયદાકીય સકંજો કસ્યો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર